કુમાર

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૯ મું * માર્ચ ૧૯૯૬

તંત્રી : ધીરુ પરીખ

સળંગ ૮૧૮ મો અંક



વૃષભ - ચિત્રકાર : શ્યાવક્ષ ચાવડા



માતૃત્વ : કવિ બોટાદકરે 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' એમ લખીને માનવ-માતાનો મહિમા કર્યો છે. પરન્તુ માતૃત્વ તો પશુ કે પંખીમાં પણ મૂળભૂત ભાવ છે. અહીં ચકલીને પોતાનાં શાવકોનાં મુખમાં ખવડાવતી ઝડપીને ફોટો-કલાકારે પણ એ જ માતૃત્વનો અનેરો મહિમા કર્યો છે. છબીની ડાબી બાજુનો ખૂણો ડાર્ક રાખી પંખીપાત્રોને કેમેરામાં કેન્દ્રિત કર્યાં છે. ચંચળ પંખીની જાતને છબીકારે પોતાના કસબથી કચકડામાં આબાદ રીતે ઝડપી લીધી છે ! (છબીકાર – વ્રજ મિસ્ત્રી)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૬૯મું | અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

માર્ચ ૧૯૯૬

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૧૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

❖ 'કુમાર' માટે વિવિધ યોજનાઓ ❖

'કુમાર'નું પ્રકાશન ૧૯૯૦માં ફરી શરૂ કર્યા પછી વાચકો અને 'કુમાર'ના ચાહકો તરફથી ભરપૂર સદ્ભાવ અને સહકાર મળતો રહ્યો છે. પરન્તુ 'કુમાર'ને જો આર્થિક રીતે પગભર કરવું હોય તો દસ હજાર ગ્રાહકો જરૂરી છે. આપ સહુના સદ્ભાવને આધારે આ વર્ષે દસ હજાર ગ્રાહક–સંખ્યા પૂરી કરવામાં આપના સહકાર માટે ટહેલ નાખીએ છીએ. આ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે કેટલીક યોજનાઓ રજૂ કરીએ છીએ :

૧. આપ જો 'કુમાર' એક વર્ષ માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાને ભેટ આપવા માગતા હો તો તમે જણાવશો તે વ્યક્તિ કે સંસ્થાને રૂ. ૯૦-૦૦માં વર્ષભર 'કુમાર' મોકલાતું રહેશે. આ સાથે ભેટ રૂપે એક ત્રિરંગી ચિત્ર પણ મોકલાશે. આપે માત્ર રૂ. ૯૦-૦૦નો મનિઑર્ડર અથવા 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.

૨. આપ જો ૧૦ વ્યક્તિ કે સંસ્થાઓને 'કુમાર' એક વર્ષ માટે ભેટ મોકલવા માગતા હો તો તેમનાં નામ-સરનામાં સાથે રૂ. ૮૫૦-૦૦ મનિઑર્ડર કે ડ્રાફ્ટથી મોકલી આપશો. એમને પણ ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

૩. શાળા-મહાશાળાના વિદ્યાર્થી જો એક વર્ષ 'કુમાર' મેળવવા માગતા હશે તો તેમને તે માત્ર રૂ. ૮૫-૦૦ માં જ મોકલાશે. વિદ્યાર્થીએ પોતાના લવાજમની રકમ સાથે પોતાના આચાર્યનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

૪. 'કુમાર'નું બે વર્ષનું લવાજમ રૂ. ૧૯૦, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૨૭૦ અને પાંચ વર્ષનું લવાજમ રૂ. ૪૫૦ રહેશે.

* જાન્યુઆરીનો અંક હવે સિલકમાં રહ્યો નથી. આથી નવા ગ્રાહકો હવે ફેબ્રુઆરી અંકથી અને તે ખલાસ થતાં માર્ચના અંકથી બાર માસ માટે નોંધવામાં આવશે તેની સહુ ગ્રાહકો અને એજન્ટોએ નોંધ લેવી.

'કુમાર'ના પ્રત્યેક ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવો અનુરોધ છે.

ગુણાંક મૂકવા ચૂક્યો !

(પૃથ્વી • સૉનેટ)

કિશોરી પછી એક ત્યાં હસતી મંચપે આવતી,
રજૂ કરવું ગીતને, સુગમસંગીતે - ઉત્સવે !
સુહાય તનુ કાય ને નમણી નાસિકા ભાસતી
લલાટ ચડિયાતું શી ચમક લોચનેથી સ્રવે !
સર્યો લઘુક ઓષ્ઠથી હૃદયતારના સ્પન્દશો
તદાસ્વર - જતો વીંધી વરસ કૈંકનો ફાસલો !
જરી નીરખતો ઝીણું દૂરથી પીઢ નિર્ણાયક
ગયો હલમલી ! અહો, સ્વરનું સામ્ય સંતર્પક !

જુએ : ઝૂલતી બંસરી યુવક કોઈ કેરા કરે ?
નમી યુવતી કોઈપે મરમી હાસ્ય શું એ વહે ?
નિનાદ તહીં બંસીનો સ્વરની સાથ કેવો ભળે !
વિલીન બધું ? બંસીપે કંઈક છેદ કાલાંતરે !
હટી તરુણી, મંચપે અવર આવિયો સ્પર્ધક,
ગુણાંક મૂકવા ચૂક્યો ! સજલનેત્ર નિર્ણાયક !

ભાનુપ્રસાદ પંડ્યા

મશ

(ગાન)

મશ આંજી'તી મશ!
ઇરખા કરી નીરખે મને વ્રજની દશેદશ

એટલે તો વંકાઈને ચાલ્યાં જમનાજીનાં જળ
ફૂલનાંયે મોં ઝંખવાયાં તે જાય ઊડી ઝાકળ
રીસમાં રાધા કદમ્બની ત્યાં લૈ ઊભી આડશ

કોઈકે લોચન ફેરવ્યાં : કીધાં કોઈકે વાંકાં વેણ
એવડી તે શી ભૂલ કે પવન લાવતો નથી ફૂહેણ ?
મારગે મળે કાન તો બધી વાત માંડીને કે'શ

પોપચે પ્હેરી પાંખ ને પછી પગમાં મૂકી ઠેક
ઊડતી મારા પંડ્યમાંથી કાં કોઈ અજાણી મ્હેક ?
આજ તો એવું થાય કે જાણે હુંય ના મને વશ
મશ આંજી'તી મશ!

મનોહર ત્રિવેદી

ગુણાંક મૂકવા ચૂક્યો • વર્તમાનમાં કોઈ કિશોરીને મંચ પર સ્પર્ધામાં સ્વર રેલાવતી નીરખતો નિર્ણાયક અતીતમાં ખોવાઈ જાય છે, અને પછી તેની સ્થિતિ કેવી થાય છે તે સ્વયં સ્પષ્ટ છે. **મશ** • કાજળ જેમ સૌન્દર્યપ્રસાધન છે તેમ તે દ્વારા પ્રેમઝંખના પણ અહીં વ્યંજિત છે. પ્રેમનો ઉછાળ એવો તો પ્રબળ બને છે કે અન્તે જતાં 'પોપચે પાંખ પહેરવાની' વાતમાં નાવીન્ય દ્વારા ચમત્કૃતિ સર્જાય છે અને જાણે નાયિકા પોતાના પરનો કાબૂ ગુમાવી બેસે છે એ ચરમ સીમા પર ઊર્મિક પૂરું થાય છે. **સગપણની મ્હેર** • પ્રકૃતિમાં પરિવર્તન આવે છે અને એ જાણે અણધાર્યો ભંગ વિસ્મય સર્જી રહે છે એવું અંતિમ અંતરામાં નિરૂપી કવિ આગળના અંતરાઓમાંનો કોઈ અજાણ્યા સગપણની મહેરનો અહોભાવ દૃઢાવી રહે છે. **દૂઈ અચ્છર** • પ્રેમના અઢી અક્ષર વિશે તો ખૂબ લખાયું છે. પણ જીવન જો રણને ભેટી જાય તો ? તો એને પણ સહજ પુરુષાર્થથી પાર કરવાની વાત ગીતને અન્તે મૂકી નિરાશામય વાતાવરણમાં આશાનો અંકુર ઉગાડી જાય છે.
- ધી.પ.

સગપણની મ્હેર

(ગાન)

કયા સગપણની મ્હેર ઝરમરી કયા સગપણની મ્હેર !
નયન નયનના ખૂણે તગી રહી ઝરમર મ્હેરની પેર !

કેમ અચાનક ગળું ગીતનું અવધ વચાળે મરડી નાખ્યું ?
ભરી સભાનું મૌન સજેલું અરધે અવસર ખરડી નાખ્યું !
સંગતની થપલી તૂટી, પણ તાલ તાલની ખેર !

ખળખળ વહેતા કેમ ઝરણની જાત અચાનક ઢોળી નાખી ?
માંડ માંડ એ માંડેલી મધરાત અચાનક ઢોળી નાખી !
સન્નાટાની કરચો જ્યાં ત્યાં અડકે છે ચોમેર.

ધવલ પુષ્પથી જ મધુમાધવી આમ વેગળી જાત કરે ના,
માધ-લતાને આમ નિરર્થક માર્ગશીર્ષની પાંખ ધરે ના;
અવધ-ભંગનું ભાગ્ય ખૂલતાં ઉજાશ ઘેરેઘેરે !

મૌન બલોલી

દૂઈ અચ્છર

(ગાન)

ઢાઈ અચ્છર ડાલ કૂએં મેં દૂઈ અચ્છર પઢો
માનવા! રણમાં આગે બઢો.
જલન ઉરમાં ગઈ સમાઈ
પ્રેમ-અગન જ્યાં ગઈ વિલાઈ
પાગલપણ સાથેનું સગપણ
સમજ તૂટ્યું, જ્યાં ખૂટ્યું બળતણ

પથરાળા પહાડોને છોડી ઢલ રેતીનાં ચઢો
નવા! રણમાં આગે બઢો.
સમજ ગઈ સમજાઈ ગાંડી
અમથી કાં મેં નિજને ભાંડી
લાજ-રજાઈ દેહ લપેટી
પ્રેમ-ચુનરિયા મેં સંતાડી
ચુનરી છઆંડી, શબદદેહને દૂઈ અચ્છરથી મઢો
મનવા! રણમાં આગે બઢો.

શાસ્ત્રી જયેન્દ્ર દવે

વાચકો લખે છે

'કુમાર'માં હમણાં 'કાયમી કૅલેન્ડર' પ્રકટ થયેલું છે. આ કૃતિના C કોઠામાં જાન્યુઆરી તથા ફેબ્રુઆરી મહિના બે વાર લખેલા છે. અને તે અંગે સાથેના વિવરણમાં કોઈ સ્પષ્ટતા નથી. તેમાં માત્ર એટલું જ જણાવવાનું રહી ગયેલ છે કે જે વર્ષની બાબત હોય તે જો લીપ વર્ષ ન હોય તો C કોઠાના પહેલા સ્તંભમાં પ્રથમ દર્શાવેલ જાન્યુારી-ફેબ્રુઆરીનો ઉપયોગ કરવો અને જો લીપ વર્ષ હોય તો તેની નીચે દર્શાવેલ જાન્યુઆરી-ફેબ્રુઆરીનો ઉપયોગ કરવો. ગૂંચવણ નિવારવા આટલી સ્પષ્ટતાની જરૂર છે.

આ 'કાયમી' કૅલેન્ડર ખરેખર સરસ છે, પણ આવા કોઠા હાથવગા રાખવાને બદલે લીપ વર્ષ ઉપરથી તારીખ-વાર શોધવાની એક નવી રીત, વધારે સરળ અને કોઈ પણ જાતના ઉપકરણ વગર, ઉપયોગ કરી શકાય તેવી છે. તે આ પ્રમાણે છે, સાથે સાથે 'કુમાર'માં જે તારીખની ચકાસણી કરેલ છે તે જ તારીખ - ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે કયો વાર હતો તે ઉદાહરણ તરીકે લીધેલ છે.

જે વર્ષના જે મહિનાની તારીખનો વાર શોધવો હોય તે વર્ષ પછીના લીપ વર્ષના છેલ્લા બે આંકડાને સવા વડે ગુણીને એક ઉમેરવો. (આપણા દાખલામાં ૧૯૪૭ના છેલ્લા બે આંકડા ૪૭ પછીનું લીપ વર્ષ ૪૮ આવે, તેને સવા ગુણી એક ઉમેરતાં ૬૧ થાય) આ રીતે જે સંખ્યા આવે તેને ૭ વડે ભાગી શેષ કાઢવી. (આપણા દાખલામાં ૬૧ ને ૭ વડે ભાગતાં પાંચ શેષ આવે) શેષમાંથી જે તે વર્ષ અને લીપ વર્ષ વચ્ચેનો તફાવત બાદ કરવો. (આપણા દાખલામાં ૪૭ અને ૪૮ વચ્ચેના તફાવત ૧ને પમાંથી બાદ કરતાં ૪ આવે) તેમાં તારીખ ઉમેરવી. (૪ + ૧૫ = ૧૯). તેમાં માસાંક ઉમેરવો. માસાંકનો કોઠો નીચે આપેલ છે. તે પ્રમાણે ઑગસ્ટનો માસાંક ૧ છે (તેથી ૧૯ + ૧ = ૨૦) આ સંખ્યાને ૭ વડે ભાગતાં ૧ શેષ આવે તો રવિવાર, ૨ શેષ આવે તો સોમવાર (વગેરે) નીચે માસાંકના કોઠામાં દર્શાવેલ છે તે પ્રમાણે ૭ કે ૦ શેષ આવે તો શનિવાર નક્કી થાય. (૨૦ ને ૭ વડે ભાગતાં ૬ શેષ આવે એટલે ૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે શુક્રવાર આ રીતથી આવ્યો).

માસાંકનો કોઠો

૧. માસાંક રવિવારનું જૂથ ———— ઑગસ્ટ
૨. માસાંક સોમવારનું જૂથ ———— ફેબ્રુ., માર્ચ, નવેમ્બર
૩. માસાંક મંગળવારનું જૂથ ———— જૂન
૪. માસાંક બુધવારનું જૂથ ———— સપ્ટેમ્બર, ડિસેમ્બર
૫. માસાંક ગુરુવારનું જૂથ ———— એપ્રિલ, જુલાઈ
૬. માસાંક શુક્રવારનું જૂથ ———— જાન્યુઆરી, ઑક્ટોબર
૭. અથવા ૦ માસાંક શનિવારનું જૂથ ——— મે

ઉપરની રીતમાં પણ માસાંકનો એક કોઠો તો હાથવગો હોય તો જ જે તે તારીખનો વાર શોધી શકાય. એ માટે સરળતાથી યાદ રહી જાય તેવી વાક્યરચના કરેલ છે. નીચે મેં અંગ્રેજીમાં ત્રણ પંક્તિઓ બનાવેલ છે, આ પંક્તિઓમાં કુલ ૧૨ શબ્દો છે, તેને ક્રમ પ્રમાણે ૧૨ મહિનાઓ સમજવા, અને દરેક ક્રમના મહિનાના શબ્દમાં જેટલા અક્ષરો આવે તેને માસાંક ગણવો. આ પંક્તિઓ નીચે પ્રમાણે છે :

Should we be quick ?
because one apple a week,
drives me sick !

આ પંક્તિઓ ઉપરથી ઑગસ્ટનો માસાંક શોધવો હોય તો ૮મો મહિનો ઑગસ્ટનો ૮મો શબ્દ 'a' છે જેમાં ૧ અક્ષર છે તેથી ઑગસ્ટનો માસાંક ૧ છે.

'કુમાર'માં આપેલ કૅલેન્ડર હજારો વર્ષ સુધી ચાલે તેવું છે જ્યારે શક્ય છે કે લીપ વર્ષની ઉપરની આ રીત માત્ર એક શતાબ્દી ચાલે કારણ કે દર ૪ વર્ષે લીપ વર્ષ આવે છે પણ દર ૧૦૦ વર્ષે આવતું પૂર્ણ શતાંક્વાળું વર્ષ લીપ વર્ષ હોતું નથી.

*

'કુમાર'ના ૮૧૭મા અંકના પા. ૭૧ ઉપર વિધાન છે કે "વર્સેલ્સની સંધિથી જર્મનીનું વિભાજન થયું." આ વિધાન સાચું નથી. પ્રથમ વિશ્વ-વિગ્રહના અંતે જર્મની હાર્યું અને લીગ ઑફ નેશન્સની સ્થાપના થઈ. તે વખતે વર્સેલ્સની સંધિ થઈ પણ તેમાં જર્મનીના ભાગલા પાડવાનો કોઈ નિર્ણય નહોતો. જર્મનીમાં વહેતી ર્હાઈન નદીના પશ્ચિમ કાંઠાના પ્રદેશ ઉપરથી જર્મની ફ્રાંસને વારંવાર ડરાવતું રહેતું હતું અને યુદ્ધમાં ઘસડી જતું હતું. તેથી વર્સેલ્સની સંધિથી ર્હાઈન નદીનો પશ્ચિમ કાંઠાનો આ જિલ્લો (ર્હાઈનલૅન્ડ) બાકીના જર્મનીથી અલગ પાડી, લીગ ઑફ નેશન્સના તટસ્થ વહીવટ નીચે મૂકવામાં આવ્યો અને તે પ્રદેશનું નિશસ્ત્રીકરણ કરવામાં આવ્યું. આ કાંઈ જર્મનીના ભાગલા કહી શકાય નહિ. હિટલરે ધીરે ધીરે કરીને, ૧૯૩૭ સુધીમાં આ ઇલાકાને પાછો જર્મનીના આધિપત્ય નીચે જોડી દીધો અને શાંતિ રાખવાના આશય અને ઓઠા નીચે ઇંગ્લન્ડ, અમેરિકા અને ફ્રાંસે હિટલરની આ ગુસ્તાખીને નિભાવી લીધી અથવા નમી પડ્યા. ર્હાઈન-લૅન્ડના મુદ્દા ઉપર જર્મનીમાં હિટલરની લોકપ્રિયતા વધી ગઈ.

જર્મનીના (અને બર્લિનના પણ) ખરા ભાગલા તો બીજા વિશ્વયુદ્ધને અંતે પડ્યા. જર્મનીના ભૌગોલિક રીતે બે ઊભા ભાગ કરી, પૂર્વ તરફનું જર્મની રશિયાના આધિપત્ય નીચે મૂકવામાં આવ્યું અને પશ્ચિમ તરફના જર્મનીના બીજા ત્રણ ભાગ કરીને અનુક્રમે અમેરિકા, બ્રિટન અને ફ્રાંસના આધિપત્ય નીચે મૂકવામાં આવ્યા. (Source : 'Second World War' by Winston Churchill) આમાં બર્લિન શહેર ભૌગોલિક રીતે પૂર્વ જર્મનીમાં આવ્યું એટલે તેના પણ બે ભાગ કરવામાં આવ્યા જેનો પૂર્વ ભાગ રશિયાના અને પશ્ચિમ ભાગ, પશ્ચિમી દેશોના આધિપત્ય નીચે મૂકવામાં આવ્યો. બે બર્લિન વચ્ચે લાંબી, જાડી દીવાલ બાંધવામાં આવી અને તે રીતે શહેરના ભાગલા જડબેસલાક બનાવવામાં આવ્યા. જર્મનીના અને બર્લિનના આ કૃત્રિમ ભાગલા અંતે હમણાં ૩-૪ વર્ષો પહેલાં ખતમ થયા.

આ જ અંકના પા. ૬૨ ઉપર વિધાન છે કે, હિટલરે ત્રણ વર્ષમાં સાડા પાંચ હજાર યહૂદીઓને ગૅસ ચૅમ્બરમાં ગૂંગળાવીને માર્યા. આ આંકડો સાચો હોત તો કેટલું સારું હતું ! દુષ્ટ હિટલરે સાડા પાંચ હજાર નહિ પણ સાડા પાંચ મિલિયન (૫૫ લાખ)થી પણ વધારે યહૂદીઓનું આ સમયગાળામાં નિકંદન કાઢી નાખ્યું હતું. યહૂદીઓની આ કત્લેઆમની કરપીણ કથાઓ આજે પણ કમકમાં ઉપજાવનારી છે. - નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

*

'કુમાર'ના સળંગ ૮૧૭ અને ફેબ્રુ.-'૯૬ના અંકમાં મુખપૃષ્ઠથી અંતિમ પૃષ્ઠ સુધી 'કુમાર'ની ખુમારી અકબંધ રહી. પુનઃજન્મ પામેલ આ સંસ્કારધનની જાળવણી થાય, નવા ગ્રાહકો દ્વારા આર્થિક ઑક્સિજન પ્રાપ્ત થાય તો ખૂબ ગમે.

કાવ્યો, વાર્તા, લેખો અને જીવનચરિત્ર સમેત 'કુમાર'ની રંગોળી સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ, કલા વગેરેનાં વિવિધ ક્ષેત્રોની યાત્રા કરાવી ગઈ. 'કુમાર' અમર રહો તે માટે આ શુભેચ્છા.

'કુમાર'નું અખંડ એવાતણ રહો, ગુજરાતનું સંસ્કાર-ધન અવિચળ રહો. - ડૉ. મહેશ એમ. ત્રિવેદી (અમદાવાદ)



ભારતમાં જન્મી ન્યૂઝીલૅન્ડની ક્રિકેટ ટીમમાં
કાંડાની કરામતથી નામ કાઢનાર ગુજરાતી

દીપક પટેલ

—મન્સુ પટેલ—

૧૯૯૨માં ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડના સહિયારા પ્રયત્નોથી ઈન્ટરનૅશનલ વનડે વર્લ્ડકપ ટૂર્નમેન્ટ યોજવામાં આવી હતી. આ ટૂર્નમેન્ટમાં ન્યૂઝીલૅન્ડના કપ્તાન માર્ટિન ક્રોવે મૅચની આગલી સાંજે ઑફ સ્પિનર દીપક પટેલને કહ્યું : 'આવતી કાલે તારે નવા બૉલથી સ્લો બૉલિંગ કરવાની છે...' એમ જ કર્યું, અને દીપકે ૧૦ ઓવર પૂરી કરી ત્યારે ૨૬ રન આપીને બોર્ડર અને બૂનની બે ધરખમ વિકેટો ઉપાડી લીધી હતી. જોનારા સૌ ચકિત થઈ ગયા. દીપકની આ સિદ્ધિ આન્તરરાષ્ટ્રિય ક્રિકેટના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

આ ટૂર્નમેન્ટમાં ન્યૂઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ભારત, પાકિસ્તાન અને વેસ્ટ ઇન્ડિઝ જેવી ધરખમ ટીમોની સાથોસાથ દક્ષિણ આફ્રિકાની ટીમ પણ પ્રથમ વાર જ રમવાની હતી. એટલે આખા જગતનું ધ્યાન આ ટૂર્નમેન્ટ તરફ હતું.

આમ તો ન્યૂઝીલૅન્ડ બહુ નાનકડો દેશ છે, વેંત આકારનો. વસતી માંડ સાડા ત્રણ કરોડ. ગુજરાતની વસતી ચાર કરોડ. ઑસ્ટ્રેલિયાની વસતી છ કરોડ.

ન્યૂઝીલૅન્ડની રાષ્ટ્રિય રમત આમ તો રગ્બી છે. ન્યૂઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે આ રગ્બીમૅચ રમાતી હોય ત્યારે સ્ટેડિઅમમાં ઊભા રહેવાની પણ જગ્યા ન મળે. આખો દેશ એકચિત્તે આ રમત નિહાળે. પણ ઑસ્ટ્રેલિયાના કેરી પૅકરને ધન્યવાદ આપવા જોઈએ કે એણે આ વનડે ક્રિકેટનું ઘેલું લગાડ્યું ત્યારથી લોકો રગ્બીની જેમ ક્રિકેટમાં પણ એટલો જ રસ લેવા લાગ્યા.

પ્રથમ મૅચ ન્યૂઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ન્યૂઝીલૅન્ડના ઇડનપાર્ક સ્ટેડિઅમ પર રમાવાની હતી. આખું મેદાન ખીચોખીચ ભરેલું હતું.

ન્યૂઝીલૅન્ડના ૧૫ ખેલાડીઓની યાદીમાં દીપક પટેલનું નામ પણ હતું. પણ એને પોતાને પણ ખબર નહોતી કે ટીમમાં એનો સમાવેશ થશે જ. સામાન્ય રીતે મર્યાદિત ઓવરોની આવી મૅચોમાં ઝડપી બોલરને વધુ અજમાવવામાં આવે છે. પણ મૅચની આગલી સાંજે ટીમના મૅનેજર વોરન લીઝે અને કપ્તાન માર્ટિન ક્રોવે એને બોલાવીને કહ્યું કે, 'તારે આવતી કાલે નવા બૉલથી ઉદ્‌ઘાટન કરવાનું છે.' ત્યારે ઘડીક તો દીપકથી પણ 'હેં' એમ થઈ ગયું! વિશ્વાસ જ ન બેઠો. નવા ચળકતા બૉલથી સ્લો બૉલિંગ ભાગ્યે જ થાય. થાય તોયે બૉલ સ્પિન ઓછો થાય. સફળતા મળે તો મળે. પૂરું જોખમ. પણ ક્રોવે એ જોખમ ખેડવાનો જુગાર ખેલ્યો. તેમાં એણે દીપકને સાથે લીધો.

ઘણું કરીને ઓપનિંગમાં આવેલ બૅટ્સમૅન માનસિક રીતે ફાસ્ટ બૉલિંગ અને સ્વિંગ બૉલિંગનો સામનો કરવા ટેવાયેલો હોય છે. તેની સજ્જતા પણ તે પ્રકારની જ હોય છે. તેથી સ્લો સ્પિનર્સનો સામનો કરાવી તેને ગૂંચવવાનો એક અભિનવ પ્રયોગ કરી લેવાનો સંકલ્પ કપ્તાને કર્યો હતો. આ નવતર પ્રયોગ કેવો નીવડશે તેની દહેશત હતી; પણ પોતાના સાથીદારની ચકોર નજર પર ક્રોવને સંપૂર્ણ ભરોસો હતો.

ન્યૂઝીલૅન્ડની ટીમમાં દીપક પટેલ એક જવાબદાર, સમજદાર અને મહેનતકશ ખેલાડી છે. આ નવતર પ્રયોગ માટે એણે તૈયારી બતાવી. કપ્તાને પોતાની ઉપર મૂકેલો વિશ્વાસ એળે ન જાય તે માટે એણે રાત્રે નવા બૉલથી સ્પિન કરવાની પ્રૅક્ટિસ પણ કરી લીધી. સવારે મૅચ શરૂ થઈ.

પ્રથમ ઓવર ફાસ્ટ બોલરને આપવામાં આવી. બીજી ઓવર ઑફ સ્પિનર દીપક પટેલને આપવામાં આવી. જોનારા સૌ સ્તબ્ધ થઈ ગયા. કોમેન્ટરી આપનારા પણ અવાક્ થઈ ગયા. આખું સ્ટેડિઅમ કુતૂહલથી જોવા લાગ્યું.

નિયમ પ્રમાણે અંદરના સર્કલ સિવાય બહાર માત્ર બે જ ખેલાડીઓને ૧૫ ઓવર સુધી રખાય. દીપકે ખૂબ જ ગણતરીપૂર્વક બૅટ્સમૅનની એકદમ નજીક ફીલ્ડિંગ ગોઠવી ને નવા બૉલથી શરૂઆત કરી. ખૂબ જ સાવધાનીથી સંયમપૂર્વક ઓવર પૂરી કરી. આ રીતે પોતાને ભાગે આવેલી ૧૦ ઓવર પૂરી કરી ત્યારે એણે ૨૬ રન આપીને ઑસ્ટ્રેલિયાની કરોડરજ્જૂ સમાન બે ધરખમ વિકેટો (બોર્ડર અને બૂનની) ઝડપી લીધી હતી. જોનારા સૌ ચકિત થઈ ગયા. અત્યાર સુધીમાં રમાયેલ એક દિવસીય આન્તરરાષ્ટ્રિય મર્યાદિત ઓવરોની મૅચોનો આ અનોખો બનાવ હતો. દુનિયાના તમામ દેશોના પ્રેક્ષકોએ, ખેલાડીઓએ, ટી.વી.ના પડદા પર આ અદ્વિતીય અભિનવ પ્રયોગ જોયો, ને દીપકના કાંડાની કરામતનાં મુક્તકંઠે વખાણ કરવા લાગ્યા. દીપક ત્યારથી આન્તરરાષ્ટ્રિય ક્રિકેટ-જગતમાં મહાન ઑફ સ્પિનર તરીકે સૌની નજરમાં વસી ગયા.

તેમના રંગીન ડ્રેસ પર Dipak Patel લખાયેલું જોઈને આપણી છાતી ગજગજ ફૂલે. તેની ચપળતા જોઈને એમ થાય કે આ પટેલ ભાયડો રમે છે ન્યૂઝીલૅન્ડ તરફથી, પણ છે તો અસ્સલ ગુજરાતી જ. એનાં ખમીર અને ખુમારી જોઈને ગાવાનું મન થઈ જાય – 'અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ...'.

દીપક પટેલનું મૂળ વતન નવસારી પાસેનું ગાંધીએ જગપ્રસિદ્ધ કરેલું દાંડી. આ વિસ્તારના લોકો અતિ મહેનતુ, સાહસિક ને સફરી. દેશદેશાવરનાં ખેડનારાં. દીપકના વડવાઓ પણ વરસો પહેલાં એ રીતે જ નસીબ અજમાવવા અફ્રિકા ગયેલા ને કેન્યામાં સ્થિર થયેલા.

દીપકના પિતા નરસિંહભાઈ પરભુભાઈ પટેલ. માતા લક્ષ્મીબહેન. બન્ને ધાર્મિક પ્રકૃતિનાં. સરળ અને સાલસ. ખપ પૂરતું ભણ્યાં. ૧૯૪૬માં સ્ટીમર દ્વારા કેન્યા ગયેલાં. નરસિંહભાઈના પિતા ત્યાં હતા, તેથી ત્યાં જ સ્થિર થયા. તે વખતે કેન્યાની સ્થિતિ ઘણી ડામાડોળ, ઘણી વિકટ. ભારતની જેમ કેન્યાને પણ ગુલામીમાંથી છૂટવા તપ કરવાનું હતું. પણ દેશ અતિ સમૃદ્ધ.


નરસિંહભાઈને ચાર ભાઈઓ. તેમાં બે સારા ક્રિકેટરો. રણછોડભાઈ સારા બૅટ્સમૅન ને ફાસ્ટ બોલર; વલ્લભભાઈ સારા સ્પિનર. બંને કેન્યાની રાષ્ટ્રિય ટીમમાં સ્થાન પામી ચૂકેલા. નરસિંહભાઈ પણ સરસ રમતા. આમ, ક્રિકેટનું વાતાવરણ દીપકને ગળથૂંથીમાંથી મળેલું.

દીપકને બે ભાઈઓ – બિપિન અને કૌશિક. બિપિન સારો ક્રિકેટર ને હોકી-પ્લેયર. શાળામાંથી જ ૧૫ વર્ષની નીચેના ખેલાડીઓની કાઉન્ટીમાં રમતો. કૌશિક પ્રોફેશનલ ક્રિકેટ કોચ તરીકેનું સર્ટિફિકેટ મેળવી નવા નવા ઊગતા ખેલાડીઓને તાલીમ આપે પણ ગોરા લોકોના માનસમાંથી ચામડીના ચડિયાતાપણાનો નશો હજુ ભૂંસાયો નહોતો તેનો અનુભવ આ બંને ભાઈઓને વારંવાર થતો. તેથી બંનેએ ક્રિકેટને સલામ કરી દીધી.

દીપક જુદી જ માટીનો બનેલો હતો. આફ્રિકાના કેન્યામાં એનો જન્મ થયેલો, ૧૯૫૮ના સપ્ટેમ્બરની ૨૫મી તારીખે. પ્રાથમિક શિક્ષણ કેન્યામાં જ લીધેલું. પણ કેન્યાની રાજકીય સ્થિતિ અસ્થિર હોવાને કારણે કુટુંબે ઇંગ્લન્ડ જવાનો વિચાર કર્યો. એટલે ૮-૯ વર્ષની ઉંમરે દીપકને પણ ઇંગ્લન્ડના વેસ્ટ બ્રોમવિચમાં આવીને રહેવાનું થયું.

આ દેશાન્તર દીપકને માટે શુકનવંતું નીવડ્યું. અહીં તેમને સારી સ્કૂલ મળી, સારા શિક્ષકો મળ્યા, સારું વાતાવરણ મળ્યું. એટલે શાળાજીવન દરમિયાન જ તેમની શક્તિને – આવડતને ખીલવવાની સુંદર તકો મળી. શાળામાંથી જ સરસ રમવા માંડ્યું. ૧૦ વર્ષની વયે તો સ્કૂલ કાઉન્ટીમાં તેની પસંદગી થઈ. હરીફ ટીમની એક દાવની દશેદશ વિકેટો લઈને તેણે તરખાટ મચાવેલો. તેમના કોચ હતા ડગ સ્લેન (Doag Slan).

વેસ્ટ બ્રોમવિચના પસંદગીકારોએ એને talent spotted કહીને બિરદાવ્યો હતો. અહીં તે જૂનિયર કક્ષાની ડાર્કઆઉથ ક્રિકેટ ક્લબમાં જોડાયો. અહીં તેને ડંકન કર્નલી, ડૅવિડ હેમ્શાયર અને રોમ હેડલી જેવા ખ્યાતનામ શિક્ષકો મળ્યા જેમણે તેને ક્રિકેટની રમતની ટૅક્નિક, તેનું શાસ્ત્ર, તેની આંટીઘૂંટી, તેની કરામતો શીખવી. આવા ખાનગી શિક્ષકો અઠવાડિયામાં બે વાર તેને તાલીમ આપવા આવતા. પોતાનાં ખંત, મહેનત અને ધગશથી આ તકનો એમણે બરાબર ઉપયોગ કર્યો. પરિણામે શાળાની ટીમમાં એની પસંદગી થઈ. પોતાની શાળાની ટીમ તરફથી પબ્લિક સ્કૂલ સામે રમવા લાગ્યો. રમનારાઓમાં ટીમ રોબીન્શન અને બિલ એથે જેવા ખેલાડીઓ પણ હતા, જેમણે પછીથી ઇંગ્લન્ડનું નામ રોશન કર્યું.



૧૯૭૦માં ૧૨ વર્ષની વયે સિલેક્શન ટ્રાયલમાં ગયાં ત્યારે પસંદગી-કારોએ તેમને માત્ર ત્રણ જ દડા રમવાની તક આપી. તેના પિતાશ્રી સાથે હતા, તેમને આંચકો લાગ્યો. પસંદગી-કારોને પૂછ્યું, 'તમે

આવું કેમ કર્યું ?' ત્યારે જેમણે દીપકની ટ્રાયલ લીધી હતી તે અંગ્રેજ પસંદગીકારે હસતાં હસતાં કહ્યું : 'દીપક પટેલ જે રીતે ઊભો હતો, જે રીતે તેણે બૅટ પકડ્યું હતું અને જે અદાથી એ ત્રણ બૉલ રમ્યો તે જોઈને મને ખાતરી થઈ ગઈ કે તે એક નેચરલ ખેલાડી છે. સિલેક્શનમાં આવેલા તમામ ખેલાડીઓમાં તે શ્રેષ્ઠ છે. તેને પસંદ કરતાં મને ઘણો આનંદ થાય છે.'

પછી તો તે સિદ્ધિનાં સોપાનો સર કરવા લાગ્યો. અન્ડર ૧૫, અન્ડર ૧૯માં સરળતાથી પસંદગી પામતો ગયો એટલું જ નહિ, માત્ર ૧૭ વર્ષની ઉંમરે અન્ડર ૧૯માં વારસો કાઉન્ટી ક્રિકેટ ટીમ તરફથી ઑક્સફર્ડ યુનિવર્સિટી સામે રમતાં તેણે જિંદગીની પ્રથમ સદી ફટકારેલી. આ વખતે તેના કોચ તરીકે દક્ષિણ આફ્રિકાના ડોલીવીર હતા. પછી તો તેને કાઉન્ટીઓ તરફથી રમવા માટે ઉપરાઉપરી નિમંત્રણો મળવા લાગ્યાં.

૧૯૭૫માં દીપકે વોરસેસ્ટરશાયર (Worcestershire) કાઉન્ટીમાંથી રમવાની શરૂઆત કરી. આ કાઉન્ટીમાં ડોલી વીએરા, ગ્લેન ટર્નર, ઇમરાનખાન અને કપિલ દેવ જેવા વિશ્વવિખ્યાત ખેલાડીઓ પણ રમતા હતા. તેમની સાથે દીપક પણ રમવા લાગ્યો. અહીં તેને ક્રિકેટ રમવાની તાલીમ તો મળી જ, સાથોસાથ ઉત્તમ કક્ષાના ખેલાડીઓના સંપર્કમાં આવવાનું પણ બન્યું. રમતની તેની ટેક્નિક, તેની વિવિધતા, તેની વિશેષતા, પણ જોવા - જાણવા મળી. આ અનુભવભાથું પછીથી ખૂબ ઉપયોગી પણ થયું.

ક્રિકેટની ઘણી સીઝનમાં તેણે ૧૦૦૦ રન અને ૧૦૦ વિકેટો ઝડપવાની સિદ્ધિ પણ મેળવી. ઇંગ્લંડની તમામ કાઉન્ટીઓ સામે સદી નોંધાવવાનો રેકોર્ડ પણ સ્થાપ્યો. લૅંકેશાયર કાઉન્ટી સામે ૭ વિકેટ લેવાનો તેનો રેકોર્ડ છે.

૧૯૮૧માં વોરવિકશાયરની કાઉન્ટી મેચમાં ૩૪૭ રન કરવાના આવ્યા. ઓવરના લગભગ છ રન થાય, તે રીતે રમે તો જ આટલા રન થઈ શકે. ગ્લેન ટર્નર અને દીપક પટેલની જોડી મેદાનમાં ઊતરી. બંનેએ પૂરા આત્મવિશ્વાસથી ધુઆંધાર બૅટિંગ શરૂ કરી. ૧૧૦ મિનિટમાં ૨૯૦ રનનો જંગી જુમલો ખડકી દીધો, જેમાં દીપક પટેલના ૩ છગ્ગા અને ૯ ચોગ્ગા સાથે ૧૩૮ રન હતા. આવી રીતે એક સીઝનમાં હજાર રન કરવાની સિદ્ધિ એણે ચાર વખત મેળવી હતી.

કાઉન્ટીમાંનો દીપક પટેલનો દેખાવ એટલો બધો આકર્ષક અને ઉત્કૃષ્ટ હતો કે સૌને એમ હતું કે હવે એને ટેસ્ટપ્રવેશ મળશે જ. ઇંગ્લન્ડના ટી.વી. સમાચારોમાં પણ તેને વિશે ઘણી શક્યતાઓ બતાવવામાં આવતી હતી. ઇંગ્લન્ડના સીનિઅર ખેલાડીઓની પણ એવી માગણી હતી કે દીપક પટેલને ટેસ્ટટીમમાં લેવો જ જોઈએ અને વેસ્ટ ઇન્ડિઝની ટીમ સામે રમાડવો જ જોઈએ. પણ બનતું આવ્યું છે તેમ તેની ઉપેક્ષા જ કરવામાં આવી. આવો સુંદર દેખાવ જો કોઈ અંગ્રેજે કર્યો હોત તો ટેસ્ટટીમમાં તેને ચોક્કસ સ્થાન મળ્યું જ હોત. પણ આ તો 'બ્લેક' ! એક 'બ્લેક'ને, મૂળ ભારતીયને, આવું બહુમાન મળે તે શ્વેત પસંદગીકારોને સહન કેમ થાય? ટેસ્ટટીમમાં તેનો સમાવેશ ન જ થયો. ઇંગ્લન્ડના પસંદગીકારો રંગભેદી માનસ દીપક પટેલ જેવા હોનહાર ક્રિકેટરની કારકિર્દી સાથે ચેડાં કરતું હતું. દીપકને એનો ખ્યાલ આવી ગયો, પણ એ હતાશ ન થયો. અર્નેસ્ટ હેમિંગ્વે વાર્તામાં આવે છે ને, માણસને મારી શકાય ! એનો નાશ કરી શકાય, પણ એને હરાવી ન શકાય. તેમ હાર ન સ્વીકારવાનો એણે દૃઢ નિર્ધાર કર્યો. અંગત વાતચીતમાં એણે કહ્યું પણ ખરું 'પછી તો મેં નક્કી જ કર્યું, ટેસ્ટટીમમાં મારે રમવું જ છે.'

કબીરસાહેબે કહ્યું છે 'શૂર સંગ્રામ કો દેખ ભાગે નહીં, દેખ ભાગે સોઈ શૂર નાહીં.'

આ અંગે દીપકના પિતાશ્રીને અમે પૂછ્યું ત્યારે કોઈની ટીકા કરવાને બદલે એક માર્મિક પ્રસંગ એમણે કહ્યો :

"અમે કેન્યામાં હતા ત્યારે મારા એક હબસી મિત્રે મને કહ્યું હતું કે 'મિ. પટેલ, કીલા કીટુ બદલીકા લેકિન ગોઝી અપાના બદલીકા.' તમે બધું જ બદલી શકશો પણ તમારી ચામડીનો રંગ નહિ બદલી શકો. એ તમને નડશે. તમારી ચાડી ખાશે. આ વાત સાચી પડી એનો રંજ છે."

૨૦-૨૨ વર્ષના યુવાન દીપક પટેલનો દેખાવ બધી રીતે સક્ષમ હોવા છતાં 'બ્લેક' હોવાને કારણે જ તેનો સમાવેશ ટીમમાં ન થયો તેનો વસવસો સૌને રહી ગયો.

પણ કર્ણના સંદર્ભમાં ઉમાશંકર જોશીએ કહ્યું છે તેમ, 'પ્રકાશ તે ઓછો જ કદી ક્યાંય ઢાંક્યો જ રહેશે?'

ઇંગ્લન્ડની કાઉન્ટીમાંનો દીપકનો ઑલરાઉન્ડર તરીકેનો દેખાવ આકર્ષક અને અદ્ભુત હતો, જેની નોંધ 'વિઝડન' (wisden) નામના સામયિકે લીધી. દુનિયાના જે તે વર્ષના શ્રેષ્ઠ ક્રિકેટરનું નામ 'વિઝડન'માં આવે છે. 'વિઝડન'માં જેનું નામ આવે તેને સમગ્ર ક્રિકેટઆલમમાં ભારે નામના મળે. ૧૯૮૨-૮૩ના 'વિઝડન'માં નવાબ ઑફ પટૌડી પછી આપણા દીપક પટેલનું નામ છપાયું છે. નવાબ ઑફ પટૌડી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા અને ખૂબ નાની ઉંમરે તે ભારતીય ટીમના કપ્તાન બન્યા હતા.

પછી તો ઇંગ્લન્ડમાં ક્રિકેટની સીઝન પૂરી થાય ત્યારે દીપક ન્યૂઝીલૅન્ડના ઓકલૅન્ડ શહેરમાં બર્કનહેડ ક્લબમાં રમવા જવા લાગ્યો. બર્કનહેડ ક્લબ સાથે સંબંધ સ્થાપિત થતાં તેની રમતને નવી દિશા મળી, ગતિ મળી. આ ક્લબે તેને ખૂબ જ માનપાન આપ્યાં. ઠાઠથી સાચવ્યો. આ ક્લબે દીપકના તમામ રેકૉર્ડ ખૂબ જ કાળજીથી સાચવી રાખ્યા છે. તેમણે કરેલા રન અને લીધેલી વિકેટોની વ્યવસ્થિત નોંધ ત્યાં આજે પણ જોવા મળે છે.

૧૯૯૦ની મધ્યમાં કેન્ટરબરી કાઉન્ટી સામે રમતા દીપકે

ડબલ સેંચુરિ (૨૧૪ રન) ફટકારી ત્યારે ઇંગ્લિશ પસંદગીકારોને ફરજ પડી કે હવે તો દીપકને ઇંગ્લન્ડની ટીમમાં લેવો જ પડશે. દરેક કાઉન્ટી ક્રિકેટમાં તેના ૧૨૦૦-૧૩૦૦ રન થતા હતા અને ૫૦-૬૦ વિકેટો લેતો હતો. તેમ છતાં તેની ઉપેક્ષા જ કરવામાં આવી.

ન્યૂઝીલૅન્ડની આબોહવા અને ત્યાંના મિત્રો દીપકને વધુ અનુકૂળ, વધુ ઉષ્માભર્યાં લાગ્યાં.

એવામાં બન્યું એવું કે ઑકલૅન્ડની કસ્ટમ ઑફિસમાં કામ કરતી મૂળ કરાડી (તા. નવસારી) ગામની યુવતી વીણાના પરિચયમાં તે આવ્યો. આ પરિચય પ્રેમમાં પરિણમ્યો અને બંને ૧૯૮૩માં લગ્નગ્રંથિથી જોડાયાં.

ઘણીવાર માણસે ધાર્યું હોય છે કાંઈક અને બનતું હોય છે કાંઈક ! પણ આ ઘટના દીપક માટે તો શુકનવંતી સાબિત થઈ.

૧૯૭૫માં દીપક વોર્સેસ્કરશાયર કાઉન્ટી તરફથી રમતો હતો. ત્યારે તેના જોડીદાર તરીકે ન્યૂઝીલૅન્ડનો ગ્લેન ટર્નર પણ રમતો હતો. ટર્નર દીપકની રમતથી ખુશ હતો. વીજળીના તણખાની જેમ તેના બૅટમાંથી નીકળતા રનથી તે ખૂબ જ પ્રભાવિત થયો હતો. તેણે દીપકને સૂચન કર્યું કે હવે તારે ન્યૂઝીલૅન્ડમાં વસવાટ કરવો જોઈએ અને ન્યૂઝીલૅન્ડ તરફથી રમવું જોઈએ.

દીપકને આ સૂચન ગૉળ જેવું ગળ્યું લાગ્યું. ઇંગ્લન્ડમાં તો એને ક્યારેય તક મળવાની જ નહોતી. એટલે એણે ન્યૂઝીલૅન્ડમાં સ્થાયી થવાનો નિર્ણય કર્યો.

આ જ ગાળામાં ઇંગ્લંડના તેના મિત્રો-પ્રશંસકો તરફથી તેનું બહુમાન થવાનું હતું. ૭૫ લાખ રૂપિયાની બેનિફિટમૅચનું આયોજન કરવામાં આવ્યું હતું.

દીપકે વિચાર્યું - જે દેશે મારી સતત અવગણના જ કર્યા કરી, તે દેશ હવે મારું બહુમાન કરે કે ન કરે તેનાથી શું ફેર પડે? એટલે તે ૧૯૮૪માં ન્યૂઝીલૅન્ડમાં સ્થિર થયો.

ભારતમાં જેમ રણજીટ્રૉફિ રમાય છે તેમ ન્યૂઝીલૅન્ડમાં શેલટ્રૉફિ (Shell Trophy) રમાય છે. તેમાં તે રમવા લાગ્યો અને રનનો ઢગલો ખડકવા લાગ્યો. વિકેટો પણ લેવા લાગ્યો. ત્યાંનાં પ્રત્યેક મેદાન પર એણે ઘણો સુંદર દેખાવ કર્યો. ન્યૂઝીલૅન્ડનાં સ્ટેડિઅમોમાં ઑનર બોર્ડ (Honour Board) રાખવામાં આવે છે. તેના પર ખેલાડીઓની સિદ્ધિની વ્યવસ્થિત નોંધ રખાય છે. તેમાં પ્રત્યેક ઑનર બોર્ડ પર દીપક પટેલનું નામ અંકિત થયેલું છે. તેણે કરેલા રનો અને લીધેલી વિકટોની નોંધ જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય એવું છે. તેનો આવો આકર્ષક દેખાવ જોઈને ૧૯૯૨માં તેને ઑકલૅન્ડની ટીમનો કપ્તાન બનાવવામાં આવ્યો.

છેવટે ૧૯૮૭માં વેસ્ટઇન્ડિઝની ટીમ ન્યૂઝીલૅન્ડના પ્રવાસે આવી ત્યારે દીપક પટેલને જીવનની પ્રથમ ટેસ્ટ મૅચ રમવાની તક મળી. વેલિંગ્ટનના બેસીન રિઝર્વના મેદાનમાં તે જ્યારે બૅટિંગ કરવા ઊતર્યો ત્યારે પ્રેક્ષકોએ તેને તાળીઓથી વધાવ્યો. તે જ્યારે ૨૨ રને પહોંચ્યો ત્યારે બહાર જતા એક દડાને તેણે છંછેડ્યો. દડો એકદમ નીચે જતો હતો. પણ જોએલ ગાર્નરના ચપળ હાથોએ તરાપ મારીને બૉલને ઝડપી લીધો. જે કૅચ શક્ય જ નહોતો લાગતો તે કૅચ ગાર્નરે કર્યો હતો. ગાર્નર એકદમ ખુશ. દીપક એકદમ નાખુશ. માંડ માંડ મળેલી તક એક નાનકડી ભૂલથી વેડફાઈ જતી હતી. પછી તો જ્યારે જ્યારે તે બૅટિંગ કરવા આવે ત્યારે સંપૂર્ણ સજ્જ છે એવું લાગે. સરસ શરૂઆત પણ કરે. પરંતુ હંમેશાં સસ્તામાં જ ઊડી જાય. પસંદગીકારો મૂંઝાય. પાંચ દિવસીય મૅચ માટે આવો હોનહાર ખેલાડી નિષ્ફળ જશે કે શું એમ થાય. પણ તે એક સારો ઑફ સ્પિનર અને સારો ફીલ્ડર પણ હતો. તેથી ટીમમાં તેનો સમાવેશ થતો હતો.

ઉપરાંત વનડે વર્લ્ડકપમાં એક ઉત્તમ બૉલર તરીકે તે નામના મેળવી ચૂક્યો હતો. રેડિયો કૉમેન્ટેટરો અને ટી.વી. પ્રોગ્રામમાં ન્યૂઝીલૅન્ડના ક્રિકેટપ્રેમીઓ તેને માટે કહેતા, 'Dipak is our frontline bowler.'

ન્યૂઝીલૅન્ડના એક સ્પિનર બ્રેસવેલના મત પ્રમાણે દીપક પાસે બોલિંગ કરવાની અદ્ભુત કળા છે, જે અન્ય બૉલરો કરતાં ભિન્ન છે. બૉલ ફેંકવાની તેની છટા અદ્ભુત છે.

તે બોલિંગ કરે છે ત્યારે બૅટ્સમૅનને બરાબર ચકાસી લે છે. પછી તેના હાથમાંથી બૉલ પ્રમાણમાં મોડેથી છૂટે છે. તેનું માથું એવા ખૂણા પર હોય છે કે છેક છેલ્લી ઘડી સુધી તે બૅટ્સમૅનની ગતિવિધિને જોઈ શકે છે. જો બૅટ્સમૅન આગળ આવીને રમવાની કોશિશ કરે તો તે તરત તેની લેન્થમાં ફેરફાર કરી બૅટ્સમૅનને દ્વિધામાં મૂકી દે છે.

એક વાર ઇંગ્લંડની ટીમ ગ્રેહામ ગુચની સરદારી હેઠળ ન્યૂઝીલૅન્ડના પ્રવાસે આવી. દીપક પટેલને ઇંગ્લંડના ખેલાડીઓ સાથે રમવાનો પાકો અનુભવ હતો. તેથી ઇંગ્લંડ સાથે રમનારી ટીમમાં તેની પસંદગી કરવામાં આવી. જે ઇંગ્લિશ ટીમે તેની અવગણના કરી હતી તેની સામે રમવાની, તેની સામે કૌવત બતાવવાની તેને તક મળી. મૅચના પ્રથમ દિવસે એણે અણનમ ૫૫ રન ઝૂડી નાખ્યા. બીજે દિવસે અત્યંત વિશ્વાસપૂર્વક એ આગળ વધતો હતો. ૯૭ રન પર પહોંચ્યો. ૯૭ રને એક ફટકો મારીને દોડીને બે રન લીધા. ૯૯ થયા. હવે એક જ રન બાકી. દોડું? દોડ્યો. ત્રીજો રન લેવા જતાં અમ્પાયરે આંગળી ઊંચી કરી દીધી. અમ્પાયરના નિર્ણયથી એને સંતોષ ન થયો. પણ ધીમી ગતિના પડદા પર જોયું ત્યારે ખાતરી થઈ ગઈ. તેની ટેસ્ટકૅરિઅરમાં આ તેનો સર્વોચ્ચ જુમલો હતો. એ જ મૅચમાં એણે ઇંગ્લંડના કપ્તાન ગ્રેહામ ગુચની વિકેટ લઈને સૌને ખુશ કરી દીધા હતા. જો કે એ જ ટેસ્ટમૅચમાં ક્રાઈસ્ટ ચર્ચમાં જહોન રાઈટ પણ ૯૯ રને આઉટ થઈ

ગયો હતો. ક્રિકેટમાં આવું બને.

ક્રિકેટનાં ત્રણે પાસાં - બોલિંગ, બૅટિંગ અને ફીલ્ડિંગમાં દીપકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. તેમાંય એક દિવસીય ક્રિકેટમાં તો ઝડપી ફીલ્ડિંગનું ખાસ મહત્ત્વ હોય છે. કારણ કે તેમાં બૅટ્સમૅનને એકેક રન માટે ઝઝૂમવું પડતું હોય છે. કવર્સમાં બાજની ઝડપે બૉલને પકડીને વિકેટ ઉખેડી નાખતા તેના થ્રો આકર્ષક હોય છે. મેદાનમાં ગમે તે ખૂણામાંથી ફેંકાયેલો તેનો બોલ સીધો વિકેટ પર જ આવીને અથડાય ત્યારે જોનારા સૌ ચકિત થઈ જાય છે. વેલિંગ્ટનમાં બેસિન રિઝર્વ મેદાનમાં એક દિવસીય મૅચમાં મિડવિકેટ બાજુથી વીજળીક ગતિથી ફેંકાયેલો તેનો દડો સીધો વિકેટ પર આવીને પડ્યો. ને પાકિસ્તાનનો કપ્તાન સલીમ મલિક આઉટ થઈ ગયો. એ જ રીતે નેપિયર(Napier)માં પણ રેફરીની મદદથી લાલ લાઈટ થતાં રન આઉટનો નિર્ણય જાહેર થયો. ઇડનપાર્કમાં તેના વીજળીક થ્રોએ સૈયદ સઈદની દાંડલી ખેરવી નાખી હતી. આમ, તેની ચકોર નજર અને તેના થ્રો ભલભલાને છક્કડ ખવડાવી દેતા. સાચા અર્થમાં તે ઑલરાઉન્ડર હતો.

ન્યૂઝીલૅન્ડથી પ્રસિદ્ધ થતા મેટ્રો - Metro - મેગેઝિનના માર્ચ '૯૩ના અંકમાં દીપક પટેલના મોટા કદના ફોટા નીચે લખ્યું છે : 'Spin Doctor the recreation of Dipak Patel.' આમ, દીપક પટેલ ન્યૂઝીલૅન્ડની ટીમનો એક આધારભૂત ઑલરાઉન્ડર ઑફ સ્પિનર ક્રિકેટર છે.

શ્રીલંકા જનારી ટીમમાં તેની પસંદગી કરવામાં આવી ત્યારે તેને ખૂબ જ ગમ્યું. તે વખતે તે પૂરા ફૉર્મમાં હતો. ટીમ જ્યારે શ્રીલંકા પહોંચી ત્યારે જે હોટેલમાં ઉતારો હતો તેની નીચે ભયંકર બૉમ્બ-વિસ્ફોટ થયો. ૩૦-૪૦ માણસોનાં શબ નીચે પડ્યાં હતાં. તેમના હાથ, પગ, માથું વેરણછેરણ પડ્યાં હતાં. અરેરાટી ઉપજાવે એવું દૃશ્ય હતું. ન્યૂઝીલૅન્ડના ખેલાડીઓએ આવું પહેલી વાર જોયું. મુંઝાઈ ગયા. નિર્ણય કરી લીધો : નથી રમવું. હજુ તો એક પણ મૅચ રમાઈ નથી ત્યાં આવી કટોકટી સર્જાઈ. સીનિઅર સભ્ય તરીકે ટી.વી.વાળાએ દીપક પટેલને પૂછ્યું : 'આવી પરિસ્થિતિમાં તમે શું વિચારો છો?' દીપકે ગંભીરતાથી પણ સ્વસ્થતાથી જવાબ આપ્યો : 'આવી પરિસ્થિતિમાં કઈ રીતે રમી શકાય? પત્ની, બાળકો, માતાપિતા વગેરેને જાણ થશે ત્યારે તેઓ કેટલી બધી ચિંતા કરશે? ભરોસો શું?' પાંચ ખેલાડીઓએ ન્યૂઝીલૅન્ડ પાછા જવાનો નિર્ણય કર્યો. પરિસ્થિતિને પારખી મૅનેજર શ્રી મેકડોરમેટ પણ એમને રોકી શક્યા નહિ. નવા પાંચ ખેલાડીઓને તાત્કાલિક બોલાવીને મૅચ ચાલુ રાખી. પણ તેમાં જીવ ન આવ્યો. ન્યૂઝીલૅન્ડ હારી ગયું. પ્રવાસ પૂરો કરી સૌ ન્યૂઝીલૅન્ડ આવ્યા. તે પછી બીજો બૉમ્બ ફૂટ્યો. તેમાં પણ ઘણા માણસો મરાયા ત્યારે ટી.વી.વાળાએ ફરી દીપકનો ઈન્ટરવ્યૂ લીધો ને કહ્યું, 'તમે તમારા નિર્ણયમાં સાચા હતા.'

રમતમાં શું કે જીવનમાં શું, આવી કટોકટીની પળો આવતી જ હોય છે. ત્યારે માણસ જે નિર્ણય કરે છે તેના પરથી તેનાં હીરનાં, ખમીરનાં, લેખાંજોખાં થતાં હોય છે.

એક વાર પાકિસ્તાનમાં રમવા ગયેલો ત્યારે રમવાની આગલી રાત્રે ફોન પર તેને ખૂનની ધમકી આપવામાં આવેલી. તૈયાર થઈને રમવા ગયો ત્યારે ગાળોનો વરસાદ વરસે, હતોત્સાહ કરે તેવાં મેણાં મારે. એ બધાં પછી પણ એ શાંતિથી ધીરજથી રમ્યો.

ઝિમ્બાબ્વેનો પ્રવાસ તેનો સફળ પ્રવાસ હતો. ન્યૂઝીલૅન્ડની જીતમાં તેનો સિંહફાળો હતો. ઑસ્ટ્રેલિયા ગયેલી ટીમમાં પણ તેનો સમાવેશ કરાયો હતો. આમ, ન્યૂઝીલૅન્ડના પસંદગીકારોએ તેનામાં જે વિશ્વાસ મૂક્યો હતો તેને તેણે સાર્થક કરી બતાવ્યો.

'૯૨-'૯૩માં સુરતના 'ગુજરાતમિત્ર'ના સ્પોર્ટ્સલાઈન વિભાગમાં દીપક પટેલ વિશે સરસ નોંધ લખી છે. એ નોંધ પરથી દીપક પટેલની ક્રિકેટર તરીકેની ઊંચાઈનો ખ્યાલ આવશે.

'મૉર્ડન ક્રિકેટમાં હાર્ડ હિટર ખેલાડીઓ ક્યાં નથી? રવિ શાસ્ત્રીએ મંજૂર ઈલાહીની એક જ ઓવરના છએ છ બૉલમાં ફટકારેલી સિક્સર સર સોબર્સ અને સર બ્રેડમૅનની યાદ તાજી કરાવી ગયા હતા. આ યાદીમાં હવે દીપક પટેલનું નામ પણ મુકાશે.'

શાન્ત, સરળ ને મિલનસાર સ્વભાવ. નિખાલસ ને નિરાભિમાની વ્યક્તિત્વ. ગમી જાય એવો ગુલાબી હસમુખો ચહેરો. માતાપિતા, પત્ની અને બાળકોને ખૂબ ચાહનારો દીપક પટેલ જિંદગીમાં પહેલી વાર માદરેવતન દાંડીમાં આવ્યો ત્યારે સૌનાં હૈયાં હરખાઈ ઊઠ્યાં.

આમ તો એ એપ્રિલ-'૯૪માં હૈદરાબાદમાં રમાયેલ સિક્સ-એ-સાઈડ અને કલકત્તામાં રમાયેલ ડબલ વિકેટની સ્પર્ધામાં રમવા માટે આવ્યો હતો. માતા પિતા અગાઉથી દાંડી આવી પહોંચ્યાં હતાં. દીપક સ્પર્ધા પૂરી થયા પછી મેની બીજી તારીખે આવ્યો.

જેની રગરગમાં આ ધરતીનું લોહી વહે છે, જેના પરસેવામાં અહીંની માટીની મહેંક ફોરે છે તે ધરતીપુત્ર દીપક, દુનિયાનો મહાન ઑફ સ્પિનર, ઑલરાઉન્ડર દીપક પટેલ. તેને જોવા, તેને અન્તરના ઉમળકાથી આવકારવા લોક ઊમટી પડ્યું. ૧૨ દિવસ એ દાંડી રહ્યો તે દરમિયાન ગામેગામ એનું સન્માન થયું. અનેક કાર્યક્રમો ગોઠવાયા. મુલાકાતો થઈ. વર્તમાનપત્રોએ સરસ નોંધ લીધી. ગામના યુવકમંડળે એનું સન્માન કર્યું ત્યારે ભલભલાની વિકેટ ખેરવી નાખનારો એ જુવાન આત્મીયજનોની લાગણીથી, પ્રેમથી, ગદ્ગદિત થઈ ગયો. આંખો ભીની થઈ ગઈ. 'આટલો પ્રેમ મને ક્યાંય મળ્યો નથી. ઈંગ્લન્ડમાં પણ નહિ અને ન્યૂઝીલૅન્ડમાં પણ નહિ. તમારા બધાની વચ્ચે હું બહુ મોડો આવ્યો એવું મને લાગ્યું. મારા ગામ માટે અને મારા દેશ માટે મને ખૂબ જ માન છે, ગૌરવ છે. મારાથી થઈ શકે તે કરવા હું હંમેશાં તૈયાર છું.' આંખો લૂછતાં લૂછતાં એણે કહ્યું. □

પાદરણ

— ધીરેન્દ્ર મહેતા —

ઑફિસે જવા નીકળતો હતો ત્યાં જ બાપુએ મને કહ્યું કે નવીન ગુજરી ગયો. એમના હાથમાં છાપું હતું. ચશમાં એમણે નાકની દાંડીએ ટેકવ્યાં હતાં અને એની ઉપરથી મારી સામે તાકી રહ્યા હતા. મને ખબર હતી કે આમ કહીને એમનો ઇરાદો સમાચાર નહિ, પરંતુ સૂચના આપવાનો હતો. કહેવાની એમની આ રીતથી હું સારી પેઠે વાકેફ હતો.

હું કંઈક ઉતાવળમાં હતો, છતાં એક ક્ષણ પૂરતું મારાથી ખમચાઈ જવાયું. દૃષ્ટિ છાપા ભણી ફેરવીને એમણે મને કહ્યું :

'ઉઠમણાનો સમય સાંજે છ વાગ્યાનો છે. તું ઑફિસેથી જરા વહેલો નીકળજે. હું તૈયાર રહીશ.'

આટલું સાંભળીને હું તરત નીકળી ગયો. ઑફિસમાં આખો દિવસ મને આ વાતનો ભાર રહ્યો. સાંજે કશુંક બનવાનું હોય અને એને માટે હું જવાબદાર હોઉં એમ મને લાગતું હતું. એક પ્રકારની બેચેની, ઉદાસી, વ્યગ્રતા, તાણ, ઉદ્વિગ્નતા, એને શું નામ આપવું તે મને સમજાતું નહોતું ! મારી આ સ્થિતિ મારા સહકર્મચારીઓના ધ્યાનમાં પણ આવી હશે. એમાંના એકબે જણે મને કહ્યું પણ ખરું :

'શી વાત છે, ભાઈ? તબિયત સારી નથી કે શું?' તો વળી બીજાએ આમ પણ કહ્યું :

'એવું હતું તો આરામ કરવો હતોને, એક દિવસ રજા લઈ લેવી હતી, એમાં શું?'

એક જણે મને રાહત આપવાના હેતુથી મારા કામમાં મદદરૂપ થવાની તૈયારી પણ બતાવી.

આ બધું મારી વ્યગ્રતા વધારનારું હતું. આ સહુનો આભાર માનવાની વાત તો બાજુએ રહી, મેં એમને જવાબ સુધ્ધાં આપવાનું ટાળ્યું, કેમ કે મને બીક હતી કે એમ કરવા જતાં રખેને મારાથી કંઈક અજુગતું વર્તન થઈ બેસશે. બીજી વાત એ પણ હતી કે માનો કે હું એમને કંઈ કહેવા ધારત તો પણ શું કહેત? મારા મનમાં શું ચાલી રહ્યું છે તે મને પોતાને પણ સમજાતું નહોતું. મારી આ મનોદશા કેટલી દેખીતી હશે કે બપોર પછીના સમયે સાહેબે પોતે સામે ચાલીને મને વહેલા નીકળી જવા કહ્યું!

સાહેબના આ સમભાવ બદલ પણ કશોય પ્રતિભાવ વ્યક્ત કર્યા વિના હું ચૂપચાપ ઓફિસમાંથી નીકળી ગયો.

ઘેર પહોંચ્યો તો બાપુ એમના કહ્યા મુજબ તૈયાર જ હતા. એ મારી રાહ જ જોઈ રહ્યા હોય એમ એમણે સ્કૂટરનો અવાજ સાંભળીને વરંડામાંથી જ હાથમાંનો બંકોડો ઊંચો કરીને મને રોક્યો.

મેં સ્કૂટરનું એન્જિન ચાલુ રાખ્યું, પરંતુ એમની સામેથી નજર ખસેડી લીધી. એ પાછલી બેઠક પર ગોઠવાઈ ગયા છે એવો અણસાર આવ્યો ત્યારે મેં સ્કૂટર હંકાર્યું. સ્કૂટર ચાલ્યું કે બાપુએ બોલવાનું શરૂ કર્યું. રસ્તા પરના અવાજોને કારણે તેમ જ મારી વૃત્તિ ન હોવાને લીધે બાપુ કહેતા હતા એ મને પૂરેપૂરું સમજાતું નહોતું, પરંતુ એટલી ખબર પડતી હતી કે વાત મરણ અને ઉઠમણાને લગતી હતી. આ આખી પરિસ્થિતિ મારા મનમાં ભારે અણગમો પેદા કરી રહી હતી. અમે બે જણા જાણે કશોક પૂર્વયોજિત કાર્યક્રમ પાર પાડવા આમ ધસી રહ્યા હોઈએ એવી લાગણી મને થઈ રહી હતી. વળી, આ નવીનને હું ખાસ ઓળખતો પણ નહોતો, એ અમારા જ્ઞાતિજન હતા એટલી માત્ર મને ખબર હતી, છતાં -

એકબે વળાંકે બાપુએ મને રસ્તો ચીંધ્યો, અને એમ અમે નિર્ધારિત સ્થાને પહોંચ્યા. હું અગાઉ કોઈ વાર આ સ્થાને આવ્યો હોઉં એમ મને સાંભરતું નહોતું. બારણાં વગરની ડેલી વટાવીને અમે ઊબડખાબડ આંગણું પાર કરતા ચાલ્યા. સામે ભાંગ્યાતૂટ્યા પથરા ગોઠવીને પગથિયાં બનાવેલાં હતાં. એના પર ચઢીને ચોકમાં પહોંચવાનું હતું. બાપુથી આ પગથિયાં કેમ ચઢાશે, એ વિશે હું વિચારતો હતો એવામાં બાપુએ ધીમેથી મને કહ્યું :

'બધાં આવી ગયાં લાગે છે.'

અત્યાર સુધી મારું ધ્યાન આડાઅવળા ગોઠવાયેલા પથરા પર હતું તે હવે મેં ઉપરના ચોક તરફ ખસેડ્યું. બાપુ તો એટલી વારમાં પગથિયાં ચઢી ગયા હતા, અને તે પણ ઉતાવળે ઉતાવળે. આવાં અણઘડ પગથિયાં પર જાળવીને ચઢવું પડે એમ હતું, પરંતુ બધાં આવી ગયાં છે, એ વાતનું ભાન બાપુને ઝડપથી ઉપર ચઢાવી ગયું હતું. હું કંઈક જાળવીને ઉપર ચઢ્યો.

મેં ચારે બાજુ એક ત્વરિત નજર ફેરવી લીધી. લગભગ આખી જગા ભરાઈ ગઈ હતી, પણ બાપુ બરાબર સામે રુઆબભેર ગોઠવાઈ ગયા હતા. હું પગ વાળીને અરધો શેતરંજી પર, અરધો નીચે, એમ છેક છેવાડે ઉભડક બેસી ગયો. ગોઠણ ફરતા હાથ વીંટીને મેં શરીરને ટેકવી રાખ્યું ને જોયું તો સામે ખુરશી પર આધેડ વયના તંદુરસ્ત માણસની તસવીર ગોઠવેલી હતી. તસવીરને હાર પહેરાવેલો હતો અને આગળ દીવો-અગરબત્તી બળતાં હતાં.

માથે બે જૂનાં જર્જરિત તોતિંગ વૃક્ષો ઝળૂંબતાં હતાં. એની લાંબી લટકતી ડાળીઓ અને પાંદડાં હાલતાં હતાં. એની છાયાઓ એક રહસ્યમય ગૂંથણી ઊભી કરતી હતી. એ ગૂંથણી થતી હતી

અને છૂટી પડતી હતી. એમ સતત ચાલ્યા કરતું હતું.

મેં ફરી એક વાર ચારે બાજુ નજર ફેરવી. બેઠેલાઓમાંથી કોઈ પરિચિત જણાતું નહોતું. સહુ કોઈ આમતેમ આમતેમ જોતા હતા, ક્યાંય કોઈની નજર ઠરતી નહોતી. એક ખૂણામાં બેઠેલો માણસ મારી સાથે આંખ મેળવવાનો પ્રયત્ન કરતો હતો. મારી નજર એ તરફ ગઈ એટલે એણે હસવા જેવું કર્યું, પરંતુ એટલી વારમાં તો બીજા ચહેરા મારી આંખ આગળ આવી ગયા એટલે એનો ચહેરો પાછો સપાટ બની ગયો.

જમણી બાજુ ખૂણામાં સ્ત્રીસમુદાય હતો. એ કૂંડાળું વળીને એવી રીતે બેઠો હતો કે સભા ભરાઈ હોય એવું લાગતું હતું. સ્વર્ગસ્થની છબી તરફ એ સહુની પીઠ હતી. ત્યાં એક પ્રકારનો અભાવ વરતાતો હતો. કોની આગળ શોક વ્યક્ત કરવો એની મૂંઝવણ થતી હોય એવું અતડાપણું એ સમૂહમાં દેખાતું હતું.

મેં જોયું કે જેમ જેમ વખત જતો હતો તેમ તેમ લોકો આવતાં જતાં હતાં. જગા શોધતાં હતાં. વાંકાંચૂકાં થઈને આગળ જતાં હતાં. પહોંચી આવ્યાને કારણે જાણે એમના ચહેરા પર હાશકારો દેખાતો હતો. કોઈ ચહેરા પર એ ભાવ વિજયીપણાની મુદ્રા ધારણ કરતો લાગતો હતો. જે અગાઉથી આવીને બેઠા હતા એમણે આ બધાની સામે જોવા માંડ્યું. કોઈકોઈએ આવા હેતુથી ડોક ઊંચી કરવા માંડી કે લંબાવવા માંડી. કોઈ આડાઅવળા થવા લાગ્યા. આ બધામાં મેં બાપુને પણ જોયા. જે લોકો સમયસર આવી ગયા હતા એમણે થોડી વાર પછી પોતાની ઘડિયાળ જોવા માંડી, પછીથી આવનારા પણ એમની સાથે ભળ્યા.

ઉપરના ચોકમાં હવે બિલકુલ જગા રહી નહોતી. પછીથી આવનારાઓમાંનાં કેટલાંક એ કારણે ચોકમાં જવાને બદલે આંગણામાં જ ઊભાં રહી ગયાં હતાં. હું છેક ધાર પર બેઠો હતો એટલે એમાંનાં ઘણાંનાં મોં મારા મોંની લગોલગ થઈ જતાં હતાં.

મેં ફરી આખા સમૂહ પર નજર ફેરવી. મારા મનમાં ભારે ખળભળાટ મચી રહ્યો હતો. મને ઘડીભર તો એમ લાગ્યું કે અહીં જાણે આખી માનવજાત એકઠી થઈ છે. એમને વિશેની કોઈ મહાન ઘટના અહીં ઘટી રહી છે. મને એમ થઈ આવ્યું કે હમણાં આ બધાં એકસાથે ઊભાં થઈ જશે અને આકાશની સામે હાથ લંબાવીને હોઓઓઓ કરતાં કંઈ ઉદ્‌ઘોષ કરી ઊઠશે.

પરંતુ એવું કંઈ થયું નહિ. હું પોતે પણ સમજતો હતો કે એ તો ખાલી મારો તુક્કો હતો, અને છતાં કોણ જાણે કેમ એવું કશું થયું નહિ એથી મને બહુ લાગી આવ્યું. એ મનઃસ્થિતિમાં મારું ધ્યાન મારી લગોલગ ઊભેલા માણસો જે વાતો કરતા હતા એ તરફ ગયું. એક ભાઈ પૂછતા હતા :

'છબીની બાજુમાં કેમ કોઈ બેઠું નથી?'

મેં સહસા એ તરફ જોયું. આ પહેલાં મારા ધ્યાનમાં એ નહોતું આવ્યું, પરંતુ વાત સાચી હતી. આવા પ્રસંગે સ્વર્ગસ્થની છબીની બન્ને બાજુ એનાં નજીકનાં સગાં બેસતાં હોય છે, પરંતુ એ આખી હાર ખાલી હતી.

'કોણ બેસે?' ઉત્તરમાં કોઈકે સામો પ્રશ્ન કર્યો.

'નજીકનાં સગાંમાં કોઈ છે જ નહિ.'

'એમ!' સહેજ દૂર ઊભેલી વ્યક્તિ, જેનું આ વાતચીતમાં લક્ષ હોય એમ લાગતું નહોતું, એકાએક આ તરફ ફરીને, ચોંકી ઊઠી હોય એમ પૂછી બેઠી.

આ તરફ ઊભા રહેલા સજ્જને એના તરફ ઝૂકીને સામે નજર કરીને ચીંધ્યું, 'આ - સામે ડેલા જેવું દેખાય છે ને?'

પેલી વ્યક્તિ આ તરફ ઝૂકી આવી. પૂછનાર સજ્જનના ચહેરાની જોડાજોડ પોતાનો ચહેરો ગોઠવીને એણે સામે જોયું,

'પેલું, સાંકળ વાસેલી છે એ?' એમ બતાવીને એણે પૂછ્યું :

'એ શું છે?'

'આમનું ઘર;' એણે પોતાના ચહેરા વડે ચીંધીને સ્વર્ગસ્થની છબીનો નિર્દેશ કર્યો.

'પણ હવે એ સાંકળ ઉઘાડનારુંય કોઈ છે નહિ.'

આ શબ્દોથી પરિસ્થિતિ હતી તેનાથીય અધિક વેધક બની ગઈ અને અત્યાર સુધી તદન નિર્લેપભાવે બેસી રહેલો હું ઘડીભર હચમચી ગયો.

'એકલા જ રહેતા હતા વરસોથી.'

સહેજ દૂર કોઈક બોલતું હતું. એ સાંભળીને આજુબાજુમાંથી કોઈ ગણગણ્યું : 'રહેવાનું તો શું, સવારના ઘેરથી નીકળી પડે તે રાત્રે સૂવા આવે. જમવા-કરવાનું ય બહાર જ પતાવી લે.'

'શું કરે આખો દહાડો?' કોઈકે નજીકમાંથી જ પ્રતિપ્રશ્ન કર્યો.

'કાંઈ નહિ. કીડિયારું પૂરે, પંખીને ચણ નાખે, ચોપાંને ઘાસચારો નીરે, ફળફળાદિ લઈને હૉસ્પિટલમાં જાય.' એક બાજુ ચારપાંચ જણ સંકોડાઈને બેઠા હતા, એ જૂથમાંથી કોઈ બોલ્યું. બોલનારમાં હળવાશ હતી, બીજાએ પણ હસવું દબાવ્યાનો અવાજ કર્યો.

પરંતુ સૌએ એ વાત એટલી હળવાશથી લીધી હોય એમ લાગ્યું નહિ, કોઈક બોલ્યું : 'પૈસો હશે.'

એને જવાબ આપવાની રીતે બીજાએ કહ્યું : 'ખરો, સાંભળ્યું'તું, આફ્રિકાથી કમાઈને આવ્યા'તા ને પૈસાનું બીજું કરવાનુંય શું હતું? અમે તો જ્યારથી દીઠા ત્યારથી આમ એકલા જ ફરતા દીઠા.'

'પણ એક બીજી વાત જાણો છો?'

કોઈ ત્રીજી વ્યક્તિ એમની વાતચીતમાં ભળી.

'શું?'

'જે પૈસો ખરચ્યો તે પોતાને હાથે જ ખરચ્યો; બીજા કોઈને દેવાની વાત નહિ.'

શોકસભાથી જુદી સભા આ તરફ ચાલતી હોય એમ લાગતું હતું અને મને નવાઈ એ વાતની લાગતી હતી કે એકમેકથી અપરિચિત આ સહુની વચ્ચે કેવો વિશ્રમ્ભ વાર્તાલાપ ચાલી રહ્યો હતો! પહેલાં મને એ વાતે આશ્ચર્ય થયું હતું કે વરસોથી સાવ એકાકી જીવન જીવતા આ માણસની શોકસભામાં આટઆટલા માણસો! પરંતુ મેં જોયું કે આવનારામાંનાં ઘણાંને એમના વિશે કંઈ ને કંઈ કહેવાનું પણ હતું ત્યારે મારું આશ્ચર્ય વધી ગયું. અલબત્ત, મારું એ આશ્ચર્ય આ બધાં લોકો વિશે હતું.

એટલામાં કોઈકે વળી આમ કહ્યું :

'પણ રહેવા માટે સરખું ઘર તો - આવા ઘરમાં-'

'આવું એટલે? મહેરબાન, મોકો જુઓ. આ ડેલાની ખાલી જમીનના ઓછામાં ઓછા ચારથી પાંચ લાખ ઊપજશે.'

કહેનારનો અવાજ જરા મોટો થઈ ગયો. બાજુબાજુ સહેજ દૂર બેઠેલાનું ધ્યાન ખેંચાયું. ઉપર ચોકમાં બેઠેલામાંથી પણ કોઈકોઈએ પાછા વળીને જોયું.

કોઈએ એમના તરફ જોઈને જાણે અધીરાઈથી એકદમ પૂછ્યું : 'પણ તમે તો કહેતા હતાને કે એમને નજીકનું કોઈ સગુંવહાલું નથી?'

આ જ વખતે આવેલા કોઈએ સામેની બાજુ હાથ ઊંચા કરીને કોઈકને જે જે કર્યા.

મેં સહસા એ તરફ જોયું. સામેથી કશો પ્રતિભાવ ન મળતાં એણે ભોંઠપ અનુભવીને દૃષ્ટિ વાળી લીધી. એમ કરવા જતાં એની આંખ મારી આંખ સાથે મળી એટલે મને પૂછ્યું : 'આ સામે છબીની આગળ બેઠા છે એ વડીલ નવીનભાઈના બાપ?'

એનો નિર્દેશ બાપુ તરફ હતો એ હું સમજી શક્યો.

મેં ડોકું હલાવીને ના પાડી એટલું જ, આગળ કશું કહ્યું નહિ.

એટલામાં તો બધા ઊભા થઈ ગયા. હું જલદી જલદી ઊભો થઈને એક બાજુ ઊભો રહી ગયો અને બાપુ તરફ ધ્યાન આપવા લાગ્યો. એ ઊભા થઈને કોઈકની જોડે વાત કરતા હતા. આખું ટોળું નીચે ધસી આવવા લાગ્યું. કોઈક બીજાના ખભાનો ટેકો લઈને, કોઈકે હાથમાંની લાકડી સંભાળીને, કોઈક ભીંત પર હાથ મૂકીને આડાઅવળા થતા સમતુલા સાચવતા પગથિયાં ઊતરવા લાગ્યા. પછી એ બધા પોતપોતાનાં બૂટચંપલ ગોતવામાં ગૂંથાયા.

સ્ત્રીઓનું ટોળું સૌની એકસરખી સફેદ સાડીને કારણે એક ઢગલા જેવું લાગતું હતું. કોઈકે માથે ઓઢેલું હતું, કોઈક ખુલ્લા માથે હતું. એને લઈને જાણે એ ઢગલામાં વચ્ચે વચ્ચે ધાબાં પડ્યાં જેવું દેખાતું હતું. એ સૌ રસ્તો થવાની રાહ જોતાં હોય એમ હવે આ તરફ આવવા લાગ્યાં. કોઈની આગળ ખરખરો કરવાની તક મળી ન હોય એ કારણે એમનાં મુખ મ્લાન બની ગયાં હોય એમ જણાતું હતું. બધાં ધાર્યા કરતાં જલદી વિખેરાઈ ગયાં.

બાપુ ધીમે ધીમે આવતા હતા. નીચે ઊતરવામાં એમને મદદ કરીને હું આગળ થયો. સ્કૂટર લઈને ડેલી સુધી આવ્યો એટલી વારમાં પિતાજી બહાર આવી ગયા હતા.

સ્કૂટર પર બેસતાં બેસતાં મેં નજર કરી તો ચોક લગભગ ખાલી થઈ ગયો હતો. ચોકમાં પથરાયેલી શેતરંજી એક ખૂણામાં ઢગલો થઈને પડી હતી. એટલામાં એક છોકરો દોડતો દોડતો આવ્યો. સામે પડેલી છબી ઉપાડીને ડેલામાં મૂકવા ગયો. છબી મૂકી આવીને એણે જેવી સાંકળ ઉઘાડી હતી એવી પાછી વાસી દીધી.

બાપુ શાન્તિથી સ્કૂટરની પાછલી સીટ પર ગોઠવાયા.

ઘેર પહોંચ્યા કે અમને આવેલા જોઈને બા બહારના ખંડમાં આવી. એની આંખોમાં કુતૂહલ હતું. મને ખબર હતી કે બાપુ નિરાંતે બેસીને એને આખો હેવાલ આપશે.

ત્યાં તો ધવલ 'પપ્પા...પપ્પા' કરતો અંદરથી દોડી આવ્યો, એની પાછળ પાછળ ચિંતન પણ ધસી આવ્યો. બા અકળાઈને બોલી: 'મારે ય આવવું હતું પણ આ છોકરાંવની લાયમાં આવી ન શકી. દિવ્યા પિયર ગઈ છે ત્યારથી મારાથી તો ક્યાંય નિકળાતું જ નથી... નહિ તો આવા પ્રસંગે તો જવું જોઈને?'

અંદર જતાં જતાં મારાથી કહેવાઈ ગયું :

'કોની આગળ જાત, ત્યાં તો કોઈ હતું નહિ.'

મને સહસા ખ્યાલ આવ્યો કે મારા અવાજમાં વિના કારણ ચીડ પણ વ્યક્ત થઈ ગઈ હતી.

બાપુએ શરૂ કરેલી વાતમાં લક્ષ હોવાથી બા કશું બોલી નહિ, પણ થોડી વારે હું પાછો વળ્યો ત્યારે મેં એને બાપુને કહેતી સાંભળી: 'આ મનહર કહે છે, કોઈ નહોતું ને તમે કહો છો, આટલું બધું માણસ ભેગું થયું હતું...'

બાની મૂંઝવણ હું સમજતો હતો. મેં જોયું કે બાપુ કંઈક જુદા વિચારમાં પડી ગયા હતા. મને એકદમ એનો ઉછાળો આવ્યો કે હું બાને કહી દઉં. 'હા, ઘણુંબધું માણસ, છતાં કોઈ નહિ. જે હતા એ પણ ન હોવા જેવા... જાણે પાછળ કશું બચ્યું જ નહિ.'

પરંતુ હું એમ કહી શક્યો નહિ.

બીજે દિવસે ઑફિસે જવા નીકળતો હતો ત્યાં મેં બાપુને વરંડામાં બેઠેલા જોયા. એમના હાથમાં છાપું હતું. ચશ્માં એમણે નાકની દાંડીએ ટેકવ્યાં હતાં. મને થયું, હમણાં એની ઉપરથી મારી સામે તાકશે અને કહેશે -

અને હું અંદર ને અંદર ધ્રૂજી ઊઠ્યો. □

ફિલ્મનું અનુભાવન [૬]

હસમુખ બારાડી

ફ્રેમ


'ફ્રેમ' એટલે નીચે દર્શાવ્યા છે તેવા ચોરસ કે લંબચોરસ પ્રકારની ટીવીની કાચની ટ્યૂબ, કે ફિલ્મના લંબચોરસ પડદા પર, એ આકારે, જે દૃશ્ય આપણે જોઈએ તે. હકીકતે કોઈ પણ સ્થિર તસ્વીર એક ફ્રેમ છે. સામાન્ય ગણતરીએ ફિલ્મમાં દરેક સેકન્ડની ચોવીસ અને ટેલિવિઝનમાં સેકન્ડની પચ્ચીસ ફ્રેમ હોય છે, એટલે કે એક સેકન્ડમાં જે ગતિશીલ તસ્વીરો આપણે નિહાળીએ છીએ તે, જો આપણે સ્થિર તસ્વીરની જેમ એક પછી એક નિહાળીએ તો, એ ગતિશીલ પદાર્થની જુદી જુદી ચોવીસ કે પચ્ચીસ સ્થિતિ આપણને દેખાય. એ સ્થિર તસ્વીરો એક જ સેકન્ડમાં એક પછી એક સ્થિરગતિએ પસાર થઈ જતી હોવાથી આપણને એની ગતિનો અનુભવ થાય છે. આ ગતિ જો ધીમી લાગે (સ્લો મોશન) તો એમ માનવું કે એથી વધુ ગતિએ એનું શૂટિંગ થયું હશે, અને જો એ ગતિ ત્વરિત લાગે (ફાસ્ટ મોશન) તો એનું મૂળ શૂટિંગ ધીમી ગતિએ એટલે કે સેકન્ડની અઢાર, બાર કે છ ફ્રેમની ગતિએ થયું હશે.

અલબત્ત, આ ફ્રેમ વિશે આપણે વધુ વિગતે વિચારવું જોઈએ. તમે જોશો કે ફ્રેમને ઉપરનીચે અને ડાબેજમણે રેખાઓ છે, પરંતુ એ ચારેય મર્યાદાઓની બહાર પણ કોઈક દૃશ્ય, એટલે કે જીવન છે. દિગ્દર્શકે કુલ જીવન, એમાં એણે નિહાળેલી વાસ્તવિકતા, એને વ્યક્ત કરતાં કોઈ દૃશ્યમાંથી એનો અમુક જ ભાગ આ 'ફ્રેમ'માં લીધો છે.

હવે આ ભાગ એ કેવી રીતે પસંદ કરે છે? ફ્રેમમાંનું દૃશ્ય સૌપહેલાં તો બાકીની સમગ્ર વાસ્તવિકતાનું પ્રતિનિધિત્વ કરતું હોવું જોઈએ; દિગ્દર્શકે પ્રેક્ષકને જે બતાવવું છે એ બધું જ એમાં આવી જવું જોઈએ; એણે 'ફ્રેમ'માં જે સમાવ્યું, તે અર્થભર, સુંદર અને આકર્ષક હોવું જોઈએ. એ 'ફ્રેમની બહાર' દિગ્દર્શક જે રાખે છે તે વધારાનું હોય કે દિગ્દર્શકના મનમાં જે અર્થ છે એ વ્યક્ત કરવામાં એને નડે એવું હોય તો જ એ બહાર રાખે - ભલે પછી, એ ફ્રેમ જેની આપણે હવે પછી ચર્ચા કરીશું. તે જુદા જુદા શોટસાઈઝની (ક્લોઝઅપ, લૉંગશૉટ) હોય. અહીં આપણે આ ઉદાહરણથી આ વાત સમજવા પ્રયત્ન કરીએ :

'જાગ ઊઠા ઈન્સાન' ફિલ્મની અહીં આપેલી આખી તસ્વીરને ક ફ્રેમ ગણીએ તો એમાં ૐ લખેલા આસન પર ચતુર્ભુજ શિવ, એની સામેના ભાગમાં નટી શ્રીદેવી નૃત્ય મુદ્રામાં ઊભી છે. આ ક ફ્રેમની બહાર પણ, આ જગ્યાની અને સમયની વાસ્તવિકતા છે, એમાંથી આ નર્તકી અત્યારે શિવની મૂર્તિ સમક્ષ નૃત્ય કરી રહી છે એટલી જ વાત દિગ્દર્શકે પ્રેક્ષકોને કહેવી છે અને એટલે એણે આ ક ફ્રેમ બનાવી છે.

જ્યારે ખ ફ્રેમમાં ૐ અને નર્તકી શરીરનો કમર નીચેનો ભાગ કાઢી નાખ્યો છે. (એ ફ્રેમમાં સંતુલન ન હોવા છતાં નર્તકીની આંખ જો શિવ તરફ હોત તો એ સ્વીકાર્ય અને અર્થભર બનત.) ગ ફ્રેમમાં નર્તકીની જમણા હાથની મુદ્રાથી એટલું વ્યક્ત થાય છે કે એ નૃત્ય કરી રહી છે; ક્યાં, કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં એ સ્પષ્ટ થતું નથી; પરંતુ એ 'ફ્રેમ' પડદે જરૂરી વિગતો તો આપી જ શકી છે. ફ્રેમ ઘ માં ડમરુ અને ત્રિશૂલધારી શિવની મુદ્રા છે; એ મૂર્તિ ક્યાંય પણ, કોઈ પણ સમયે, હોઈ શકે. બાકીની વાસ્તવિકતા એ ફ્રેમ બહાર હોવાથી કોઈ અન્ય વસ્તુ સાથે એનો સંબંધ બાંધી શકાય એમ નથી; જ્યારે ફ્રેમ ચ માં શિવનો ક્લોઝઅપ છે, અને શિવ પણ કઈ સ્થિતિમાં, ક્યાં છે એ બાકીની વાસ્તવિકતા કપાઈ જાય છે. જટાથી એ શિવ છે એમ લાગે છે, પરંતુ એ ડમરુ - ત્રિશૂલધારી ચતુર્ભુજ મૂર્તિ છે અને ગળે હાર સાથે ૐના આસન પર બિરાજેલા છે એ અર્થ નીકળતો નથી. અને છતાં એ ક થી ચ સુધીની બધી ફ્રેમ બને





જ છે.

એ જ રીતે શ્રીદેવીના જમણા હાથની 'હંસાસ્ય' મુદ્રામાં, તર્જની અને અંગૂઠો એકબીજાને સ્પર્શે છે એની એટલી જ, ફ્રેમ બનાવો તો એક અર્થ નીકળે, અને એના બે પગની જ ફ્રેમ બનાવો તો બીજો અર્થ નીકળે. એ કોઈ પણ નર્તકીની મુદ્રાઓ હોઈ શકે. એ જ રીતે શિવનું એકલું ડમરુ, ત્રિશૂલ કે ૐ પણ ફ્રેમ થઈ શકે. એ 'ફ્રેમમાં જે કંઈ મૂકો' તે અર્થભર અને સુંદર લાગવું જોઈએ, અને એ ફ્રેમ દ્વારા શું વ્યક્ત કરવું છે તેની રેખા એટલે કે મર્યાદા કલાત્મક રીતે નક્કી થઈ હોવી જોઈએ.

આપણે સામાન્ય માનવ-આંખથી લગભગ લંબગોળાકારમાં દૃશ્યો જોઈએ છીએ. એટલે આવી ચોક્કસ ચોરસ કે લંબચોરસ ફ્રેમનો આપણને અનુભવ હોતો નથી. અરીસામાં જે નિહાળીએ કે જે ઝીલીએ તે પણ 'ફ્રેમ'નો અનુભવ આપણને કરાવી શકે. વાહન સાથે લગાડવામાં આવેલ 'રિઅર ગ્લાસ' પણ એ જ ઉદાહરણ ગણાય. એ બન્નેના ઉપયોગ વખતે આપણને જેટલું જરૂરી હોય છે એટલું જ દૃશ્ય એમાં આપણે ઝીલીએ છીએ. ધ્યાન કેન્દ્રિત કરવા માટે એ રીતે આપણે ''ફ્રેમ' કરીએ છીએ. ફિલ્મને પડદે પણ એ જ રીતે માત્ર જરૂરી જ નહીં, પણ કલાત્મક લાગે એ રીતે 'દૃશ્યોને ફ્રેમ કરાય' છે. અલબત્ત, એ માટે એને દૃષ્ટિકોણ (ઍંગલ), પરિપ્રેક્ષ્ય (પર્સ્પેક્ટિવ), પ્રકાશ આયોજન વગેરેથી એ દૃશ્યને ઊંડાણ વગેરે અપાય છે.

દૃશ્યના આ ગુણધર્મો, માનવીની બન્ને આંખ સાથે નિહાળતી હોવાથી સમગ્ર વાસ્તવિકતાને બરાબર 'સમજી' લે છે; પરંતુ પડદે ફ્રેમ થયેલી વાસ્તવિકતા બેપરિમાણી હોવાથી એણે પ્રેક્ષકોને વાસ્તવિકતાનું તથ્ય સમજાવવા દિગ્દર્શકે વધુ મહેનત કરવી પડે. અલબત્ત, આ ફ્રેમ પણ ડાબેજમણે, ઊંચેનીચે, દૂર નજીક સરીને સમગ્ર વાસ્તવિકતા દર્શાવી શકતી હોવાથી એ માનવ-આંખનું કામ પૂરેપૂરું નહીં તો પણ, દિગ્દર્શકને જરૂરી હોય એટલું તો અર્થભર બનાવી જ શકે.

બીજી કોઈ તસવીર કે વાસ્તવિકતાને પણ તમે આવી 'ફ્રેમ'માં વિભાજી કે વિસ્તારીને વિગતે સમજી શકશો. અહીં આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે એક હાથના અંગૂઠા અને આંગળીના કાટખૂણા ઉપર બીજા હાથના અંગૂઠા અને આ આંગળીનો કાટખૂણો ઊંધો મૂકવાથી હાથની એવી ફ્રેમ બનશે, જેને એક આંખ બંધ કરીને જોવાથી, ફિલ્મના દિગ્દર્શકો કરે છે તેમ, તમે પણ કોઈ પણ સાધન વિના, ફ્રેમ બનાવી શકો. સાદા કૅમેરાનું વ્યૂફાઈન્ડર પણ એ જ કામ આપે છે. દિગ્દર્શકો માટે તો ખાસ એવું 'ડાઈરેક્ટર્સ વ્યૂફાઈન્ડર' હોય છે, જે ઝૂમ લેન્સ સાથે હોવાથી ફ્રેમ, કૅમેરાની ગતિ, ઝડપ, દિશા વગેરે નક્કી કરી, એ કૅમેરામૅનને સમજાવી શકે. દિગ્દર્શકના આ કામમાં પણ એકેએક ફ્રેમને કેવી રીતે અર્થભર, આકર્ષક અને કલાત્મક બનાવવી એ જ નિર્ણાયક હોય છે.

ટૂંકમાં, સમગ્ર જીવનની વાસ્તવિકતામાંથી કલાકાર પોતાને 'જરૂરી હોય તો ફ્રેમ' કરે છે. આ વિભાવના થોડી જાડી રીતે, સમગ્ર કલાપ્રવૃત્તિને લાગુ પડે છે. દા.ત. આટલાં બધાં પાત્રોમાંથી કોઈ એક પાત્ર, એ પાત્રોનાય સમગ્ર જીવનમાંથી 'કેટલીક ક્ષણોને ફ્રેમ' કરી વાર્તા કે નાટક બને. સંગીતરચના માટે આટલા બધા ધ્વનિઓ અને વાદ્યોમાંથી અમુક સ્વરો અને શ્રુતિઓ એ જ રીતે પસંદ થાય એટલે કે ફ્રેમ થાય. રંગો, માધ્યમો, રેખાઓ અને જગ્યાઓમાંથી અમુક જગ્યાએ અમુક રંગ-રેખાઓને કલાત્મક ગોઠવવાથી એ ચિત્ર બને. ટૂંકમાં, ફ્રેમ કરવું એટલે પસંદગી

(અનુસંધાન પાન ૧૫૯ ઉપર)



પડસાળ

મણિલાલ હ. પટેલ

નવલા વેવાઈઓ આ'યા ઢોલૈયા ઢળાવો રે
ઢોલેયોનાં આંણ તૂટ્યાં પડસાળે સુવડાવો રે
પડસાળોની ભોંય ભાંગી ડુંગરે ચઢાવો રે
ડુંગરોના પથરા ગબડ્યા ભૂખ્યા વળાવો રે
નવલા વેવાઈઓ આ'યા ઢોલૈયા ઢળાવો રે...

બેન-દીકરીનું પહેલું આણું થાય અને સાસરિયા પરોણા પધારામણી કરે તે વેળાએ લુણાવાડિયા કણબી-કન્યાઓ કે વહુવારુ ભેગી મળીને આવાં ફટાણાં ગાય છે.

આ ગાણામાં આવતી પડસાળનું પાટીદારોના ઘરસંદર્ભે ભારે મહત્ત્વ છે. પડસાળ વગરનું કોઈ ઘર ના હોય. પડસાળ એટલે ઘરનો આગળનો ભાગ. ચોપાડમાં પ્રવેશતાં પહેલાં મુખ્ય બારણાથી નેવાં સુધીનો દશબાર ફૂટ લાંબો ને ઘરની પહોળાઈ જેટલો વિસ્તરેલો, કુંભી ટેકા, ચોખળાં-પાટડીઓ અને પેલ્લી-ઓટલીઓથી શોભતો ખુલ્લો ઘર-ભાગ તે પડસાળ. ખુલ્લી લાંબી જગા, પાટડીઓની હાર, એને તથા ઢળતા પડાળને ટેકવતી પથ્થર કે લાકડાની કોતરણીવાળી કુંભીઓ, ક્યારેક જાળી મઢેલી તો ક્યારેક કોલા વાળેલી અડધી બંધ કે મોટે ભાગે ઓટલીઓથી શોભતી આ પડસાળો! ફળિયામાં હારબંધ ઘર હોય સામસામે, ચારચાર પાંચપાંચ ઘરોની બબ્બે સામસામી હારો...ને એ બધાં ઘરોની જોડાયેલી પડસાળો...! એકસામટા હજાર પંદરસો માણસોને જમવા બેસાડી શકાય અને સભા-મીટિંગ પણ કરી શકાય. આ પડસાળની સોઈ લોભામણી ગણાય.

આ લાંબી પડસાળોમાં ભીંતે ઊભા કરેલા હારબંધ ખાટલાઓ, એમાં દોડાદોડી કરતાં ને સંતાકૂકડી રમતાં છોકરાં. ફળિયા વચ્ચે લીલુડા લીમડાઓની હારમાળા... બે બાજુ પડસાળો! સાંજે ખાટલાઓ ઢળાઈ જાય હારબંધ. ફળિયે છૂટે ગાડાં. વૃદ્ધોની વાતો ચાલે ને અધકચરાં જગધાં તાસબાજી રમે. પડસાળે મહેમાનપરોણાના ખાટલા ઢળાય. ફૂવા...મામા જેવા આધેડ મહેમાનો સિવાય કોઈને ઘરચોપાડમાં વાતેવાતે પહોંચી જવાનો હક્ક નહીં, એમાં વિવેક પણ ના કહેવાય.

મહેમાન તો પડસાળે સમાય. એમાં ય નવા જમાઈ કે તાજા વેવાઈઓનો તો પડસાળે જ મુકામ. ખાટલેખાટલે રુએલ ગાદલાં, ગોદડીઓના ટેકા ને પાંગથે ઓશિકાં. કસદાર તમાકુવાળા રૂપેરી હુક્કા પિવાતા હોય; રામરામ કરીને ખબર પુછાતી હોય, નવાંનવાં કેડિયાં ને ઊજળી ટોપીઓ કે આંટાદાર ફાળિયાવાળા મહેમાનો ચાના કપ પીતા હોય, દેશી તીસ નંબર બીડી બાજુએ મૂકીને વિલાયતી ધોળી કે તાજછાપ બીડીઓની તાસકો ફરતી હોય ત્યારે પડસાળનો મોભો લાગે!

નવજુ જમાઈ પણ ખાટલે બેઠા હોય ને ઓરડેથી એમને બેનદીકરીઓ લળી, વળીને જોતી હોય. અલકમલકની વાતો, ન્યાત-આબરૂ-આગેવાનો-ખર્ચાપાણી-વિવાહવાજન-તેડાં-આણાંની વાતોના તડાકા વડતા હોય, વહુવારુઓ પાણીનાં બેડાં લઈને રેશમિયા સાડલાના લાંબા ઘૂમટા તાણી પાણી ભરવા જતી-વળતી હોય... વડીલો કળશે-પ્યાલે પાણી કે શરબત વહેંચતા હોય... ત્યારે આખું ફળિયું પડસાળનો વૈભવ જોઈ રહે... જેની પડસાળ પોસાતી હોય એની આબરુની ધજાપતાકા ય મલક આખામાં ફરફરતી હોય...

પડસાળની પાળ જેવી માટીની પેલ્લીઓનો એક જમાનો હતો. એ પછી ઇંટસિમેન્ટની ઓટલીઓથી પડસાળો વધારે સોહામણી બનેલી, કોઈએ જાળીઓ મઢાવી તો કોઈએ ખુલ્લાશ

આવકારી. ધાબાવાળાં ઘર થયાં તો પણ, લાંબી પડસાળો તો અકબંધ છે. પાટીદારની બ્હોળી ન્યાતમાં ને ખેતીના ધંધામાં પડસાળનો વારેવારે ઉપયોગ હોય. પડસાળો ખાલી ના હોય કદી. દોરીઓના હીંચકા બાંધી ઝૂલતાં હોય છોકરાં પડસાળે. કોઈકે મોટા કડીવાળા હીંચકા બનાવ્યા હોય. એક જમાનામાં ઊઘરાણીવાળા વાણિયાઓ ઘોડે ચઢી આવતા ને પડસાળે પડાવ નાખતા. આજે તલાટી-મંત્રી આવે કે ગ્રામસેવક... પડસાળમાં સદાય ઢાળેલા રહેતા ખાટલે એમનાં બેસણાં. જમીન-વેરો લેવાય કે નવાં બિયારણની વાતો ચાલે. ઘાંયજો રોજ સવારે વતાં-દાઢી કરવા આવે એની બેઠક પડસાળની પહેલી કુંભીને ટેકે. માગવા આવેલા રાવળિયાઓનો પડસાળકોલામાં રાતનો પડાવ હોય. એમનું ભજન હોય તો પડસાળ ભરાઈ જાય. ચોપાડે-ઓરડે નવજુવાનોનો ઘરસંસાર મંડાય એટલે ડોસા-ડગરાના ડેરા ઘરમાંથી ઊઠીને પડસાળે મંડાય. ચોમાસે હળલાકડાં ને ઘાસ ભારાઓથી ભરેલી પડસાળોમાં ગાલ્લાં ય ઘાલી દેવાયાં હોય. પાછાં ગાલ્લાંમાં ઘાસફૂસ કે લાકડાં-છાણાં ભર્યાં હોય. બધાંને વરસાદથી બચાવતું ફળિયું ચોપાસે ગોદામ જેવું, આડેધડ ખડકાયેલું! ગાડામાં કૂતરાંનો કાયમી મુકામ. ડગરી થયેલી ભેંસો કે મરવાને વાંકે જીવતા ઘરડા બળદ પણ પડસાળને ખૂણે છેલ્લા દિવસો ખૂટવતા હોય.

પરંતુ આ પડસાળનો ખરો વટ તો ઉનાળે. ખેતીબેતીમાંથી પરવારેલા પાટીદારો વૈશાખમાં લગ્નો લે ત્યારે પડસાળો સજીવન થઈ ઊઠે. ઘડપણ ઉતારીને જુવાન થઈ જાય. અમે જાતે પડસાળની ભીંતોને કળીચૂનાથી રંગીએ. નીચેના ભાગમાં લીલી-પીળી માટીના પટ્ટા કરીએ ને ધોવાનાં કપડાંમાં વપરાતી ગળીથી ચિત્રકામ કરવા સાથે 'Wel come' લખીએ. ભીંતો પોતાનો ઓઘરાળો ચહેરો છોડીને જાનૈયાઓ સાથે જાનમાં જવાની હોય એવી દીપી ઊઠે. બારણાંને પાકા રંગો થાય, સોનેરી-રૂપેરી રંગથી જાળીના સળિયા રંગીએ. કુંભીઓ તથા ચોખળાંને ય રંગ કરીએ. ઓટલાઓને ય ભાતીગળ બનાવીએ. આંગણું લાલ માટીથી પુરાય. એમાં મંડપ રોપાય, ચોરી થાય. પડસાળો ઓકળિયોથી હસી ઊઠે. સાજનમાજન પડસાળે જમાવટ કરે. પડસાળ પોતે જ ગાતી હોય -

'નાણાંવટી રે સાજન બેઠું માંડવે..
જેવી ખડખડતી વ્હેલ્યો
એવી મોંઘીબેનની બેનો... નાણાંવટી રે....'

પડસાળ જ વાડી ને પડસાળ જ માંડવો. તોરણ શોભતાં હોય ટોડલે. અમે દીવાસળીનાં ખોખાંને સિગરેટના થોકલા લગાવીને સરસ ચકરડીઓ કરીને પડસાળ સજાવી હોય. પવન આવતાં ફરતી ચકરડીઓને મહેમાનો જોઈ રહે... અમારો હરખ ના સમાય! આંગણું રાજીરાજી દેખાય.

અનાજ પાકે ત્યારે મકાઈડોડાથી પડસાળો છલકાઈ જાય. ડાંગર-મગફળીની ગુણો ખડકાય પડસાળે. ક્યારેક કપાસના ઢગલા તો ક્યારેક પરાળ યા બાજરીજુવારના પૂળાને વરસાદે પલળતા બચાવવા ભર્યા હોય પડસાળે. પડસાળના કોલે ઘંટી મંડાય, ખાંડણિયે ડાંગર ખંડાય ને તુવરની દાળ છડાય તે ય પડસાળને ખાંડણિયે! ખાટલે પાટલા માંડી સેવો પાડવામાં આવે. કેરીઓનાં ખાટિયાં ય પડસાળે પથરાય. પાપડ-પાપડી વણાય તે ય પડસાળની મોકળાશમાં. પહેલી વાર પ્રસંગે આવેલી વિવાહિતા પડસાળે બૈરાં ભેગી જમવા બેઠી હોય ને એનો ભાવિ નાહોલિયો દાળ પીરસવા જતાંજતાં શરમાતો હોય, કોટમાં દોરો, હાથે ઘડિયાળ ને આંગળિયે વીંટી, ગળામાં રૂમાલ... છેલછબીલાની બધાં મજાક કરતાં હોય ને પેલી વાગદત્તા કંકુ જેવું લાલલાલ શરમાતી હોય! પડસાળને માટે આવા અવસર તે ધન્યતાના અવસર ગણાય.

પડસાળે જુવાનિયા પત્તાં રમે, ખાટલા ઉકેલાય ને નવા આંણાથી ભરાય. ઘર લીંપવાના ગારા પડસાળે ઘલાય. રાતે છોકરાં પડસાળે વાંચે. દિવાળીએ પડસાળના ભીંતગોખલે દીવાઓ મુકાય. સામસામે દીપમાળાઓ ઝગી ઊઠે. પડસાળે દારૂખાનાં ફૂટે - ફૂલઝરીઓ સળગે ને ઘંટીઓ રમે. દાદા રામાયણ-મહાભારત વાંચે તે ય પડસાળે. વહુ સાસુના માથામાંથી જૂ-લીખ વીણે, ફોઈ ગોદડીઓ કરે, દાદા પગનો કાંટો કાઢે, તેય પડસાળે. ભાઈ રિસાઈને પડસાળના ખાટલે સૂઈ જાય. ભાભી પડસાળના કોલામાં જઈને આંસુ વહાવે-છુપાવે. પડસાળ સો વાતની સાક્ષી. ફૂલેકાં પડસાળે ઊતરે. કસુંબાપાણી ય પડસાળે.

કોઈના મરણ વેળા ડાઘુઓ બેસે પડસાળે. કાણમોંકાણ કે બેસણાં-લોકાચારવેળાએ ખરખરો કરવા આવનારાંથી ભરાઈ જાય પડસાળો. પડસાળે અમે ભમરડા રમ્યા, લખોટીઓ હાર્યા-જીત્યા. કિટ્ટા કરીને અબોલા તોડ્યા... ભેરુઓ સાથે લડ્યા કે હળ્યા-મળ્યા તે બધું ય પડસાળમાં... પડસાળે પાળ્યા-ઉછેર્યા, ખોળે ઢબૂર્યા, સાંત્વના આપી... એ પડસાળથી આજે વેગળા પડી ગયાનો વસવસો છે. ધીમેધીમે ગામઘરો પડસાળો વગરનાં થતાં જાય છે. એક આખી પડસાળ ! સંસ્કૃતિ અલોપ થઈ જવા બેઠી છે !! □



નિમ્ફિયા સ્ટીલાટા વનસ્પતિ નિમ્ફીએસી કુળની દ્વિદળી પ્રકારની વનસ્પતિ છે. અંગ્રેજીમાં લૉટસ ઑફ ઇન્ડિયા અને ઇન્ડિયન બ્લૂ વૉટર લિલિ તરીકે ઓળખાય છે. હિન્દીમાં અને ગુજરાતીમાં નીલકમલ કે નીલપદ્મ, મરાઠીમાં કૃષ્ણકમળ કે પોયણા તરીકે ઓળખાય છે. બહુવર્ષાયુ અને જલજ પ્રકારની આ વનસ્પતિ મીઠા પાણીનાં તળાવ, ખાડા-ખાબોચિયાંમાં ઊગે છે. ભારતમાં સર્વસ્થળે તે ઊગે છે. તેનું મૂળ તંતુમય અને પ્રકાંડ ગાંઠમૂળી. તળાવના તળિયાની જમીનમાં ખૂંપીને તે પાણીમાં થાય છે. પર્ણ સાદાં, પર્ણદંડ લાંબો નળાકાર અને પર્ણપાત્ર પાણીની સપાટી પર, આકાર ગોળ અને વ્યાસ ૧૦-૧૨ સેન્ટિમીટર, પર્ણકિનારી દંતુરિત, અનિયમિત તેમજ ઉપલી સપાટી લીલા રંગની અને નીચલી સપાટી બ્લૂ વાયૉલેટ, પુષ્પો દ્વિલિંગી એકાંકી,

નિમ્ફિયા સ્ટીલાટા

(નીલકમલ)

પ્રો. એન. એન. ઉદવાડિયા

પુષ્પદંડ નળાકાર અને ખૂબ જ લાંબો હોય છે, જે પુષ્પને પાણીની સપાટી પર રાખે છે. પુષ્પો વિવિધરંગી હોય છે. બ્લૂ ગુલાબી, સફેદ, પીળાશ પડતાં અને ૯થી ૧૮ સે.મી. વ્યાસવાળા હોય છે. વજ્રપર્ણો લીલાં અને કાળાં ધાબાંવાળાં, પાંખડી ૧૧-૧૪ અને વિવિધ રંગી, પુંકેસર ૩૩-૫૪, પુંકેસર તંતુ પીળાશ પડતા, સ્ત્રીકેસર અનેક અને સંયુક્ત.

નિમ્ફિયાની વિવિધ જાતિઓ પ્રમાણે પુષ્પો ૨-૬ દિવસ પાણીની સપાટી પર રહે છે. સૂર્યોદય સમયે ખીલે છે અને સૂર્યાસ્ત સમયે બિડાય છે. કેટલીક જાતિઓનાં પુષ્પો સુગંધીદાર હોય છે. પરાગનયન ભ્રમરો કે મધમાખી દ્વારા થાય છે. ફલન પછી પુષ્પદંડ અનેક સ્થળે વાંકો વળી પુષ્પોને પાણીમાં ખેંચી લે છે. પાણી છીછરું હોય તો પણ પુષ્પદંડ વાંકો વળી પુષ્પોને પાણીમાં ખેંચી લે છે. ત્યાર બાદ પુષ્પમાં ફળ અને બીજ ઉત્પન્ન થાય છે. ફળ બદરી પ્રકારનું અને અસંખ્ય બીજવાળું હોય છે. ફળમાં બીજ પરિપક્વ થતાં ૬-૧૦ અઠવાડિયાં થાય છે. ફલાવરણ તૂટવાથી બીજ ફળની બહાર પાણીની સપાટી ઉપર નીકળે છે. બીજનો વાદળી સદશ બીજોપાંગ તેને પાણીની સપાટી ઉપર તરતું રાખે છે. બીજનું માતૃછોડથી દૂર પ્રસરણ પાણીના પ્રવાહ દ્વારા થાય છે. ત્યાર બાદ બીજ પાણીમાં જમીનની અંદર ખૂંપી અંકુરણ પામી બાળછોડ થાય છે. કુદરતી રીતે જાતિઓ વચ્ચે સંકરણ થવાથી નવી જાતિઓ ઉત્પન્ન થતી જાય છે. કૃત્રિમ રીતે સંકરણ કરી અનેક નવી જાતિઓ વિકસાવવામાં આવી છે.

આ જાતિને કેટલીક નિમ્ફિયા એરુલિયા (ઇજિપ્સિયન બ્લૂ લૉટસ) અથવા નિમ્ફિયા કેપેનસીસ (કેઈપ બ્લૂ વૉટર લિલિ) તરીકે ભૂલથી ઓળખે છે. આ જાતિની સાચી ઓળખ માટે દંતુરિત પર્ણકિનારી અને નાનાં સુગંધરહિત પુષ્પો છે.

ઉપયોગ :

પ્રકાંડ, પર્ણો, પુષ્પ અને પુષ્પદંડ શાકભાજી તરીકે વપરાય છે.

પરિપક્વ પ્રકાંડને બાફીને કે શેકીને ખવાય છે. પ્રકાંડમાં કાર્બોદીત અને તૈલી પદાર્થો સારા પ્રમાણમાં હોય છે.

ફળમાં આવેલાં બીજનો દળીને લોટ બનાવી ઘઉં, ચોખા, બાજરીના લોટ સાથે ભેળવી, રોટલા-રોટલી બનાવવામાં આવે છે. બીજના લોટમાં અગમ્ય વાસ હોવાથી બીજા લોટ સાથે તેને ભેળવવમાં આવે છે.

પરિપક્વ પ્રકાંડનો લોટ દવા તરીકે પાઈલ્સ (મસા), ડાયેરિયા (ઝાડા) અને ડિસપેપ્સીઆ જેવા રોગો માટે ઉપયોગી છે.

પ્રકાંડનો ઉકાળો મૂત્રપિંડના રોગો પર ઉપયોગમાં લેવામાં આવે છે. મડાગાસ્કરનાં લોકો એરિસિપેલાસ (Erysipelas) પર તેનો ઉપયોગ કરે છે. પર્ણનો ઉકાળો તાવ પર છે. પુષ્પનો ઉકાળો નશો લાવે છે.

બીજનો ઉપયોગ પેટના દુઃખાવા માટે થાય છે.

પુષ્પોનો ધાર્મિક ઉપયોગ ભગવાનને ચઢાવવામાં થાય છે.


નિમ્ફિયા આલ્મા અથવા યુરોપિયન વૉટર લિલિ કાશ્મીરમાં ૧૮૦૦ ફૂટની ઊંચાઈએ તળાવોમાં જોવામાં આવે છે. તેનાં પુષ્પોનો રંગ સફેદ હોય છે. નિમ્ફિયાની અન્ય જાતિ પણ ભારતમાં થાય છે.

પ્રકાંડમાં કાર્બોદીત, નત્રલ અને તૈલી પદાર્થ ઉપરાંત

(અનુસંધાન પાન ૧૫૯ ઉપર)

પૂર્વ આફ્રિકામાં ગુજરાતીઓ-૫

ડૉ. જયકુમાર ર. શુક્લ



જૉન એન્સવર્થે ઈ.સ. ૧૯૦૫માં કેનિયા વિષેના તેના આર્થિક બાબતોને લગતા હેવાલમાં જણાવ્યું હતું કે આ દેશમાં હાલમાં ઉપયોગમાં લેવાતી વેપાર તથા ઉદ્યોગોમાંની મૂડીના ૮૦ ટકા ભારતીય મૂડી છે. તે સમયના જેક્સનના હેવાલમાં પણ જણાવવામાં આવ્યું છે કે કેનિયાના ઉદ્યોગો અને વેપાર શરૂ કરવામાં અને તેને ચલાવવામાં ૮૦ ટકા ફાળો ભારતીયોનો છે. આ ભારતીયોમાં વેપાર-ઉદ્યોગ પર અંકુશ ધરાવનારા ઘણાખરા ગુજરાતીઓ હતા. એ રીતે મોમ્બાસાની ઘણીખરી નામાંકિત પેઢીઓએ પોતાની શાખાઓ યુગાન્ડાના કમ્પાલા, એન્ટેબી અને જિંજામાં શરૂ કરી હતી અને ત્યાં ભારતીય બજારો વિકસ્યાં હતાં.

સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે આવેલા વેરાવલમાં ઈ.સ. ૧૮૮૫માં જન્મેલા અલિ કાસમ નામના ઇસ્માઈલી ખોજા, ૧૯૦૬માં ૨૧ વર્ષની ઉંમરે પોતાનું ભાગ્ય અજમાવવા પૂર્વ આફ્રિકા ગયા. શરૂમાં છ મહિના નોકરી કર્યા બાદ એલ્દામા રેવિનમાં પોતાનો વેપાર શરૂ કર્યો. સખત પરિશ્રમથી તેમણે પ્રોવિઝન્સ અને દારૂના વેપારમાં સફળતા મેળવી એલ્ડોરેટ, કાચિલ્બા અને કિતાલેમાં તેમની શાખાઓ સ્થાપી. ૧૯૨૪માં તેમણે કાકામેધા, કિતાલે અને એલ્ડોરેટમાં બાંધકામનો વ્યવસાય પણ શરૂ કર્યો. તેમણે ઇન્ડિયન એસોસિએશનના પ્રમુખ, શાળા સમિતિના અધ્યક્ષ અને ઇસ્માઈલી જમાતના મુખી તરીકે ૧૨ વર્ષ સુધી સેવાઓ આપી હતી. નામદાર આગાખાને તેમને 'રાય'નો ખિતાબ એનાયત કર્યો હતો.

યુગાન્ડામાં રૂ, ખાંડ અને બીજા ઘણા ઉદ્યોગો વિકસાવનાર શેઠ મૂળજીભાઈ પ્રભુદાસ માધવાણી, સૌરાષ્ટ્રમાં બિલેશ્વર નજીક આવેલા આંસિયાપાટ ગામના વતની હતા. તેમનો જન્મ ૧૮ મે, ૧૮૯૪ના રોજ થયો હતો. તેમણે રાણાવાવમાં સાતમા ધોરણ સુધી અભ્યાસ કર્યો અને થોડું અંગ્રેજી પણ ભણ્યા. તેમના મોટા ભાઈ નાનજીભાઈ માધવાણી અને પિતરાઈ ભાઈઓ વિઠલદાસ હરિદાસ ઍન્ડ કંપનીના નામથી વેપાર કરતા હતા. પોતાના પિતાનો વિરોધ હોવા છતાં મૂળજીભાઈ યુગાન્ડા ગયા અને ઇગન્ગામાં ૧૯૦૯માં વિઠલદાસ હરિદાસ એન્ડ કંપનીની દુકાનમાં મુનિમ તરીકે જોડાયા તથા ૧૯૧૩માં તે જ પેઢીના ભાગીદાર પણ બન્યા. મૂળજીભાઈ ૧૯૧૩માં જિન્જાની હેડ ઓફિસમાં આવ્યા અને સખત પરિશ્રમ, વેપાર રીસૂઝ તથા ભાગીદારોના સંપૂર્ણ સહકારથી તેમના વેપારનો વિકાસ કરીને યુગાન્ડાના આગેવાન ઉદ્યોગપતિઓની હરોળમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું. ઈ.સ. ૧૯૪૭માં વિઠલદાસ હરિદાસ ઍન્ડ કંપની વિખેરી નાખ્યા બાદ મૂળજીભાઈએ કાકિરા શુગર વર્ક્સનું સંચાલન હાથમાં લીધું. તે પછી તેમણે (૧) ૫ માધવાણી શુગર વર્ક્સ લિમિટેડ, (૨) મૂળજીભાઈ માધવાણી ઍન્ડ કંપની લિમિટેડ, (૩) માધવાણી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને (૪) મૂળજીભાઈ માધવાણી ઇન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ – એમ ચાર નવી પેઢીઓની સ્થાપના કરી.

ઉપર્યુક્ત ઔદ્યોગિક સાહસોના નેજા હેઠળ મૂળજીભાઈએ ખાંડનાં કારખાનાં, શેરડીનાં ખેતરો, તેલની બે મિલ, સાબુનાં બે કારખાનાં, ત્રણ જિનરી, ચાનો બગીચો, વેજિટેબલ ઘીનું કારખાનું તથા અન્ય ઉદ્યોગોનો વિકાસ કર્યો. તેમના ઉદ્યોગોનું સ્થળ માધવાણીનગર તરીકે પ્રખ્યાત બન્યું છે. એક સામાન્ય દુકાનના મુનિમ તરીકે જીવનની શરૂઆત કરનાર મૂળજીભાઈના પરિશ્રમ, બુદ્ધિ અને કુશળતા દ્વારા પ્રાપ્ત કરેલ સિદ્ધિઓના પુરાવા રૂપે માધવાણીનગર અસ્તિત્વ ધરાવે છે.

ઈ.સ. ૧૯૫૮માં માધવાણીનગરમાં ૧૨,૦૦૦ આફ્રિકાવાસી, ૪૦૦ ભારતીય તથા કેટલાક યુરોપિયનો નોકરી કરતા હતા. તેમની શુગર એસ્ટેટની રેલવે ૧૦૦ માઈલ લાંબી હતી તથા તેની માલિકીનાં ૧૭ ડિઝલ એન્જિન તથા ૪ સ્ટીમ એન્જિન હતાં. માધવાણીનગરમાં શાળાઓ, ક્લબો, પુસ્તકાલયો, આરોગ્ય કેન્દ્રો તથા અન્ય સામાજિક પ્રવૃત્તિઓની સુવિધાઓ ઉપલબ્ધ

હતી. ત્યાંના સર્વે નોકરી કરનારનાં બાળકોને શાળાઓમાં મફત શિક્ષણ આપવામાં આવતું હતું.

પોતાના અનેક ઉદ્યોગોની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ હોવા છતાં મૂળજીભાઈ જાહેર પ્રવૃત્તિ માટે સમય ફાળવતા હતા. યુગાન્ડા કોટન એસોસિએશન, યુગાન્ડા પ્લાન્ટર્સ એસોસિએશન, જિન્જા ઇન્ડિયન એસોસિએશન તથા ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખ તરીકે તેમણે ઘણાં વર્ષો સુધી સેવાઓ આપી હતી. વિવિધ ક્ષેત્રોમાં તેમણે કરેલી જાહેર સેવાઓની કદર કરીને તેમને 'એમ.બી.ઈ.' (મેમ્બર ઑફ ધ બ્રિટિશ એમ્પાયર)નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે જાહેર સંસ્થાઓ માટે ઉદાર સખાવતો કરી હતી. કમ્પાલામાં મૂળજીભાઈ માધવાણી કૉમર્સ કૉલેજ ફૉર આફ્રિકન્સ સહિત અન્ય સ્કૂલો અને શિક્ષણ સંસ્થાઓમાં તેમણે દાન આપ્યાં હતાં. ઈ.સ. ૧૯૫૮માં યુગાન્ડાના આ સફળ ગુજરાતી ઉદ્યોગપતિનું અવસાન થયું.

કેનિયાના જાહેર જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવનાર જગન્નાથ ભવાનીશંકર પંડ્યાનો જન્મ ભાવનગર રાજ્યના શિહોર ગામે ૧૨ જાન્યુઆરી ૧૮૯૧ના રોજ થયો હતો. તેમણે ભાવનગરની આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં શિક્ષણ લીધું અને ૧૯૦૭માં પૂર્વ આફ્રિકા જઈને બ્રિટિશ સરકારના જકાત ખાતામાં જોડાયા. પરંતુ પોતે મહત્ત્વાકાંક્ષી હોવાથી તે નોકરીનો ત્યાગ કરીને વેપારના ક્ષેત્રમાં સ્વતંત્ર કારકિર્દી શરૂ કરી. ઈ.સ. ૧૯૧૭માં તેમણે પંડ્યા ઍન્ડ કંપની લિમિટેડ નામથી વેપારી સાહસ શરૂ કરીને આજીવન તેના મૅનેજિંગ ડિરેક્ટર રહ્યા. ૧૯૨૬માં તેમણે પંડ્યા પ્રિન્ટિંગ વર્ક્સ લિમિટેડની સ્થાપના કરી અને 'કેનિયા ડેઈલી મેઈલ' નામથી અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં દૈનિક અને સાપ્તાહિક પ્રગટ કરવા માંડ્યાં. તેમણે ૧૯૩૩માં પંડ્યા એજન્સીઝ લિમિટેડ સ્થાપીને યુરોપના દેશોમાં વેપાર વિકસાવ્યો. તેમના વેપારનો વિસ્તાર નૈરોબી (કેન્યા), કમ્પાલા (યુગાન્ડા) તથા દારે સલામ (ટાન્ઝાનિયા)માં થયો અને વેપાર-રોજગારમાં તેમણે અપૂર્વ સિદ્ધિ મેળવી.

પંડ્યાશ્રી પૂર્વ આફ્રિકામાં ભારતીયોના જાહેર જીવનનું નેતૃત્વ કરવા માટે વધારે ખ્યાતિ, આદર અને પ્રતિષ્ઠા પામ્યા હતા. તેમણે ઇસ્ટ આફ્રિકા ઇન્ડિયન નેશનલ કૉન્ગ્રેસના માનદ્ મંત્રી તરીકે જાહેર જીવનનો આરંભ કર્યો. મોમ્બાસા જિલ્લા સમિતિમાં ૧૯૨૦થી ૧૯૨૫ સુધી સેવા કર્યા બાદ ૧૯૨૫માં ઇન્ડિયન એસોસિએશનના પ્રમુખ બન્યા. એ જ વરસે તે કેનિયાની લેજિસ્લેટિવ કાઉન્સિલના ભારતીય સભ્ય તરીકે ચૂંટાયા, પરંતુ કૉન્ગ્રેસના આદેશથી ૧૯૨૭માં તેમાંથી રાજીનામું આપ્યું.

ઇન્ડિયન મરચન્ટ્સ ચૅમ્બર, મોમ્બાસાના પ્રમુખ તરીકે જગન્નાથ પંડ્યાએ ૧૯૨૬થી ૧૯૩૧ સુધીનાં છ વર્ષ ખૂબ સફળ કામગીરી બજાવી. ફ્લોઝર યુનિયન કમિશન તથા સર સેમ્યુઅલ વિલ્સન સમક્ષ ઇસ્ટ આફ્રિકન ઇન્ડિયન નેશનલ કૉન્ગ્રેસે મોકલેલા પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે તેમને ચૂંટવામાં આવ્યા. પૂર્વ આફ્રિકામાં વસતા ભારતીયોનો કેસ ભારતની સરકાર તથા લોકો સમક્ષ રજૂ કરવા માટે ૧૯૨૯માં મોકલેલા ભારતીય પ્રતિનિધિમંડળનું તેમણે નેતૃત્વ સંભાળ્યું હતું. ફેડરેશન ઑફ ઇન્ડિયન ચૅમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝની તેમણે ૧૯૩૨માં સ્થાપના કરી અને ૧૯૩૨થી ૧૯૩૫ સુધી તથા દ્વિતીય વિશ્વયુદ્ધનાં વર્ષો (૧૯૩૯-'૪૫) દરમિયાન તેના પ્રમુખ તરીકે નોંધપાત્ર સેવાઓ આપી. ત્યાંની કૉન્ગ્રેસના ૧૩મા અધિવેશનના પ્રમુખ તરીકે ૧૯૩૪માં તેમને ચૂંટવામાં આવ્યા. કેનિયાની લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે ૧૯૩૪માં અને ૧૯૩૮માં પંડ્યાને ચૂંટવામાં આવ્યા. પંડ્યાને ૧૯૩૫માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે નીમવામાં આવ્યા. આ ઊંચા હોદ્દા પર તે ૧૯૪૨માં ભારત ગયા, ત્યાં સુધી રહ્યા હતા. તેમની જાહેર સેવાઓની કદર કરીને બ્રિટિશ સરકારે ૧૯૪૧માં તેમને 'સી.બી.ઈ.' 'કમાન્ડર ઑફ ધ બ્રિટિશ ઍમ્પાયર'નો ઇલકાબ અર્પણ કર્યો હતો.

પૂર્વ આફ્રિકામાં રોજગારીની ઘણી તકો પ્રાપ્ત થતી સાહસિકોને વેપાર-વાણિજ્ય વિકસાવવાની શક્યતાઓ અને બ્રિટિશ સંસ્થાનિક નીતિને અનુકૂળ થઈને રહેતા હોવાથી ગુજરાતીઓની સંખ્યા ઝડપથી વધી હતી. આ દરમિયાન કેનિયા અને ટાન્ઝાનિયામાં યુરોપિયનોની સંખ્યા પણ વધી. જાન્યુઆરી ૧૯૦૨માં નૈરોબીમાં યુરોપિયન વસાહતીઓની સમિતિએ ભારતીયોના પૂર્વ આફ્રિકામાં આગમનને નિયંત્રિત કરવાની માગણી કરી. આ ઉપરાંત કેનિયામાં હાઈલૅન્ડના પ્રદેશો યુરોપિયનો માટે અનામત રાખવા જણાવ્યું.

ભેદભાવભરી નીતિઓ સામે વિરોધ વ્યક્ત કરવા એ. એમ. જીવણજીએ મોમ્બાસાના ઇન્ડિયન એસોસિએશનની સભા એપ્રિલ ૧૯૦૬ના રોજ બોલાવી. તેમાં વક્તાઓએ ભારતીયોના હકોનું રક્ષણ કરવાની માગણી કરી. ત્યાર બાદ ૧૯૦૭માં બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા ઇન્ડિયન એસોસિએશન સ્થાપવામાં આવ્યું. ઈ.સ. ૧૯૧૪માં ઇસ્ટ આફ્રિકન ઇન્ડિયન નેશનલ કૉન્ગ્રેસની સ્થાપના કરવામાં આવી. તેણે (૧) વ્હાઈટ હાઈલૅન્ડનો પ્રદેશ ભારતીયો માટે ખુલ્લો રાખવા, (૨) લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ભારતીયો અને યુરોપિયનોની સમાન ધોરણે ચૂંટણી કરવા તથા (૩) કેનિયામાં ભારતીયોના આગમનને પ્રોત્સાહન આપવાની માગણી કરી.

આ સમયે ભારતીયોનું અસરકારક નેતૃત્વ કરવાને

શક્તિમાન, નીડર અને નિઃસ્વાર્થ આગેવાન મણિલાલ અંબાલાલ દેસાઈ ૧૯૧૫માં નૈરોબી ગયા. તેમનો જન્મ સુરત નજીકના ગોતલવાડી ગામમાં, મધ્યમ વર્ગના બ્રાહ્મણ કુટુંબમાં ૧૮૭૯માં થયો હતો. મૅટ્રિકની પરીક્ષા ૧૮૯૯માં પસાર કરી, તેમણે મુંબઈમાં એક સૉલિસિટરની પેઢીમાં ૧૦-૧૨ વર્ષ નોકરી કરી ત્યારબાદ નૈરોબી (કેનિયા) જઈને મેસર્સ હેરિસન સાલમન ઍન્ડ ક્રેસવેલની ઑફિસમાં જોડાયા. તે નોકરી અનુકૂળ ન આવતાં નૈરોબીમાં પોતાની દુકાન કરી, પરંતુ સૌથી વધારે સમય રાજકારણમાં આપવા લાગ્યા. વેપારમાં મોટી ખોટ જવાથી દુકાન બંધ કરવી પડી. તેમના મિત્રોએ લેણું જતું કર્યું. તે પછી તેમણે સંપૂર્ણ સમય જાહેર જીવનને અર્પણ કર્યો. એ. એમ. જીવણજીએ નૈરોબીમાં પોતાનું એક નાનું મકાન રહેવા આપ્યું અને હુસેનભાઈ સુલેમાન વીરજીએ તેમની બધી જરૂરિયાતો માટે આજીવન આર્થિક સહાય લીધી.

જાહેર જીવનમાં ઝંપલાવવાનો દેસાઈનો મુખ્ય હેતુ ભારતીય સમાજની સમસ્યાઓ હલ કરવાનો હતો, પરંતુ તેમને તરત લાગ્યું કે આફ્રિકન લોકો - નેટિવોનાં હિતોને અવશ્ય ધ્યાનમાં લેવાં જોઈએ. ડિસેમ્બર ૧૯૧૭માં દેસાઈ નૈરોબી મ્યુનિસિપલ કાઉન્સિલના સભ્ય બન્યા. તેમણે તેમાં ભારતીયોની બેઠકો વધારવા તથા ભારતીયોને યુરોપિયનો પાસેથી જમીન ખરીદવાની છૂટ આપવા માગણી કરી. નૈરોબીમાં કેનિયાના ગવર્નર સાથેની ગોળમેજી પરિષદમાં ભારતીય સમાજના નેતા તરીકે દેસાઈએ મતાધિકાર, જમીનોની ખરીદી, ભેદભાવ વગેરે તત્કાલીન ઝઘડાના મુદ્દાઓની ચર્ચા કરી. તેમણે લાયકાત મુજબ મતાધિકાર સ્વીકારવાની અને આફ્રિકનોને પણ પ્રતિનિધિત્વ આપવાની તૈયારી દર્શાવી. તેમણે જણાવ્યું, 'જો કોઈ યુરોપિયન કે ભારતીય કહે કે તેઓ આ દેશમાં નેટિવોનું ભલું કરવા આવ્યા છે, તો તે નિવેદનનો ભારપૂર્વક વિરોધ કરશે. આ દેશમાં સરકારનું કાર્ય નેટિવોનું રક્ષણ કરવાનું છે. યુરોપિયનો અને ભારતીયો આ દેશમાં પૈસા કમાવા આવ્યા છે, અને આ નિવેદનનો વિરોધ કરનારને પડકારવા પોતે તૈયાર છે.' તે પરિષદ કોઈ નિર્ણય કર્યા વિના પૂરી થઈ. પરંતુ દેસાઈને તેમાં પોતાના વિચારો સ્પષ્ટ કરવાની તક મળી.

લૉર્ડ ડેલામેર અને ગ્રોગનના નેતૃત્વ હેઠળ યુરોપિયનો કેનિયાને દક્ષિણ આફ્રિકાની જેમ માત્ર યુરોપિયન વસાહતીઓની ભૂમિ બનાવવા ઇચ્છતા હતા. તેની સામે દેસાઈએ ઈસ્ટ આફ્રિકન ઇન્ડિયન નૅશનલ કૉન્ગ્રેસના નેજા હેઠલ બધાં ભારતીય મંડળોને સંગઠિત કરી જોરદાર સંઘર્ષ શરૂ કર્યો. પોતાના વિચારોનો પ્રચાર અને અન્યાયો સામેની ઝુંબેશ ચલાવવા દેસાઈએ 'ધી ઈસ્ટ આફ્રિકન ક્રોનિકલ' નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું. તે હેરી થુકુ અને બીજા આફ્રિકન નેતાઓના નિકટ સંપર્કમાં રહી તેમની ફરિયાદોનો લોકોમાં નીડરતાથી પ્રચાર કરતા.

દેસાઈ ૧૯૨૩માં ઇન્ડિયન કૉન્ગ્રેસના પ્રમુખ બન્યા. તેમણે લંડનની સાંસ્થાનિક ઑફિસ તથા અન્યત્ર તારો કરીને જણાવ્યું કે, યુરોપિયનો કે ભારતીયોના હિતો કરતાં આફ્રિકનોનાં હિતોને અગ્રિમતા આપવી જોઈએ. દેસાઈ માત્ર 'આર્મચેર પૉલિટિશન' નહોતા. જાન્યુઆરી ૧૯૨૪માં તેમણે ના-કરની ચળવળ શરૂ કરી. કેટલાક આગેવાનો જેલમાં ગયા. દેસાઈને ૧૧ જૂન, ૧૯૨૪ના રોજ છ મહિનાની જેલની સજા થઈ. પરંતુ જેલમાં ગયેલા કાર્યકરોના કર, બીજાઓએ ભરી દેવાથી, ચળવળ નિષ્ફળ ગઈ.


દેસાઈની ૧૯૨૫માં, લેજિસ્લેટિવ કાઉન્સિલમાં નિમણૂક થઈ. તેમણે ભારતીયોના જમીન અંગેના હકો, ઑનરરી મૅજિસ્ટ્રેટ તરીકે નિમણૂક, રેલવે અને સરકારી નોકરીઓમાં રંગભેદ નાબૂદ કરવાના ઠરાવો મૂક્યા. ભરતી માટે બધાં લોકોની સમાન પરીક્ષા અને યોગ્યતા રાખવા તેમણે માગણી કરી. તેમના બધા ઠરાવો બહુમતીથી નામંજૂર થયા.

દેસાઈ તેમના મિત્ર સિતારામ અચરિયાર સાથે પ્રવાસે ગયા હતા ત્યારે ૧૫ જુલાઈ, ૧૯૨૬ના રોજ એકાએક, બુકોબા મુકામે તેમનું અવસાન થયું તે સમાચાર જાણીને ભારતીયોને સખત આઘાત લાગ્યો. દેસાઈ જેવા નીડર, નિઃસ્વાર્થ અને દીર્ઘદૃષ્ટિ ધરાવનાર નેતા ભારતીયોને, હજી સુધી ત્યાં મળ્યા નથી. સમગ્ર ભારતીય સમાજનાં લોકોએ દેસાઈના સ્મારક માટે ફાળો ઉઘરાવીને નૈરોબીમાં એક સભાગૃહ તથા પુસ્તકાલય બંધાવ્યું અને દેસાઈના ઉચ્ચ વિચારોને અનુરૂપ, લેશમાત્ર ભેદભાવ વિના, તે સર્વે લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. □

૧૦,૦૦૦ ગ્રાહકો માટેની ટહેલ

'કુમાર'ને પુનઃ પ્રકાશિત કર્યે પાંચ વર્ષ પૂરાં થઈ ગયાં છે. ઉત્તરોત્તર એને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવાના અમારા સન્નિષ્ઠ પ્રયાસો રહ્યા છે. હજુ પણ વધુ પાનાં અને વૈવિધ્ય અમે આપવા કૃતનિશ્ચયી છીએ. મુદ્રણ-સામગ્રીના ભાવમાં ખૂબ જ વધારો થઈ ગયો છે છતાં અમે લવાજમ વધાર્યું નથી. ઈ.સ. ૧૯૯૬ના વર્ષમાં દસ હજાર ગ્રાહકો મેળવવાની અમારી આપ સહુને ટહેલ છે, તો જ એનું અર્થતંત્ર સરભર થઈ શકે. અમને શ્રદ્ધા છે કે સહુ ચાલુ ગ્રાહકો અને વાચકો આ ટહેલને ઝીલી લઈ એને સાકાર કરવામાં સહાયભૂત થશે. આપનું લવાજમ મોકલી આપશો અને નવા ગ્રાહકો કરી આપશો તેવો અનુરોધ છે.





(સ્થિર નદી, સરતાં નીર)

અગત્યનો ઈતિહાસ

—પ્રીતિ સેનગુપ્તા—

ચીનના રાજવંશોનો ઈતિહાસ ચાર હજાર વર્ષ પહેલાંથી શરૂ થાય છે. એમાં ૨૫૦૦૦ વર્ષથી તો નાનજિંગ શહેરનો ઉલ્લેખ થતો દેખાય છે. પ્રાચીન જ નહીં, આધુનિક કાળના ચીનના ઈતિહાસમાં પણ આ શહેર મોખરે રહ્યું છે. વીસમી સદીની શરૂઆતમાં ચીનના પ્રજાસત્તાક રાજ્યનું એ પાટનગર હતું, અને એના પ્રમુખ બન્યા હતા ડૉ. સન યાત-સેન. અસાધારણ પ્રતિભાશાળી એ વિભૂતિ આજે પણ ચીનમાં સુસન્માનિત છે.

દૂરના ખેતીપ્રધાન ઈલાકામાં એક સાધારણ કુટુંબમાં સન યાત-સેનનો જન્મ થયો હતો – ૧૮૯૬માં. (આ વર્ષે એમની જન્મશતાબ્દી છે.) બાર વર્ષની ઉંમરે એ એમના એક ભાઈને ત્યાં રહેવા, અને શાળામાં ભણવા હવાઈ ગયા. પછી તબીબીશાસ્ત્રનો અભ્યાસ એમણે હૉન્ગકોન્ગમાં કર્યો, અને થોડો વખત મૅકાઉ ટાપુ પર ડૉક્ટર તરીકે કામ કર્યું. જીવનમાં ઘણાં વર્ષો એમણે યુરોપ અને અમેરિકામાં ફરવામાં ગાળ્યાં. એ જાપાનમાં પણ જઈ વસ્યા હતા. ત્યાં એમણે દેશભક્તિને લગતું ઘણું સાહિત્ય લખ્યું, અને માન્ચુ રાજવંશની સત્તાને ઉથલાવી પાડી ચીન માટે પ્રજાસત્તાક સરકાર ઘડવાની યોજનાઓ ઘડતા રહ્યા. એમના સિદ્ધાંતોનું અનુસરણ તાઈવાનમાં ખૂબ થયું. ત્યારે એ ચીનનો ભાગ હતું, પરંતુ આજે પણ ત્યાં સન યાત-સેન ખૂબ આદરના સ્થાને છે. ચીનમાં પણ એમના પ્રત્યેના આદર-સન્માન ક્યારેય ઘટ્યા નથી.

ડૉ. સન યાત-સેન પોતાના જીવનનો મોટો ભાગ પોતાના દેશની બહાર રહ્યા, ને છતાં સ્વ-દેશનું ભવિષ્ય જ એમને હૈયે વસેલું હતું. એ ખરા અર્થમાં દ્રષ્ટા હતા, ને સાથે જ, એમના સ્વભાવમાં પૂરતી જટિલતા હતી. નાનપણથી એમણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરેલો, પણ ખ્રિસ્તી પાદરીઓને એ બ્રિટિશ હકૂમતના પ્રચારક કહી વખોડતા. પરદેશી રાજ્યકર્તાઓને ચીનમાંથી હટાવવા એ ઝઝૂમ્યા, પણ ચીન આખામાં એકતા લાવવામાં અસફળ થયા. થોડા જ મહિનાઓ પછી પ્રમુખની પદવી એમણે છોડી દીધી. દલીલ એ હતી કે ઉત્તર-ચીન દક્ષિણ-ચીનમાંથી આવતી વ્યક્તિને દેશના વડા તરીકે સ્વીકારવા તૈયાર નહોતું. ડૉ. સન યાત-સેન ચીનમાં કાર્યરત તો રહ્યા જ હતા, ને તે સાથે રશિયન વિચારસરણીની અસર નીચે આવતાં સમાજવાદમાં માનતા પણ થયા હતા!

એ બીજી વાર એમના પિતાની ઈચ્છા-વિરુદ્ધ પરણ્યા. એમને જાણનારાં ખ્રિસ્તી-ધર્મીઓ બીજા લગ્નના સમાચારથી આઘાત પામ્યાં હતાં, પણ મોટા ભાગના ચીની લોકો એકથી વધારે પત્નીઓ



રાખવાથી ટેવાયેલા હતા. એમની પહેલી પત્ની ખેડૂત-કન્યા હતી, તો બીજી પત્ની સૂન્ગ ચિન્ગલિન્ગ તાઈવાનનાં મેડમ જ્યાંગ કાઈ-શેકનાં બહેન થતાં હતાં.

ડૉ. સન કૅન્સરની બીમારીમાં ૧૯૨૫માં મૃત્યુ પામ્યા. ૫૯ વર્ષને મોટી ઉંમર તો ના જ કહેવાય. ૧૯૨૯માં એમનો મૃત-દેહ બેજિંગથી નાનજિંગ લાવવામાં આવ્યો, અને શહેરને અડીને રહેલા 'પર્પલ ગોલ્ડ માઉન્ટન'ની તળેટીમાંની એક ખૂબ વિશાળ અને ખૂબ સુંદર હરિત-સ્થલીમાં દફનાવવામાં આવ્યો. એક ખાસ સ્મારક-ગૃહ બાંધવામાં આવ્યું, જ્યાં સુધી પહોંચવા માટે ૩૯૨ પગથિયાં છે, અને જેની અંદર ડૉ. સનની પાંચ મીટર ઊંચી પ્રતિમા મુકાયેલી છે. ચીની પ્રજાસત્તાકના પિતા ગણાતા ડૉ. સને જેમને ઉથલાવી નાખેલા તે માન્ચુ સ્મારક ઘણું વધારે સુંદર અને યાદગાર બને, તેનો સભાન તેમજ સંપૂર્ણ ખ્યાલ રાખવામાં આવ્યો હતો અને ખરેખર, એ આખું સ્થાન એ દેશપ્રેમીના ગૌરવને હંમેશ માટે સાકાર કરે છે.

શ્યામ-સઘન ગિરિમાળાની દક્ષિણ દિશામાં એક પહોળો પ્રવેશ-મંડપ છે. એના સ્તંભ સફેદ છે, એની ઉપરનું છત્ર ઢળતું છે. ત્યાંથી આરંભ પામતી પહોળી, નીચી સોપાન-શ્રેણિ પર પહેલાં એક શોભા-મંડપની રચના છે, ને પછી પ્રવેશ મળે છે સ્મારક-ગૃહમાં. બંને બાંધકામો પ્રવેશ-મંડપની જેમ જ આકર્ષક છે, અને એ જ સફેદ તથા ઘેરા ભૂરા રંગથી સજ્જિત છે. બેઠેલા ડૉ. સનની મહા-પ્રતિમા સુગંભીર લાગે છે. અંદરના ખંડમાં એમની કબર છે.

આ સ્મારકની મુલાકાત નાનજિંગ શહેરમાંનું એક મુખ્ય અંગ ગણી શકાય. ચારે બાજુ નૈસર્ગિક વાતાવરણ શાંત અક્ષુબ્ધ રહેલું હતું. ૧૫૮ મીટર ઊંચે બાંધેલા સ્મારકની ચોતરફના ઢોળાવો પર ગાઢ વનનો નિખાર હતો. ચીની વરસાદની ઝરમરનો અનુભવ સુભગ હતો, કારણ કે એનાથી સર્જાતા ધુમ્મસનું આછું અવગુંઠન સ્થાનનો મહિમા વધારતું હતું.

નાનજિંગનું 'ઐતિહાસિક સંગ્રહાલય' આ પછી સાવ ફિક્કું લાગ્યું. એમાં પ્રાગૈતિહાસિક કાળથી ૧૯૧૧ સુધીની વિગતો આપતી જાતજાતની, ત્રણેક હજાર જેટલી ચીજવસ્તુઓ પ્રદર્શિત થયેલી હતી. કદાચ કોઈ મકાનની અંદર ભરાઈ જવાનું અમને ગમ્યું નહીં, કારણ કે બહારનું જગત એટલું રસપ્રદ હતું. છસો વર્ષ પહેલાં મિન્ગ રાજવંશે એ વખતના નાનજિંગ શહેરની આસપાસ દીવાલ ચણેલી, અને એની બહાર પાછી ખાઈ પણ ખોદાવેલી. સત્તર-અઢાર વર્ષે એ કામ પતેલું. હવે તો એ દીવાલ ને ખાઈનાં ચિહ્‌ન ભાગ્યે જ ક્યાંક ક્યાંક રહ્યાં છે. મિન્ગ-કાળની રાજ-સમાધિઓની પાસે થઈને અમે પસાર થયાં. હજી એ બધી ખેદાઈ નથી રહી. એ તો અમને બેજિંગની બહાર જોવા મળવાની હતી. પણ નાનજિંગમાં પણ એ સમાધિઓની પાસેના ચોગાનમાં મિન્ગ-કાળમાં બનાવાયેલી, ચીની યોદ્ધાઓ અને પ્રાણીઓની બૃહત્કાય પાષાણ-પ્રતિમાઓ જોવા મળી. એમનાં એવાં પરિમાણોના સંદર્ભે એ બૃહત્શિલ્પો જોવાલાયક - અને પ્રભાવપૂર્ણ પણ - હતાં, એમ કહી શકાય. એનાથી પણ વધારે, મારું મન અટવાઈ ગયું નજીકમાં ખીલેલાં, અત્યંત સુંદર અને કોમળ, સફેદ તેમજ ગુલાબી રંગનાં પ્લમનાં પુષ્પોના પ્રાચુર્યમાં. કોઈ અગમ્ય કારણે ત્યાં એ ફુલ્લ-કુસુમિત વૃક્ષોની મોહક વાટિકા સર્જાયેલી હતી. સહેજ અમથાં ફૂલો કેવું સુખ આપી જાય છે !

નાનજિંગમાં હજી એક અગત્યની ઐતિહાસિક ઉપસ્થિતિ જોવાની બાકી હતી. શહેરને લગભગ છોડીને અમે એ તરફ ગયાં. યાન્ત્સે નદીના વિશાળ પટને જોડતો એ વિખ્યાત પુલ ઇજનેર-શાસ્ત્રનો ઉત્કૃષ્ટ દાખલો ગણાય છે. પુલ પોતે ચાર માઈલ લાંબો છે, ને તે ઉપરાંત એની બંને બાજુ પ્રવેશ-માર્ગો આવી મળે છે. એ બાંધવા માટે ચીનની સરકારે વર્ષો સુધી બીજા દેશો સાથે વાટાઘાટો કરી. ફ્રાન્સ, ઇંગ્લન્ડ, રશિયા - બધા દેશોના ઇજનેરોએ ના પાડી, ને કહ્યું કે એ નદી પર, ત્યાં આગળ, પુલ બાંધી શકાય તેમ હતું જ નહીં. આખરે ચીને જાતે જ એ બાંધવાનું નક્કી કર્યું. ૧૯૬૦થી ૧૯૬૮ સુધી એ કામ ચાલ્યું, પરંતુ કશી પણ પરદેશી સામગ્રી તથા બુદ્ધિ વાપર્યા વગર એ પુલ બંધાયો. ચીન એને માટે હજી ખૂબ ગૌરવ લે છે, અને ચીન માટે એ આશ્ચર્યજનક, અસાધારણ નિષ્પાદન બની રહ્યો છે.

નાનજિન્ગના સ્થાનિક ગાઈડ મિ. ચાઓ ગૌરવપૂર્વક ઘણા બધા આંકડા અમને કહી ગયા! પુલને બાંધવામાં કુલ પાંચ હજાર મજૂરોએ કામ કર્યું, એક લાખ ટન પોલાદ વપરાયું, અને ખર્ચો તો ત્રણ અબજ યુઆન (ચીની નાણું)નો થયો. ઉપર વાહનો માટેનો હાઈવે છે, ને નીચે ટ્રેનના પાટા છે. આ પુલ બંધાતાં બેજિન્ગથી શાંઘાઈ સુધીની આવન-જાવન ઝડપી બની ગઈ. મોટાં શહેરોના ઉદ્યોગ-ધંધા માટે એ મુખ્ય સંધાન બન્યો.

ચીન આખો દેશ જ ખૂબ મોટો. એને બધું મોટું મોટું બાંધવાનો શોખ બહુ. આ પુલ પર ચાર મોટા ટાવર હતા. એમાંના એકની અગાશી પરિસરના અવલોકનાર્થે ખુલ્લી હતી.સાથેના ખંડમાં, ખૂબ જ ચોકસાઈથી બનાવેલું, પુલનું સુંદર મૉડલ મૂકેલું હતું. પુલ એનાથી ત્રણસો ગણા મોટા પરિમાણમાં હતો. તો વળી, માઓનું જે પૂતળું બનાવીને ત્યાં ગોઠવેલું હતું તે જીવતી-જાગતી વ્યક્તિ કરતાં અનેકગણા મોટા પરિમાણનું હતું. રાક્ષસી પરિમાણ જાણે! પોતાના સિદ્ધાંતો ને નિયમોથી બળજબરીપૂર્વક માઓ આખા દેશ પર છવાઈ ગયેલા તે જાણે પૂરતું નહોતું! ચીનમાં આવ્યા પછી અમને એ પહેલવહેલા જ ચૅરમૅન માઓ નજરે પડ્યા.

ચાર અવલોકન-મિનારની સામે જાડા જાડા ચાર સ્તંભ હતા.

(અનુસંધાન પાન ૧૫૯ ઉપર)

ઇતિહાસધારા



ગુજરાતમાં વ્યાયામ-વિકાસ સાધવા સાથે સુશિક્ષિત સમાજમાં પણ પહેલવાની અને અંગવ્યાયામને પ્રતિષ્ઠિત બનાવનાર જુમ્માદાદાનું નામ આમ સુધારાક્ષેત્રે અવિસ્મરણીય રહ્યું છે, પણ એ જુમ્માદાદાની સાચી ઓળખ બહુ ઓછાને હશે. પોતાની કીર્તિને કળશ ચઢાવે એવું એક શિષ્યરત્ન માણિક તેમણે શોધી કાઢ્યું અને માણિકરાવે પણ ગુરુના કરતાં સવાયા નીવડી ગુરુના જીવનાદર્શને રાષ્ટ્રભરમાં મૂર્ત કર્યો, સાથે વડોદરાનું નામ દેશભરમાં ગાજતું કર્યું.

જુમ્માદાદાનો જન્મ ઈ. ૧૭૯૪માં જામનગરના એક સીદી કુટુંબમાં થયેલો. તેમના પિતાનું નામ સુમારભાઈ અને માતાનું નામ મરિયમબાઈ. નાનપણમાં એક વાર મોટા ભાઈ ફિરોજ સાથે ફરતાં ફરતાં બહુ દૂર નીકળી ગયેલા. એમના શરીર પરના દાગીના જોઈ કેટલાક લૂંટારૂઓ તેમને પોતાના ઊંટ પર ઉઠાવી ગયા, અને આગળ જંગલમાં જુમ્માને ઉતારી દઈ ફિરોજને પોતાની સાથે લેતા ગયા. બાળક જુમ્મો રડીરડીને એક ઝાડ નીચે સૂઈ ગયો.

આ જંગલમાં ચિત્તાને પકડવા આવી પહોંચેલા વડોદરાના બહાદુરખાં જમાદાર અને તેના સાથીઓની નજરે જુમ્મો ચડતાં તેને પોતાની સાથે વડોદરા લઈ ગયા અને વડોદરાનરેશ આનંદરાવના માતુશ્રીને સઘળી વાત કરી જુમ્માને તેમના આશ્રય નીચે મૂક્યો. બાળકનાં નામઠામના કશા પત્તાના અભાવે તથા તે જંગલમાંથી મળી આવેલ હોઈ સૌ તેને જંગલીરામ તરીકે ઓળખવા માંડ્યા.

જંગલીરામને જદ્દેજમાલના અખાડામાં મૂકવામાં આવ્યો. જ્યાં તેણે કુસ્તીથી માંડી ઘોડેસવારી સુધીનાં અનેક ક્ષેત્રોમાં નિપુણતા મેળવી. એક વાર જુમ્માનો મોટો ભાઈ ફિરોજ અખાડામાં આવી ચડ્યો અને ૧૫ વરસના જંગલીરામને પોતાના નાના ભાઈ જુમ્મા તરીકે ઓળખી કાઢ્યો. આંખમાં આનંદાશ્રુ સાથે તેણે પોતાની ઓળખાણ આપી અને જણાવ્યું કે તું જંગલીરામ નહિ પણ જુમ્મા છે. માતાની બીમારીની વાત કરીને મહારાજાની રજા લઈ ફિરોજ તેને પોતાની સાથે જામનગર લઈ ગયો. માતા મરિયમબાઈ બે જ દિવસ રહીને અવસાન પામ્યાં. તેમની ઉત્તરક્રિયા બાદ જુમ્માને ઈસ્લામની નવેસરથી દીક્ષા આપી જામનગરથી પાછો વડોદરા મોકલી આપવામાં આવ્યો.

વડોદરાના મહારાજા ખંડેરાવ વ્યાયામના ભારે શોખીન હોઈને અનેક નામી પહેલવાનોને વડોદરા બોલાવી વિવિધ અખાડા શરૂ કરેલા. જુમ્માદાદાનો અખાડો તેમાંનો એક હતો. એમાં તાલીમ લેતા માણિક નામના શિષ્યરત્નને તેમણે ઓળખી કાઢી તેના પર વિશેષ લક્ષ આપવા માંડ્યું. પોતાનો ભાર તેમના પર પડવા દેવાને બદલે તે જૂના તોપખાનામાં મહિને સાત રૂપિયાના પગારની નોકરી કરતા રહી અખાડો ચલાવવા માંડ્યો. પાછળથી તેમના પ્રિય શિષ્ય માણિકરાવ અને રાવસાહેબના આગ્રહથી અખાડાને વ્યાયામશાળાનું સ્વરૂપ આપ્યું. ૧૧૦ વર્ષના દીર્ઘાયુષ્ય છતાં દાદા આજીવન બ્રહ્મચારી રહેલા, માણિકરાવને તે પોતાના માનસપુત્ર માનતા. માણિકરાવ પૂરા હિન્દુત્વનિષ્ઠ હોવા છતાં તેમના મુસલમાન ગુરુ પર તેમને અનન્ય શ્રદ્ધા હતી. 'જુમ્માદાદા વ્યાયામશાળા'ને તેમણે જ ભારતખ્યાત બનાવી.

જુમ્માદાદા ધર્મ કે જાતિના ભેદ વિના તમામ શિષ્યોને સમાન ગણતા. વડોદરામાં ગણપતિ-ઉત્સવ એમણે જ શરૂ કરાવેલો. વ્યાયામશાળામાં વ્યાયામના સર્વ અંગોપાંગોને સર્વસામાન્ય રૂપ આપી દેશભરમાં તેના પ્રચારની કામગીરી તેમણે માણિકરાવને સોંપી. દાદાની નોંધપાત્ર કામગીરી એ હતી કે ૧૮૫૭નો સ્વાતંત્ર્યવિપ્લવ નિષ્ફળ જવા બાદ ભૂગર્ભમાં ચાલ્યા ગયેલા વિપ્લવના અનેક સેનાનીઓ સાધુ, ફકીર કે ઓલિયાના રૂપે વડોદરા આવી પહોંચતાં દાદા તે સૌને આશ્રય આપતા.

શિષ્ય માણિક માત્ર અખાડાબાજ જ બની રહે એ પૂરતું ન માનતાં પોતે જે કંઈ હાડવૈદું જાણતા તે તેને શીખવવા માંડ્યા અને પછી એ વખતના જાણીતા હાડવૈદ અબ્દુલરહીમ પાસેથી વધુ તાલીમ અપાવી. ૧૯૦૧થી એમણે શરૂ કરેલો ગણેશોત્સવ તો ચાલુ હતો જ, દરમિયાન ધાર્મિક, સામાજિક અને રાજકીય પ્રવચનો બાદ કીર્તન, પોવાડા આદિ, અને છેલ્લે વ્યાયામનો કાર્યક્રમ રહેતો.

જુમ્માદાદાની કામગીરીથી પ્રસન્ન મહારાજા સયાજીરાવે એક વાર તેમને લક્ષ્મીવિલાસ પેલેસમાં નિમંત્રી તેમની સામે ચાંદીના પ્યાલામાં દૂધ ધરી તેમની સાથે વ્યાયામ-વિષયક ચર્ચા શરૂ કરી. ચર્ચાને અંતે દાદા મુજરો કરી જવા ઊઠતાં મહારાજાએ રૂ. ૩૦૦ની

(અનુસંધાન પાન ૧૩૬ ઉપર)

—અશોક હર્ષ

પ્રસંગપરાગ

આજીવન શિક્ષકત્વ

અમદાવાદ. લાલદરવાજા. સીદી સૈયદની જાળી સામેનું બસસ્ટૅન્ડ. ત્યાંથી પસાર થતાં જોયું - બસની રાહ જોતા એક વૃદ્ધજન ઊભા છે. ચાર છેડે પહેરેલું રેશમી પહોળી કિનારનું ધોતિયું, જૂની ઢબનો બંધ કૉલરનો તપખીરિયા રંગનો કોટ, સફેદ ટોપી, ગળા પર મફલરની જેમ વીંટેલી શાલ. ઓળખ્યા - આ તો દેવદત્તસાહેબ! નજીક જઈ પ્રણામ કર્યા. ખબર પૂછ્યાં 'કેમ છો, સાહેબ?' 'કોણ ભાઈ? માફ કરજો, હવે આંખે જરા...' 'હું...' 'ઓહો! બહુ વર્ષે મળ્યો ભાઈ...! શું કરે છે?' પ્રોફેસર છું જાણી રાજી થયા, કુટુંબના સમાચાર પૂછ્યા પછી થોડી જ મિનિટોમાં -

'તને યાદ છે આપણે રેન અને માર્ટિનનું વ્યાકરણ વાંચતા તેમાં એક ખાસ પ્રયોગ આવતો? '(પ્રોફેસર શિષ્યને તે યાદ ન હતો પણ આ વૃદ્ધ શિક્ષકને યાદ હતો!)' હમણાં હું એક નવું વ્યાકરણ વાંચતો હતો તેમાં આ પ્રયોગ બાબત જુદી જ રીતે...' અને આંખમાં ચમક અને અવાજમાં ઉત્સાહ સાથે એ વર્ષોથી નિવૃત્ત વૃદ્ધ શિક્ષકે ત્રીસેક વર્ષ પહેલાંના પોતાના વિદ્યાર્થીને બસ સ્ટૅન્ડ પર વ્યાકરણનો પાઠ આપવા માંડ્યો - તેમની બે ત્રણ બસ ગઈ તેની ચિંતા કર્યા વગર!

આ એ જ દેવદત્તસાહેબ, જે એમના અંગ્રેજી અને સંસ્કૃતના વર્ગોમાં જવાબ ન આપનાર વિદ્યાર્થીને 'શંખ' કહીને સંબોધતા, તો અમે એમના નામને ધ્યાનમાં રાખીને તે સાંભળે તેમ પૂંઠે 'દેવદત્તં ધનંજય' એ શ્લોક બોલીને અર્જુનના શંખનું નામ દેવદત્ત હતું તે તેમને કહી સંભળાવતા!...

આજે ત્રીસ વર્ષે એમણે પાઠ આપ્યો ત્યારે એમના અવાજમાં એ 'શંખ'ના ઉચ્ચારણમાં હતો તેવો જ રણકો, તેવી જ અતિશિષ્ટતા અને સ્પષ્ટ અનુનાસિક હતાં ! - ને એવો ને એવો જ અવૃદ્ધ શિક્ષકોત્સાહ!

ત્યાંથી નીકળ્યો ત્યારે મનમાં વિદ્યાવિતરણનો એ ઘોષવંતો શંખધ્વનિ મનમાં-હૃદયમાં ગોરંભાતો હતો. 'આજીવન શિક્ષક' એ શબ્દપ્રયોગ તો બહુ વાર સાંભળ્યો છે - કર્યો છે, પણ તેનો અર્થ તો આજે જ પામ્યો - તેના મૂર્તિમંત સાક્ષાત્કારથી!' અને મનોમન એ દેવદત્ત સાહેબને પ્રણામ કરતાં વિચાર્યું - થવાશે આવા શિક્ષક?!

- વિનોદ અધ્વર્યુ

લઘુકથા

વિજેતા

દુર્ગેશ બી. ઓઝા

જીતની સાથોસાથ યશનું વિશાળ સામ્રાજ્ય પણ પ્રાપ્ત થાય એવી નિર્ણાયક સ્પર્ધા ચાલી રહી હતી. દ્વિધામાં ડૂબેલાં દર્શકો 'કોનો હાથ ઉપર છે?' કે 'કોણ વિજયી થશે?' જેવા પ્રશ્નોનો કોઈ સ્પષ્ટ ઉત્તર આપી ન શકે એટલી હદે બંનેમાંથી કોઈ મચક આપતું નહોતું. હા, એક ફરક તરી આવતો હતો. અનેક સ્પર્ધાઓમાં વિજયી નીવડેલો અનુભવી મુક્કાબાજ સુનિલ અકળામણ તેમજ ઈર્ષાને આમંત્રી રહ્યો હતો. જ્યારે પહેલી જ વાર ભાગ લઈ રહેલો હરીફ સતીશ પ્રસન્નતાને આત્માસાત્ કરી રહ્યો હતો. સાવ નવોસવો શીખાઉ હરીફ આટલી બધી ઝીંક ઝીલી પોતાને મહાત કરી જાય એ સુનિલને ખૂંચ્યું. પોતાના પોલાદી મુક્કા વિફળ બનતા જોઈ એણે ઝનૂની બની સતીશને બરાબરનો પાઠ ભણાવવાનો મનસૂબો ઘડ્યો ને પછી તો...

થોડી ક્ષણોનો વિરામ અપાયો ને આ જ મોકાની રાહ જોઈ રહેલા તારવાળાએ સુનિલના હાથમાં તાર મૂક્યો. સુનિલે સંદેશો વાંચી તારને મૂકી દીધો. સ્પર્ધાનો બીજો દોર શરૂ થયો.

અચાનક બાજી પલટાવા માંડી. સુનિલનું ઝનૂન હવે ઓસરવા લાગ્યું હતું. એ વધુ ને વધુ શિથિલ સાબિત થઈ રહ્યો હતો. દર્શકોમાં તારના સંદેશાને લઈને તર્ક-વિતર્ક થવા લાગ્યા. અંતે સુનિલ હારી ગયો. એના ચહેરા પરનો ભાવ પારખવા મથતો સતીશ કશું પૂછે એ પહેલાં જ સુનિલે સતીશના હાથમાં તાર આપી દીધો. હા, મા મૃત્યુ પામ્યાનો ને ઝડપભેર ઘેર પહોંચવાનો એમાં ઉલ્લેખ હતો.

'એ તાર સતીશ માટે હતો.' એ બોલી ઊઠ્યો. □

અનુસંધાન] ઈતિહાસધારા [પૃ. ૧૩૫થી

થેલી તેમના હાથમાં મૂકી. દાદાએ બધા જ પૈસા રસ્તામાં ગરીબગુરબાંને વહેંચી આપ્યા અને પોતે તદન નિર્વિકાર મને પોતાને ઘેર પહોંચ્યા.

૧૧૦ વર્ષની ઉંમરે દાદાને પોતાના મૃત્યુનું પૂર્વજ્ઞાન થઈ જવા પામેલું. મૃત્યુના એક મહિના પૂર્વે પોતાની અંતિમ વિદાયની સર્વ વ્યવસ્થા તેમણે માણિકરાવને સમજાવી દીધેલી. કફનના કપડાથી માંડીને કબરના ખોદાણ સુધીની સર્વ બાબતોથી તેમને વાકેફ કરીને પોતાના દફન પછી અન્નદાન કરવાની જવાબદારી તેમણે માણિકરાવ, નારોબકર અને ઇબ્રાહીમખાંને સોંપેલી. અને ઇ. ૧૯૦૪ના ડિસેમ્બરની ૮મી તારીખે પોતે દર્શાવેલા સમય મુજબ જ આ દુનિયાની કાયમને માટે વિદાય લીધી. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

વાવાઝોડાં અને ગોરનાં તરભાણાં

તા. ૧૧-૧૨-૮૨ : આજકાલ અવ્યવસ્થા અને અશિસ્તનો કોઈ પાર નથી. હૈદરાબાદથી બીજી ડિસેમ્બરે ટપાલમાં નાખેલા પત્ર ઉપર અમદાવાદની જી.પી.ઓ.ની દશ્રી ડિસેમ્બરની છાપ છે અને અમને દસમી તારીખે મળ્યો. ગઈકાલે હું ઉદેપુર ગયો હતો. ત્યાં યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસના મૅનેજર સિવાય બધા જ કર્મચારી રજા ઉપર! (હડતાળ ઉપર નહિ, રજા ઉપર!) રાતના ચોકીદારને મેનેજરે રોકી રાખેલો. તેણે ચા બનાવી દીધી. ઉદેપુરમાં અમારે એક ગ્રીષ્મ વર્ગ યોજવો હતો અને તે માટે યુ.જી.સી. (યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન) પાસેથી ગ્રાન્ટ મેળવવાની હતી. તેનો પત્રવ્યવહાર ચાલતો હતો. છેલ્લે અમે ખર્ચનો અંદાજ જુલાઈમાં મોકલ્યો હતો પણ જવાબ નહિ, નવેમ્બરમાં નૈનીતાલથી વળતાં હું દિલ્હી ઊતર્યો હતો ત્યારે યુ.જી.સી.ના ઑફિસરને મળ્યો તેને અમારો પત્ર મળ્યો જ નહોતો. તેણે તરત જ તેના ઘરનું સરનામું મને આપ્યું અને કહ્યું, હવેથી તમે મને જે કાંઈ ઑફિસને સરનામે મોકલો તેની એક નકલ ઘરને સરનામે મોકલશો જેથી મને ખબર પડે એટલે તમારો મૂળ પત્ર હું ઑફિસમાંથી મગાવી લઉં! નાના કારકુનો પાસે ઑફિસરો કેટલા લાચાર છે! અને તે પણ યુ.જી.સી. જેવી સરકારી સંસ્થામાં!!

આંધ્ર પ્રદેશમાં વાવાઝોડાં વારંવાર આવે છે. છેલ્લું વાવાઝોડું આવ્યા પછી ખેડૂતોને સરકારે મકાન મરામત માટે લોન આપી. પાંચ હજારની લોન મળે પણ તેમાંથી હજાર રૂપિયા લાંચના આપવાના! આ લાંચ કોઈ એકલદોકલ ક્લાર્ક કે પટાવાળો નથી માગતો. પ્રધાનથી માંડીને પટાવાળા સુધીનો તેમાં ભાગ પડે અને તેમની દલીલ પણ વિચારવા જેવી છે. સરકારી લોનનું વ્યાજ ૯ ટકા હોય. તે લોન ન મળે તો ખેડૂતને શાહુકારને ત્યાંથી ઉધાર નાણાં લેવા પડે અને તેનું વ્યાજ ૨૪ ટકા થાય. હિસાબ કરો કે લોનનું ૯ ટકા વ્યાજ વત્તા હજાર રૂપિયા લાંચના એ ૨૪ ટકા વ્યાજ કરતાં સસ્તું પડે! ભલું થજો ભગવાનનું કે વારંવાર વાવાઝોડાં મોકલ્યા કરે અને બધા ગોરનાં તરભાણાં ભરાયા કરે!!

લંડનમાં ગુજરાતી

તા. ૨૩-૧-૮૪ ગયા પત્રમાં મેં લંડનથી આવેલા એક ઓલિયા ગુજરાતીની વાત લખી હતી. તેનું નામ છે સૈફુદ્દીન અલ્લાદીના. વેરાવળનો મુસલમાન. પણ ત્રણ પેઢીથી ભારતનો નાતો છૂટી ગયેલો. આફ્રિકા ગયાં અને ત્યાંથી ઇંગ્લન્ડ. છતાં ઘરમાં ગુજરાતી જ બોલાય અને આ અલ્લાદીનના બાપે આગ્રહ રાખેલો કે છોકરો ગુજરાતી વાંચતાં-લખતાં શીખે. પરિણામે અત્યારે લંડનના ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનમાં ભાષાશાસ્ત્રના નિષ્ણાત તરીકે તે કામ કરે છે.

ઇંગ્લંડની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી લગભગ ૧૬ ટકા વિદ્યાર્થીઓની માતૃભાષા અંગ્રેજી નથી તેથી રાજકીય દૃષ્ટિએ વર્ણભેદ (racialism)ની ગમે તેવી અસર હોય તો પણ ત્યાંના શિક્ષણ ખાતાએ કેટલાક દૂરગામી નિર્ણયો લીધા છે. તેનો પહેલો નિર્ણય એ છે કે હવે ઇંગ્લંડ Multi Lingual Society (બહુભાષી સમાજ) છે તે સ્વીકારીને તે મુજબ શિક્ષણ વ્યવસ્થા ગોઠવવી. તેનાં બે પરિણામ સ્પષ્ટ ઊપસી આવ્યાં. (૧) અંગ્રેજી ઉપરાંત અન્ય માતૃભાષાઓના શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ અને (૨) માતૃભાષા અંગ્રેજી ન હોય તેમના અંગ્રેજી શિક્ષણ માટે શાસ્ત્રીય સંશોધન હાથ ધરવાં જોએ. આ બીજા મુદ્દા નીચે તેમણે 'ગણિત મારફત અંગ્રેજી'નો એક કાર્યક્રમ શરૂ કર્યો છે. અલ્લાદીના આ કાર્યક્રમ સાથે સંકળાયેલા છે. તેથી ગણિત અને ભાષા વિશેના અમારા આ સેમિનારમાં આવ્યા છે.

અલ્લાદીના ગણિતી નથી. પણ ભાષાનિષ્ણાત છે અને તેનું મુખ્ય કામ તો પહેલા મુદ્દા (અંગ્રેજી સિવાયનાઓના માતૃભાષા શિક્ષણ) સાથે સંકળાયેલું છે અને વિચાર કરીએ તો ઇંગ્લંડમાં જન્મેલા અને ત્યાંના જ વતની તરીકે ઊછરેલા બાળકને ગુજરાતી શીખવવું હોય તો ગુજરાતના શાળા-પાઠ્ય પુસ્તક મંડળે તૈયાર કરેલાં પાઠ્ય પુસ્તકો તો શેનાં કામ આવે? 'કાબી ધોળી રાતી ગાય. પીએ પાણી ચરવા જાય' જેવી કવિતા તે બાળકો માટે નકામી, કારણ કે ગાય એ ત્યાં રોજ નજરે ચઢે તેવું પ્રાણી નથી અને તેમાંય 'પીએ પાણી ચરવા જાય' એ ક્રિયા તો ત્યાંનાં બાળકો કદી અનુભવવાનાં જ નથી! હા, 'લાલ પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય, બાકીના બીજા બધા મેળવણીથી થાય' એવી કવિતા ચાલે ખરી! અલ્લાદીનાનું મુખ્ય કામ ત્યાંની શાળાઓનાં બાળકો માટે ગુજરાતી, બાંગલા અને પંજાબી ભાષાનાં પાઠ્ય પુસ્તકો અંગે છે. (ત્યાં પૂર્વ પાકિસ્તાન એટલે બાંગ્લાદેશના વતનીઓની સંખ્યા ઘણી છે એટલે બાંગલા ભાષા પણ મહત્ત્વની ભાષા છે.)

મેં ઘણી આંતરરાષ્ટ્રિય પરિષદોમાં ભાગ લીધો છે. તેમાં રિલેટિવિટીની પરિષદોમાં તો અંગ્રેજીનો આંતરરાષ્ટ્રિય ભાષા તરીકે ઉપયોગ થાય છે અને તે પરિષદોના વિષયવસ્તુનો સીધો સંદર્ભ તત્કાલીન સમાજ સાથે હોતો નથી. પણ ગણિત-શિક્ષણ અંગેની પરિષદોનો તો સામાજિક સંબંધ દેખીતો જ છે. આવી પરિષદોમાં ભારતીયોની અંગ્રેજી પરસ્તી મને બહુ ખૂંચે છે. પરિષદોની ભાષા અંગ્રેજી હોય તે સ્વાભાવિક છે પણ ચર્ચા

(અનુસંધાન પાન ૧૫૮ ઉપર)



આપણા સ્વરકાર (૪)

પુરુષોત્તમ ઉપાધ્યાય

• નટરાજ બ્રહ્મભટ્ટ •

જેમ કોઈ પણ કલાકારની કલાના કસબને મનભરીને માણીએ એ જ ઊલટથી કલાકારની કારકિર્દીને ઘડનારી ઘટનાઓને જાણીએ વખાણીએ તો જ એ કલાકારના કદર અને આદર કર્યાં કહેવાય.

ખેડા જિલ્લાના નડિયાદ નજીકના નાના એવા ધૂળિયા ગામ ઉત્તરસંડામાં, આજના સુગમસંગીત-ક્ષેત્રે સૂરોત્તમ તરીકે સ્વીકારાયેલા પુરુષોત્તમ ઉપાધ્યાયનો ૧૯૩૪ની ૧૫મી ઑગસ્ટે જન્મ. આ નાના બાળકને નિશાળે મોકલવામાં તો આવ્યો, પણ નિશાળ સાથેનો નાતો ઝાઝો જામ્યો નહીં. શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં આ કલાર્થી અવશ્ય હાજર હોય, બાકી વિદ્યાર્થી તરીકે શાળાથી વિમુખ રહે. બાકીના દિવસોમાં મહંમદભાઈ ડ્રાઈવર સાથેની દોસ્તીના દાવે ખાન, પાન, ગાનમાં ગુલતાન રહે. પિતાને આવી ગાવાખાવાની આદત જરા ય પસંદ નહીં; પણ માતા વિદ્યાબા અને દાદાનો ખૂબ લાડકો હોઈ એની સૂર સાથેની સોબત ચાલતી રહી. કોને ખબર હતી કે આ ગામઠી ગાયક પશો એક દિવસ ગૌરવશાળી ને જાજરમાન એવા ૧૯૯૫ના વિશ્વગુર્જરી ઍવૉર્ડથી વિભૂષિત થશે?

આ અરસામાં ગામના એક મુરબ્બી આ બાળ કલાકારને લઈને અમદાવાદ આવ્યા. એ જમાનાની જાણીતી આર્યનૈતિક નાટક મંડળીના માલિક પાસે આ બાળકે એ સમયનું ખૂબ જાણીતી 'રામરાજ્ય' ફિલ્મનું ગીત 'બિના મધુર મધુર કછુ બોલ' ગાયું. એ મહાશયને એવી સાંભળવાની મઝા પડી કે ઉપરાઉપરી આઠ વખત એનું એ જ ગીત ગવડાવ્યું. એટલું જ નહીં, નડિયાદથી રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટને તાબડતોબ બોલાવી આ જ ગીતની તરજ પર એક નવું ગીત લખાવ્યું 'સાધુ ચરણકમલ ચિત્ત જોડ;' અને બે જ દિવસમાં આ બાળ કલાકારે તૈયાર કરી નાટકમાં એવા ભાવથી ગાયું કે પ્રેક્ષકોએ આ ગીતને ૨૬ વાર વન્સમોર આપી ગવડાવ્યું.

આ બાળકને ફિલ્મનું ભારે ઘેલું લાગેલું. દાદાના આશીર્વાદ લઈ મુંબઈ પહોંચી ગયો, જ્યાં એના ગામના જ કવિ જીવણલાલ બ્રહ્મભટ્ટે એને ઉષ્માભર્યો આશરો આપ્યો. ત્યાં એ જ વિસ્તારમાં આજના ફિલ્મી જગતના વિખ્યાત સંગીતકારો કલ્યાણજી આણંદજીના પિતા વીરજીબાપાની કરિયાણાની દુકાન ચાલે. વીરજીબાપા એને પાવલી આપી રોજ ગીત ગવડાવે. આ બાળકની કારકિર્દી ખીલે એમાં જીવણભાઈ બ્રહ્મભટ્ટે સારો ભાગ ભજવેલો. એ જમાનાના નાટકના મશહૂર ગાયક અભિનેતા અશરફખાન સાથે જીવણભાઈએ આ બાળકનો પરિચય કરાવ્યો. પછી તો ધીમેધીમે નાટ્યજગત અને ચિત્રજગતની મોટીમોટી હસ્તીઓ સાથે પુરુષોત્તમ ઉપાધ્યાયનો પરિચય વધતો રહ્યો.

વી.એમ. વ્યાસના ગુજરાતી ચિત્ર 'શામળશાહનો વિવાહ'ના સંગીત-દિગ્દર્શક દિલીપ ધોળકિયાએ આ કલાકારના કંઠને અજમાવ્યો. સૌને ખૂબ ભાવ્યો પણ ખરો. એ જ દિવસે બાજુના સ્ટૂડિઓમાં અવિનાશ વ્યાસના ગીતોનું રેકોર્ડિંગ ચાલતું હતું. ત્યાં આ બાળકના ટહુકાથી અવિનાશભાઈ પ્રભાવિત થયા. સી. રામચંદ્ર, રોશન, મહંમદ રફી, ખય્યામ અને જાનીબાબુ જેવા જાણીતા સંગીતકારોનો મેળાપ થયો. અવિનાશભાઈ સાથેની પહેલી મુલાકાતે તેમની વચ્ચે પિતાપુત્ર સમો સંબંધ સધાયો અને એ દિવસથી પુરુષોત્તમભાઈનો અવિનાશભાઈના અંતરમાં અને આવાસમાં કાયમી સહવાસ શરૂ થયો, જે નાતો આજ લગી નભતો રહ્યો છે. ત્યાર બાદ 'ગોમડાના માણહું સૈએ ઓ ભાઈ અમે' ગીતમાં ભીની માટીની સુગંધ જેવો સૂર આ કલાકારે રેલાવ્યો. પછી તો પાર્શ્વગાયક તરીકે પ્રસિદ્ધિ મળતી રહી. શરૂઆતમાં કોરસ કલાકાર તરીકે ગાયું અને અમીરબાઈ કર્ણાટકી જેવા માતબર કલાકાર સાથે યુગલગીત પણ ગાયું.

ભારતીય વિદ્યાભવનમાં સૂર અને નૂપુરના વર્ગો નિયમિત ચાલે. અવિનાશભાઈને યુરોપ જવાનું થતાં સંગીતના વર્ગો પુરુષોત્તમભાઈને સોંપાયા. એમણે જરા પણ હતાશ થયા વિના જાતે હાર્મોનિયમ શીખી લીધું. એક જ દિવસમાં 'બરસાત' ચિત્રનું 'છોડ ગયે બાલમ' ગીત સતત છ કલાક ગાઈ-વગાડી બતાવ્યું નવરાત્રીના ગરબા મહોત્સવમાં 'હવે મંદિરનાં બારણાં ઉઘાડો મોરી માત,' 'તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે' અને 'રંગલો જામ્યો કાલંદીને ઘાટ' જેવા રાસગરબાની જમાવટ કરી. જીતુભાઈ મહેતાની 'અમથી અમથી મૂઈ ઓલ્યા માંડવાની જૂઈ' આ સ્વરકારની પહેલી પહેલદાર પ્રયોગલક્ષી બંદીશ. આ ત્રિકંઠી સ્વરરચનાના મહદંશે ગાયક પુરુષોત્તમભાઈ, રાસબિહારી દેસાઈ

અને પિનાકિન્ મહેતા રહેતા. આ ગીત જ્યારે જ્યારે ગવાયું છે ત્યારે ત્યારે પૂરબહારમાં હૉલમાં છવાયું છે.

૧૯૫૪માં ભારતીય વિદ્યાભવને અવિનાશભાઈની 'રામ-શબરી' નૃત્યનાટિકા કલકત્તા મુકામે રજૂ કરી. પુરુષોત્તમભાઈએ કંઠ અને સંગીત-સંચાલનની જવાબદારી કમાલ રીતે નિભાવી કે એ શોમાં શાસ્ત્રીય સંગીતના મશહૂર ઉસ્તાદ સલામતઅલીખાં અને નજાકત અલીખાં સાહેબોએ પુરુષોત્તમભાઈની કંઠ-કરામતને નવાજી. આ જ કલાકાર બેલડીએ મુંબઈ મુકામે 'સૂર સિંગાર' સંસદ દ્વારા યોજાયેલ સંગીત સમારોહમાં રાગ કલાવતી અને માલકૌંસને એમના કસાયેલા કંઠે એવો રસભર રીતે રેલાવ્યો કે મહેફિલ મહેક મહેક થઈ ઊઠી. સ્વરકિન્નરી લતા મંગેશકરને લઈને પુરુષોત્તમભાઈ એ ઉસ્તાદ બંધુઓ સાથે પરિચય કરાવ્યો, અને મંગેશકર પરિવારમાં પુરુષોત્તમભાઈનો સૂરીલો પ્રવેશ શરૂ થયો. આ મહેફિલમાં હાર્મોનિયમની સંગત પુરુષોત્તમભાઈએ અદ્ભુત અને મજબૂત રીતે કરી. પછી તો આ ઉભય ઉસ્તાદોની જ્યાં જ્યાં મહેફિલ યોજાય ત્યાં પુરુષોત્તમભાઈની સંગત અનિવાર્ય બની રહી. આ ઉસ્તાદો પાસેથી પુરુષોત્તમભાઈને સ્વરની પ્રત્યક્ષ અને પરોક્ષ સારી એવી તાલીમ મળી રહી.

લતા મંગેશકર સાથે હવે પુરુષોત્તમભાઈનો પરિચય કૌટુંબિક બની ગયો. પુરુષોત્તમભાઈની 'હવે સખી નહીં બોલું નહીં બોલું (દયારામ)' અને 'માઝમ રાતે નીતરતી નભની ચાંદની' આ બન્ને બંદીશો લતાજીએ હોંશે હોંશે ગ્રામોફોન કંપનીમાં રેકૉર્ડ કરાવી. ત્યાર પછીની ઘટના પણ નોંધપાત્ર બની. રેડિયો પર લતાજીએ સૌપ્રથમ વાર ગુજરાતી રચના ગાઈ અને તે પણ પુરુષોત્તમભાઈની સ્વરરચના 'હૈયાને દરબાર.' બસ, પુરુષોત્તમભાઈનો સ્વરકાર તરીકે ચારે કોર ડંકો વાગ્યો.

આવા ભાવનાશીલ કલાકારના ઉરના ઉમંગોને ઝીલનાર યોગ્ય પાત્ર પ્રારબ્ધવશાત્ મળ્યું. મિનાક્ષીબહેનના સંગીતપ્રેમી કુટુંબમાં અવારનવાર સંગીત-જલસામાં પુરુષોત્તમભાઈના કંઠનો લાભ વિશેષ મળતો. મિનાક્ષીબહેનનાં નાનાં બહેન ચેલના સાથે આ કલાકારનો મનમેળ થયો અને અનેક અંતરાયો વચ્ચે એ હસ્તમેળાપમાં પરિણમ્યો.

વીર નર્મદને યાદ કરાવે એવી એક ઘટના આ અરસામાં ઘટી. સુપ્રસિદ્ધ બંગાળી સંગીતકાર અનિલ બિસ્વાસે વાતવાતમાં પુરુષોત્તમભાઈને ગુજરાતી સુગમ સંગીત વિશે તેજાબી ટોણો માર્યો કે ગુજરાતી સંગીત એટલે દુહા, રાસ, ગરબાને ભજન, બાકી શું? આ શબ્દો આ ગુજરાતીને હાડોહાડ લાગી ગયા. એવામાં અજિત શેઠ દ્વારા યોજાયેલા એક સંગીત સમારંભમાં પુરુષોત્તમભાઈએ બાદરાયણની રચના 'આજ રે સૂતેલું જીવન જાગિયું'ને સુંદર રીતે બહેલાવીને હૉલને રસતરબોળ કરી દીધો. ખુદ અનિલ બિસ્વાસે સામે ચાલીને પુરુષોત્તમભાઈને બેહદ બિરદાવ્યા અને કહ્યું કે આપની આ બંદીશ મીના કપૂરજીને શીખવજો. આ પ્રસંગ પુરુષોત્તમભાઈના જીવન માટે અપૂર્વ પર્વ બની રહ્યો.

આ પ્રસંગ પણ એટલો જ હૃદય સ્પર્શી છે. જાણીતા ગઝલ-ગાયક રાજેન્દ્ર મહેતાને પુરુષોત્તમભાઈ સાથે શું યે વાંકું પડ્યું હશે કે બન્ને મિત્રોના સૂરીલા સંબંધો બસૂરા બની ગયા. એવામાં મુંબઈમાં પાટકર હૉલમાં રેડિયો મિજલસ યોજાઈ. પુરુષોત્તમભાઈએ ગુજરાતી પ્રાચીન રચનાને ભરપૂર ભાવથી રેલાવી. 'નથી સુખિયા અમે છીએ દુખિયા મારી દેહુના દાઝેલા અમે નથી સુખિયા.' હૉલ તો હર્ષનાદથી ગાજી ઊઠ્યો. ગ્રીન રૂમમાં પુરુષોત્તમભાઈ અને રાજેન્દ્ર મહેતા એકબીજાને ગળે વળગીને હર્ષાશ્રુથી હળવા થયા. ત્યારે પણ રાજેન્દ્ર મહેતાના શબ્દો કાને નોંધવા જેવા છે, 'પુરુષોત્તમભાઈ, મારો ગુસ્સો તો હજુ ત્યાંનો ત્યાં જ છે. પણ તમારા ભાવસભર સૂરે તરબોળ ભીંજાતા હું મારાં આંસુ રોકી નથી શક્યો.'

પુરુષોત્તમભાઈની અવિરત ચાલતી સ્વરયાત્રામાં એક હંસા દવેનો હલકદાર કંઠ ભળે છે. આ કંઠના ટહુકાએ ઘણી યાદગાર તવારીખો સર્જી છે. એમાં નરસિંહ મહેતાની 'ઊંચી મેડી તે મારા સંતની રે' અને અનિલ જોશીની 'મારી કોઈ ડાળખીમાં પાંદડું નથી' ગીતરચનાની બંદીશો શોભાયમાન થઈ છે.

પુરુષોત્તમભાઈ પરદેશમાં પી.યુ. તરીકે વધુ પ્રસિદ્ધિ પામ્યા છે. હવે તો દર વર્ષે પરદેશમાં પહોંચી જાય છે. ૧૯૮૩નું વર્ષ એમના જીવનનું ખૂબ નોંધપાત્ર વર્ષ બની રહ્યું. ૧૨૦ દિવસમાં ૯૧ જેટલા વિક્રમી કાર્યક્રમો આપી એક માનાંક મેળવ્યો છે. આજ દિન સુધીમાં દેશવિદેશમાં લગભગ ૯૦૦૦ થી પણ વધુ શાનદાર કાર્યક્રમો આપનાર એ પ્રથમ ગુજરાતી છે. ગુજરાતી ચિત્રોમાં ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર સંગીત પીરસનાર પુરુષોત્તમભાઈ ગુજરાતી ચિત્ર 'ખોળાનો ખૂંદનાર'માં નિર્માતા તરીકે ભલે નિષ્ફળ નીવડ્યા હોય, પણ એ ચિત્રમાં સંગીતકાર તરીકે તો સારી લોકચાહનાને વર્યા છે.

ગુજરાતમાં અમદાવાદમાં 'શ્રુતિ'ની સ્થાપના થતાં એમનો એમાં સારો એવો સહયોગ રહ્યો હતો. મુંબઈમાં 'સંગતિ' અને 'કિન્નરી' જેવી સંસ્થા શરૂ કરી નવોદિત કલાકારોને સારા એવા પ્રકાશિત કર્યા છે. ગુજરાતી સુગમ સંગીતને અન્ય પ્રાદેશિક સંગીતની હરોળમાં માનપ્રદ સ્થાને મૂકવામાં એમનો મુખ્ય ફાળો છે. આજના ગુજરાતી સુગમ સંગીતના નવોદિત કલાકારો અને સ્વરકારો 'પુરુષોત્તમ ઘરાના'ના જ સાધકો હોય એમ એમની જ શૈલીના સંગીતમાં રચ્યાંપચ્યાં રહી ગીતસંગીત રજૂ કરે છે. એમની બન્ને દીકરીઓ બીજલ અને વિરાજ આજ અમૂલ્ય વારસાને પોતાના મધુર કંઠમાં ઝીલી ચારે કોર ઝાકમઝોળ કરતા રહ્યા છે.

સ્વરકાર પુરુષોત્તમભાઈની ખૂબી એ રહી છે કે શબ્દરચનાના ભાવમાં ભારોભાર ડૂબી જઈ એના અંતરભાવને અનુરૂપ સ્વરોથી ગૂંથી આ સ્વરકાર સુગંધીદાર સ્વરરચનાઓ આપે છે. આ રહી એમની મઘમઘતી, મલમલી અને મખમલી રચનાઓ 'ઊંચી મેડી ને મારા સંતની રે,' સુન્દરમ્‌ની 'સબ અપની અપની ગત મેં' આવી તો કંઈ કેટલીએ રચનાઓ આપણા સુગમસંગીતની સોનામ્હોરો સમી છે. આ સ્વરકારે ગુજરાતી ગઝલોને પણ ક્યાં ઓછાં લાડ લડાવ્યાં છે? 'માર્ગ મળશે હે હૃદય તો, તું દર્દ દિલના ગાઈ લે,' 'ખુશ્બૂથી ખીલેલાં ફૂલ હતાં.' 'બસ એટલી સમજ મને પરવર દિગાર દે'. મહંમદ રફીએ ગાયેલી ગની દહીંવાલાની ગઝલ 'દિવસો જુદાઈના જાય છે' માદક અને મોહક સ્વરોથી સજાવી છે. પુરુષોત્તમભાઈ એવા તો ભાગ્યશાળી છે કે ભારતના સ્વરશિરોમણી સમા અખ્તરી બેગમે મરીઝની બે ગઝલોને એમના કિમામી કંઠે રજૂ કરી રંગ રાખ્યો છે 'મેં તજી તારી તમન્ના અને હું જલું છું.'

સૌથી અદ્‌ભુત વાત તો એ છે કે આ સઘળી રચનાઓ એમના કેલાઈડોસ્કોપી કંઠે ગવાય છે ત્યારે હર પળે નવીન સ્વરાકાર રચાય છે.

પુરુષોત્તમભાઈ આપણા પ્રેમાનંદ સાથે કેટલુંક સામ્ય ધરાવે છે. પ્રેમાનંદ રસસ્વામી છે. પુરુષોત્તમ સ્વરસ્વામી છે. પ્રેમાનંદ ધારે ત્યારે હસાવી શકે ધારે ત્યારે રડાવી શકે અને એક રસમાંથી બીજા રસમાં છટકી જાય પણ રસભંગ કર્યા વિના. પુરુષોત્તમભાઈ રમૂજના રાજા ગણાય છે. ધારે ત્યારે પેટ પકડી હસાવે છે અને 'ધીરે રે છેડો રે ઢોલી ઢોલકાં' 'અમે બરફનાં પંખી, જેવાં કરુણ ગીતોથી આખા હૉલમાં એમના કંઠની કરામતથી ભારઝલ્લું વાતાવરણ ઊભું કરવાને સમર્થ છે. એક સ્વરમાંથી બીજા સ્વરમાં સરકે છે ત્યારે જરાય સ્વરભંગ થયા વિના. પુરુષોત્તમભાઈની કદર કરવી હોય તો ગુજરાતી ભાષાનો એક જ અલંકાર સમર્થ છે અને તે છે અનન્વય: પુરુષોત્તમ એટલે પુરુષોત્તમ. □

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper `Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of publication.	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication.	Monthly
3. Printer's Name & Nationality Address	Haresh Patel Indian, - PRINTOGRAPH 334, Salapas Road, Ahmedabad-1
4. publisher's Name & Nationality Address	Dhiru Parikh (For Kumar Karyalaya Ltd.) Indian 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address	Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of indißïð_iduals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, `Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kushmben Champaklal Banker Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Najibhai Chinbhai, Shanti Kunj. Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Rawal,

C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation Bombay-1 (11) Jadavlaxmi R. Kamani And Poonamchand R. Kamani, Kanani Chember, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Socie, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Traivedi & Smt. Savita Prabhudhas Patwari k. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savila Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, `preranna', Ambavadi, Ellis Bridage, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Mannu Appartments, Near Bhatt Moßïð_ada chhartalaya, mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Bhuvnesh M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Dhiru Parikh, Hereby declare that the pariculars given above are true to the best of my knowledge and belief. Dated this 29th day of Feb. 1995

Sd. / Dhiru Parikh Publisher



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૧૯]

કનુભાઈ જાની

સર્જકશક્તિને પણ સારા બીજની જેમ અનુકૂળ વાતાવરણ જોઈએ : થોડી થોડી ગોડ, ને ક્યારાની માવજત. પડતર ક્યારા કોળે નહિ. મેઘાણીની સર્જકશક્તિ પત્રના ઘરેડિયા વાતાવરણમાં જાણે મૂંઝાતી હતી.

'રાજારાણી'ના અનુવાદથી કવિત્વશક્તિની ખાતરી થઈ ગઈ હતી. પેલાં સાત ગીતો, નહિ તો, ન થાત. એ કાંઈ કોરા અનુવાદો નહોતા. કવિતાનો અનુવાદ ક્યારેય કોરો રસહીન હોઈ શકે જ નહિ. ધરા રસકસવાળી હતી. પડખે ભાવનગર. શક્તિઓને જાણી-નાણી જોવાનું ક્ષેત્ર. કલમ તો 'પૂરપાટ ઘોડલે છૂટી' હતી જ. નક્કી કર્યું સ્થળાન્તરનું. સ્થળાન્તર એમના જીવનમાં ક્યાં નવી વાત છે? ઉમાશંકરે વાતવાતમાં મેઘાણી માટે એક શબ્દપ્રયોગ કરી લીધો છે : 'મુક્ત પરિવ્રાજક' ('મે.: સ્મ. મૂર્તિ' ૧૯૮૭; પૃ. ૮૫) મેઘાણી જીવન સીધું વહ્યું છે જ ક્યાં? ઉચાળા ને ઉછાળા! પ્રકૃતિ જ એવી હશે? ના; જાગૃતિની નિશાની. જ્યાં કશુંક કઠે ત્યાં કાં એ દૂર કરવું કાં પોતે દૂર થવું! તાબે થવાનું નહિ, વાત છોડવાની નહિ, ખોટી બાંધછોડ નહિ. હા, સાચું હોય તો નવ વાર નમસ્કાર; ખોટાનો સતત સામનો. ઝૂઝવું ને જીવવું! મૂગું ને ધીંગું જીવન! બોલ્યા એથી યે વધુ બોલ તો વણબોલ્યા રહ્યા હશે!

૧૯૨૧થી ૧૯૩૦-૩૧નો એ ગાળો પ્રબળ રાષ્ટ્રિય જુવાળનો કાળ હતો. 'સૌરાષ્ટ્ર' પોતે જ એ જુવાળની જ એક જ્વાળા હતી. મેઘાણી રાષ્ટ્રકારણી ખરા પણ રાજકારણી નહિ. પત્રમાં કોઈની તરફદારી ખટકે. રાગ-દ્વેષ ખટકે. તાટસ્થ્ય ને સચ્ચાઈ - પોતે જેને 'ઇમાન' કહે છે તે - જો ન જળવાતા હોય તો, જેને માથે પત્રનો ભાર છે તે અન્ય કાર્યોમાં ઝાઝું રોકાણ કરતા હોય તો, કરવું શું? મૂંઝવણ હતી. સાહિત્યની દીવીને સહારે ચાલવું હતું, મશાલ લઈને જ્યાં ત્યાં કૂદી પડવું નહોતું. વળી, પત્રનેતા - એટલે કે તંત્રી - પોતે જો પત્રનો પૂરો સમય આપવાને બદલે સક્રિય રાજકારણના આટાપાટામાં પડે તો પત્રને પણ નુકસાન થાય. એમાં પત્રહિત જળવાતું નહોતું. સ્થળાન્તર સિવાય બીજો ઉપાય નહોતો. કુટુંબને પણ એ અનુકૂળ હતું. વળી, રાણપુર પણ દૂર ન ગણાય. જવું-આવવું નિયમિત બને. શેઠ કાળિદાસ ત્રિકમજીના મકાનનો એક અલગ ભાગ રાખી લીધો ભાડે. પોતે બે ને બે બાળકો (બચુ-ઈન્દુ) તથા આવતાં-જતાં માતાપિતા, સૌ આવ્યાં ભાવનગર. ૧૯૨૫થી ૧૯૨૯, પાંચેક વરસ ત્યાં ગાળ્યાં. એમના જીવનનો આ સુવર્ણકાળ: સૌથી વધુ પ્રવૃત્તિમય ગાળો. લેખન, લોકસાહિત્ય માટેના પ્રવાસો, અભ્યાસ, સંપાદન, વ્યાખ્યાનો, જાહેર કાર્યક્રમો, સ્વાતંત્ર્યની ચળવળમાં સક્રિયતા, યશપ્રાપ્તિ, આનંદભર્યો કુટુંબવાસ બધી રીતે ઉત્તમ કાળ.

બાકી, જેની જીવનદૃષ્ટિ સાફ હોય, શું હોવું જોઈએ ને શું કરવું છે એ બાબતમાં સ્પષ્ટ હોય, પોતાના માર્ગ બાબતમાં મક્કમ હોય, - ધૂની લાગે એ હદે મક્કમ હોય, ખુવારીની પરવા ન કરે, ગણતરી માંડવા ન બેસે એ હદે મક્કમ હોય, એ જ તત્ક્ષણ આવા નિર્ણયો લઈ શકે છે. મેઘાણી તો આવા નિર્ણયો લેતા જ ચાલ્યા છે! ભણવું છે, - ને તેય ભાવનગર, તો સ્કોલરશિપ મેળવીને પણ ભણ્યા; જૂનાગઢમાં સંસ્કૃતના પ્રોફેસર સારા છે તો એ પણ નાણી જોયું; કલકત્તા રહેવું'તું, તો રહ્યા ને પછી છોડવું'તું તો છોડ્યું, ઝાંખો-ઝાંખોય દીવો દેખાતો હતો તો એના અજવાળાનો મારગ જ લીધો. શબ્દના સોદાગર બન્યા પણ સોદાબાજ નહિ. આગળ જોઈશું કે 'સૌરાષ્ટ્ર' છોડે છે, 'જન્મભૂમિ' પણ છોડે છે, 'ફૂલછાબે'ય છોડે છે - ને દરેક વખતે કોઈક સિદ્ધાન્ત ખાતર જ અને પરાર્થે! ઊંચો આદર્શ રાખીને, આર્થિક ને બીજી અનેક પ્રકારની વિટંબણાઓ વહોરીને પણ, એને વળગી રહેનાર કેટલા? નર્મદ. પછી? ગોવર્ધનરામ. પછી? નાના લાલ. પછી? મેઘાણી. (પછી? એક દાઢીવાળા જણનું આખું કુટુંબ છે. સાહિત્યિક! પણ એ કથા હજી અધૂરી ગણાય; છતાં જે નજર સામે છે તેની નોંધ ન લઈએ તો નગુણા ગણાઈએ.) જગતમાં પરિવર્તન ગણતરીબાજ ડાહ્યાઓથી ક્યારેય નથી આવતું, આવાં માથાં-ફરેલ ધૂનીઓથી જ આવે છે. એમનાં જીવન ઉચ્ચતર માનવજીવનનાં ફળદ્રુપ ખાતર બની જાય છે. એવાનાં ચરિત્રો પણ ચારિત્ર્યચિત્રો બની જાય છે : ઓઠાંરૂપ, ધડારૂપ, જોગવાજોગ એમનું મૂલ્યાંકન કેટલું લખ્યું, કેવું લખ્યું, એમાંથી કેટલું ચિરંજીવી ને કેટલું કાળગ્રસ્ત થાય એવું, એ રીતે ખપજોગી દૃષ્ટિએ જોખીતોળીને કરનારાં ભલે કરે; કઈ રીતે જીવ્યા એ અગત્યનું ગણાય.

જમાઈને મોઢામોઢ સૌ સાજાંસારાં છે એ સમાચાર આપવાનું કામ નોકરાણીએ સોંપ્યું છે માટે અમદાવાદની પોળોમાં એ વાળંદનું ઘર ઢૂંઢે છે! બસમાં અધવચ્ચેથી કંડક્ટરે ઓળખીતાને ચડાવ્યો, પણ બસસ્ટેન્ડે બળતા બપોરે બાળક તેડીને માથે પોટલાવાળી મજૂરણ ઊભેલી એની દરકાર ન કરી ત્યારે ઊકળીને ત્રાડ સાથે ઘંટડી વગાડી, ઝઘડો વહોરીને પણ બાઈને લેવડાવ્યે જ છૂટકો કરતા મેઘાણી! નવા રાખેલ છોકરાને 'મારો કાંસકો ક્યાં?' કહીને ધમકાવ્યા પછી, બીજે દિ' કાંસકો મળી આવતાં ને જોગાજોગ પેલો એક નવો ખરીદીને આપવા આવતાં આંખમાં આંસુ સાથે એની માફી માગતા મેઘાણી! રસ્તે કોઈ બીમાર પડ્યો છે, જાણતાં જ બધું કામ છોડી એને ઇસ્પિતાલે પહોંચાડતા મેઘાણી! કોઈ ગુંડાગીરી કરે તો સોટી

ચલાવતા મેઘાણી! વાળતા, દળતા, ધોતા, રાંધતા... જીવનનાં બધાં કામો હોંશભેર કરતા મેઘાણી! જીવનની સભરતા ને સાચી 'મોટાઈ' તો એમાં જોવા મળે છે. બાકી, કેટલું લખ્યું ને કેટલું એમાંથી ટકશે-નહિ ટકે એ તો આપણા હિસાબ!! જીવનનો પ્યાલો ભરઘૂંટ પીધો છે એમણે તો - સૌની સાથે રહીને. આ માટે અંતરની સૂઝ ને સભરતા બન્ને છલોછલ જોઈએ. પ્રેમની તાકાત. એ ગાંધીમાં હતી; મેઘાણીમાં ય હતી. એટલે જ પરંપરાથી બિડાયેલાં અનેક દ્વાર એ ખોલી શક્યા. એનું આ જ કારણ, આ પ્રેમની તાકાત. સ્થળાંતરો છતાં જ્યાં ગયા ત્યાં - જ્યાં એમનું 'તન' ત્યાં થયું 'વતન' - એમ બન્યું એનું કારણ પણ એ. બગસરા પોતાના ગણે; અમરેલી પોતાના ગણે; ભાવનગર પોતાના ગણે, રાણપુર તો ગણે જ; ને બોટાદ તો પહેલું! પણ ઉપલેટા, વર્ષોથી, દર વર્ષે એક દિવસ આખો મેઘાણીઉત્સવ મનાવે છે, આખું ગામ એમાં ભળે છે - એ જોવું-અનુભવવું પણ રોમાંચક છે. બીજો કોઈ સાહિત્યકાર ગુજરાતને આમ 'પોતાનો' લાગ્યો છે ખરો? કઈ તાકાત? માત્ર કલમની? કંઠ, કહેણી, કલમ ને સૌથી વિશેષ તો - આ બધાંની જોડાજોડ રહેલી કરણી. પણ સ્થળાંતરોનો પણ આમાં થોડો ફાળો ખરો.

ભાવનગરના આ સ્થળાન્તરથી બે નવી દિશાઓ ખૂલી: કવિતાની અને લોકગીતની. લોકકથાની સામગ્રી તો સારી પેઠે એકઠી થઈ હતી જ - રસધારોની દિશા સુલભ ને હાથવગી હતી; લોકગીતની દિશા અહીંથી ખૂલી. દુનિયામાં પણ, લોકકથાને ક્ષેત્રે કામ કરનાર ઝાઝા છે; લોકગીતને ક્ષેત્રે થોડા. અઘરું ને આકરું કામ છે. મેઘાણીનું સૌથી મહત્ત્વનું કામ તો આ છે. પાંચસો જેટલાં ગીતો આપ્યાં; એમાંથી ગીતો રહ્યાં ને ઢાળ - જે એમણે પોતાને કંઠે બેસાડેલા તે ગયા!

પોતે મિત્રો સમક્ષ ગાય; ૧૯૨૪ સુધી જાહેરમાં ગાયું નહોતું. પૈસા ખાતર, કળાના પ્રદર્શન ખાતર, કે કોઈને સારું લગાડવા તો કદી નહીં. યુનિવર્સિટી કે રેડિયો કે પાઠ્યપુસ્તકવાળા ગીત કે ગાનનું ગૌરવ ન જાળવે કે ઓછું મૂલ્ય આંકે એ પણ પસંદ નહોતું. એવાઓ માટે એ 'મોંઘાણી' હતા! ક્યારેક અમૃતલાલ શેઠ જેવાને પણ ન ગણકારે! આરંભના દિવસોની વાત છે. ધૂમકેતુની કેફિયત છે ('ઊર્મિ...', એપ્રિલ, ૧૯૪૭; પૃ. ૪૨) : પોતે એક વાર રાણપુર ગયેલા. સાથે મેઘાણી. આખે રસ્તે ગીતોથી તરબોળ કર્યા. ઑફિસે પહોંચ્યા. મુંબઈથી કોઈ મોટા મહેમાન આવેલા. 'સૌરાષ્ટ્ર'ને એમનાથી અનેક રીતે લાભ થાય એમ હતું. વાતવાતમાં અમૃતલાલ શેઠે ગાવાનું સૂચવ્યું. ત્યારે પેલા મહાનુભાવની હાજરીમાં જ કહે, 'ભાઈ! આ વસ્તુ તમે કહી, પણ આ વસ્તુઓ એવી રીતે પ્રગટ કરવા માટે કે પ્રદર્શનની બનાવવા માટે છે જ નહિ. એવી રીતે તો આપણે આ વિષયને ભારે અન્યાય કરીએ છીએ.'

આવો અણધાર્યો જવાબ મળતાં, અમૃતલાલભાઈ પણ પહેલાં તો ડઘાઈ ગયા, પણ પછી આખી વાતને કુશળતાથી વાળી લીધી. એ જ મેઘાણી અંદરથી કેવા ઋજુ ! વાત તો વર્ષો પછીની છે. મેઘાણી ત્યારે તો ખૂબ જાણીતા ને જેની આભા ફેલાએલી એવા. બોટાદમાં રહે, ને રાણપુર રોજ જાય. ચૈત્રવૈશાખના ધોમધખતા દિવસોનો પ્રસંગ. 'ઊર્મિ-નવરચના' ત્યારે રાણપુરમાં છપાય. એનું મૅટર લઈને એક કિશોર આવે. તે 'દિ એ પૂરો થાકેલો ને બેચેન. એને મહેન્દ્રભાઈએ ચેતવેલો કે જોજે મેઘાણીભાઈ લખતા હોય ત્યારે ના જતો, ગુસ્સે થશે.

આને કોણ જાણે શું સૂઝ્યું તે લખતા હતા ત્યાં જ સામે જઈને ખુરશી પર અડી ગયો! કહે, 'ભાઈ!'

મેઘાણી લખવામાં તન્મય. ન સાંભળ્યું. એટલે ફરી કહે, 'ભાઈ!' મેઘાણી તો અચળ. ત્રીજી વાર જરા જોરથી કહે, 'ભાઈ!'

મેઘાણીએ નજર માંડી. એ તો ગામડાનો કિશોર, સાવ અલ્લડ. બીક કેવી!

'ભાઈ!'

'બોલ! શું છે?'

'ભાઈ! કાંઈક ગાવને!'

કેવી ધૃષ્ટતા! પણ કેવો માસૂમ, સરળ! તડકે આવેલ! આંખોમાં નર્યું ભોળપણ. સામે જોઈ રહ્યા. પેન નીચે મૂકી. આંખો જરા પહોળી કરી. કહે, 'અત્યારે?'

'હા ભાઈ! અત્યારે જ. મને... કાંઈ ગમતું નથી. તમે ગાવ તો મજા આવે.'

છોકરો સાહિત્યનો જીવ. લખે છે: 'ત્યારે મેઘાણીભાઈનું સાચું સ્વરૂપ જોવામાં આવ્યું.' જરા હસ્યા. છોકરાને પટાવતા હોય એમ કુમાશથી પૂછ્યું : 'હં... શું બા યાદ આવ્યાં? ગાઉં હોં... હમણાં આટલું પૂરું કરી લઉં હોં!... અને જો, ત્યાં સુધીમાં, લો, આટલું કામ કરી આપો.'... કહીને છોકરાને પણ કામે વળગાડ્યો. કામમાં બેય એવા ડૂબ્યા કે સાંજ પડી. રાત બેઠી. ત્યારે કહે, 'ચાલો... ગાડી પકડવા - સ્ટેશને.' ને છોકરો ઊઠ્યો. કહે, 'ગીતો સાંભળવાં છે ને? ચાલો ગાતા જઈએ.' છોકરાના હાથમાં ફાનસ. અંધારું ચિરાતું આવે ને ગીત ઢોળાતું આવે.

છોકરોય કવિજીવ. એને ગુજરાતનો સમર્થ સાહિત્યકાર રસ્તો બતાવતો હતો - ગાઈને. એને શબ્દનો ને સૂરનો સથવારો મળ્યો. ('લિ.' પૃ. ૪૭૧) એનાય અંતરમાં કાવ્યઝરણ ફૂટે. ટપકાવે; બતાવે.

એ કિશોર એક 'દિ કામકાજ મૂકીને ઊભોઊભો એક ભભૂતગર ટોકરીઆ બાવાને એકીટશે જોવામાં તલ્લીન. એને ખબર નહિ કે પાછળ મેઘાણીભાઈ ઊભા છે! પાછો ફર્યો, ને જોયા! ફાળ પડી : હમણાં ઠપકો મળશે. ત્યાં તો ખડખડાટ હસી પડ્યા.

પછી પેલા કિશોરે એ બાવા પર કાવ્ય કર્યું. દોડતો ગયો

મેઘાણીભાઈ પાસે. 'લો, આ!' વાંચ્યું.

'આવે ભભૂતગર બાવો અલ્યા!
એના ટોકરા રણઝણ વાગે,
ઓલી પાની શેરીએથી આલ્લેક જગાવતો
આવીને ઝટ લોટ માગે.'

કહે, "આ શું? 'ઝટ લોટ માગે' સાવ પ્રોઝેઈક. બાવાના પગ જ થંભી જાય! ન ચાલે. એને તો 'આહ્લેક'ને પગની ટોકરીના વણથંભ રણકાર ચાલુ જ રહે : લોટ મળવો હોય તો મળે..." ને કિશોરે છેલ્લી પંક્તિ સુધારી : 'આવે હલકતે રાગે.'

બાવો તો રણકતા ટોકરાનો, રંગીન લીરાનો, અવિરામ આનંદનો પ્રતિનિધિ! 'તેરો કોન હૈ રોકનહાર, મગનસે આવ ચલી' એવા મીરાંભાવે મસ્ત! આ કાવ્યપાઠ યાદ કરનાર ખરેખર કવિયે છે - ને બાવોયે! મકરન્દ દવે. (ઊર્મિ...' જૂન ૧૯૮૦)

જિંદગીભર ગાન, આમ, ગૌરવને જાળવીને જ થયું. પણ જાહેરમાં ગાનનો આરંભ આ ભાવનગરવાસથી થયો. છતાં 'ગાન' કરતાં 'ગીત'નું ગૌરવ વધુ પ્રમાણ્યું હતું. ગળું ને વક્તૃત્વ - એને વટાવવાની તો વૃત્તિ જ નહોતી. લોકસાહિત્યના સત્ત્વને જાળવવા-કેળવવા ને પ્રસ્થાપિત કરવા જરૂર પડ્યે ત્યાં જ ગળાને પ્રયોજતા. પણ ગળાની કળા કવિતામાં ઊતરી, અને લોકગીતના સંપાદનમાંય કામે લાગી. કોઈને ગવરાવવા માટે વચમાં વચમાં કે આગળપાછળ ગાવું પડે જેથી સામાને ખાતરી થાય કે જણ આપણા કરતાં વધારે જાણતલ છે. જાણકારીની ખાતરી થતાં જ હૈયાં ઊઘડે. ક્યારેક, ખાસ કરીને ચારણો તો, કસોટી પણ કરે- બરાબરની!

ભાવનગરવાસ દરમ્યાન રાજકવિ ઠારણભાઈને મળવા ગયા, કર્નલ જોરાવરસિંહજીનો પત્ર લઈને. પત્રમાં લખેલું કે યુવક સંસ્કારી છે, ચારણી સાહિત્યમાં ને લોકસાહિત્યમાં રસ છે. તો, એ સાહિત્ય સંભળાવશો. પ્રાથમિક વિધિ પત્યે ઠારણભાઈએ પરીક્ષા લીધી. કહે, 'એક જૂનો દુહો છે. અર્થ તમે બેસાડી આપો :

જળ સસો, પરબત મછા, હરણાં રેંટ ફરંત;
ચલો સખી, ઉણ દેશમાં (જ્યાં) પથરા વાઘ ચરંત'.

જ્યાં જળમાં સસલાં ને પર્વતે માછલાં હોય, જ્યાં રેંટમાં હરણાં ફરતાં હોય ને વાઘ પથરા ચરતા હોય એવા દેશમાં હે સખી ચાલો - આવો પ્રથમ અર્થ મેઘાણીએ પકડ્યો, ને પછી ઉમેર્યું, 'આવું તો હોય નહિ. માટે આમાં સમસ્યા છે.' ઠારણભાઈ સામે જોયું. ઠારણભાઈ મૂંગા રહ્યા. જોઈ રહ્યા. થોડી વારે મેઘાણી કહે, 'છેલ્લી પંક્તિમાં 'વાઘ' શબ્દ છે એ ચાવીરૂપ લાગે છે : "'વાઘ' એ તો 'ઘોડાની લગામ'. હં...! 'પથ-રા'માં 'રા' એટલે 'ના.' - મારગના ચાલવાવાળા ઘોડા પર આ ચારેય પંક્તિ છે કે?"' ઠારણભાઈએ ખુશીમાં, હકારમાં માથું ઝુકાવ્યું, કે હસીને કહે : 'ઘોડા તો પાણીદાર સસલાં જોઈ લ્યો; મચ્છ-મત્સ-મોટા પહાડ જેવાં, ને ઠેકમાં તો હરણાં ને મોંમાં લગામ ચાવતા ચાલતા હોય...! અરે, એવો તો આપણો મુલક! - આ તો સૌરાષ્ટ્રની જ પ્રશસ્તિ!' આખી સમસ્યા ઊકલી ગઈ! ઠારણભાઈને એવું માન થયું કે પાંચેક દિ' સુધી જવા ન દીધા. સંબંધ કાયમી બંધાયો. પરજ બોલીનો ખ્યાલ આપ્યો. જૂની ઢબે દુહા બોલનારાના પરિચયો - સાથે આવીને - બંધાવ્યા. પોતે લોકસાહિત્યની જાણકારીથી ને લોકજીવનની જાણકારીથી આમ સમૃદ્ધ થતા જતા હતા. પોતે પણ દુહા બોલે, એટલે સામલ્યાને પોરસ ચડે. વીજાણંદના, ખીમા જેઠવાના, મેર જેઠવાના, પોરસા વાળાના - એમ હૈયાનાં કપાટ ભરાતાં હતાં. એવાં ભરાયાં કે ચારણમાત્ર એમને ગુરુ ગણે! વાત કઢાવવાની એવી અજબ કળા! 'ધૂળના ઉકરડામાંથી સોનું શોધી કાઢવાનો સંચો કુદરતે એમના હૈયામાં ગોઠવ્યો હતો.' (કાગ) ('શ્રીજીવન', જૂન '૪૭; પૃ. ૫૪૨) ક્યારેક ચારણ મૂંઝાય તો અર્થ સમજવા આવે :

"ભાઈ, આ 'દૂધફૂલાં વાગે ડમર'માં 'દૂધફૂલાં' શું હશે?" મેઘાણી હસીને 'હે, 'ખરેખર નથી ખબર?' 'ના.' જાણે સાવ સહેલું હોય એમ જણાવે : 'ઢૂંઢાં.'

"પણ 'કાગરખી મખ પ્રમ કિયા?' એટલે?"

'એટલે શ્રાદ્ધપક્ષમાં કાગઋષિને જમાડીને, એના મુખને સંતોપીને ધર્મ કરાય છે.' ચારણી છંદોમાં પાવરધા. કાગની કવિતામાં કેટલીક ખૂટતી પંક્તિઓ એમણે બાંધી આપી છે. પોતાની કવિતામાંય ચારણી છંદો સહજ ને સબળ રીતે વાપર્યા : 'વીર બંદો', 'રાત ઘંટા ચાર વાગે', 'શિવાજીનું હાલરડું.' 'ઘટમાં ઘોડા થનગને' એ કેવો દોહો છે!! 'ઘણ રે બોલે ને' કે તકદીરની ત્રોફનારીવાળું ભજન - અસ્સલ ઢાળ. આપણી અર્વાચીન કવિતામાં મેઘાણીનો સાદ અલગ વરતાઈ જાય છે. સહજ રીતે લોકોર્મિઓ જાણે લોકઢાળમાં ઢળે છે. અંગ્રેજીના અર્વાચીન ગ્રેજ્યુએટનું 'લોક'માં બરાબરનું રૂપાન્તર થઈ ગયું છે. અર્થઘન કવિતાની વચાળે જ બરાબર આ પારંપરિક ગાન છેડતો બેસે છે! લોક એનાં 'શેણાં' (સ્વજનો) છે :

હાલ હૈડા જીરાણમેં, શેણાંને કરિયેં સાદ;
મિટ્ટી સેં મિટ્ટી મિલી, (તોય) હોંકારા દિયે હાડ!
(ચલ હૈયા સમશાનમાં, સ્નેહીન દૈયે સાદ;
માટીમાં એ છો મળ્યો, હોંકારા દે હાડ!)

હોંકારા તે કેવા? ચારણ બનાવટ કરે તો એનોય કાન પકડે! કાગબાપુ પાસે પોરસા વાળાના વધુ દોહા માગ્યા. પેલા ભૂલી ગયેલા, ને મેઘાણીની ઊઘરાણી ચાલુ! આખરે કંટાળીને સાતેક ઘરના જ બનાવીને મોકલી દીધા, કે વળતો કાગળ આવ્યો : 'દુલાભાઈ! આવા થોડાક વધુ લખી નાખોને!' કહે છે, 'કાગળ વાંચી હું તો ઠરી ગયો!' આ કસોટી બીજાઓની સાથોસાથે એમની ફરી કરી - જૂનાનવા દોહાની ભેળસેળ કરી એમાંય જૂનાને તારવવા

જણાવ્યું તો એકલા મેઘાણી જ એ કામ કરી શક્યા! પ્રવાસમાં દુહા સંભળાવતા, એમાંથી કેટલા નવા એ તરત કહી બતાવતા, ને સંશોધન કરાવતા તો એ વાત સાચી ઠરતી. ભારતભરના ચારણોના સમ્મેલનમાં વાત એવી માંડી કે કલાકો સુધી સૌ એકરસ થઈને એવા બેઠા કે એમના હોકા ઠરી ગયા; ત્યારે લીંબડીના કવિ શંકરદાનજી મેઘાણીને ભેટી પડતાં કહે, 'મેઘાણી! કળજગ આવ્યો છે! એ સિવાય આવું હોય?' વાણીઓ ગાય ને બે હજાર ચારણો ચૂપચાપ ઘેટાં જેમ સાંભળે!!' ત્યારે મેઘાણી કહે, 'હું તો ચારણોનો ટપાલી છું.'

'ફિલ્ડવર્ક'ના તાલીમાર્થીને શીખવવામાં આવે છે કે નિરીક્ષણ જ તમારે તો કરવાનું છે, પણ તે માહિતીદાતાઓ સાથે હળીભળીને-એક થઈને; participation સાથેનું observation! મેઘાણીને એ કોઈ શીખવવા નહોતું ગયું; છતાં એમની જેમ તટસ્થ નિરીક્ષણ જ નહિ પરીક્ષણ પણ, આવી દિલની એકતા સાધીને બીજો કોઈ કરે ત્યારે ખરો! રસધાર અનર્ગળ વહેતી રહી એનું કારણ જ આ. પ્રેમ કોઈ પાઠથી ન શીખાય. એક દુહો ને એના બોલનાર બન્નેને, વર્ષો પછી પણ, કેવા પ્રેમથી - જાણે ગઈ કાલની વાત હોય એમ - યાદ કરે છે!

" 'ધર રહસી, રહસી ધરમ્મ...' એ શબ્દો મારા સ્વર્ગસ્થ ચારણમિત્ર ગગુભાઈ નીલાના કંઠેથી જ્યારે પ્રથમ વાર ઊઠ્યા ત્યાર વેળાનું તેમનું મોં અત્યારે પણ નજરે તરવરે છે."... "છોકરું મોઈડાંડિયે રમતું હોય એટલી મોજભરી બાનીમાં ગગુભાઈએ એકલિયા નામના ચોરને આલેખ્યો–"

કહીને એ આખીયે લાં...બી કથા ગગુભાઈની જ બાનીમાં ઉતારી આપે છે - જાણે રેકોર્ડ! ટેપ! વિશ્વાસુ બેવફા નીવડ્યાની, ક્રાઈસ્ટની છેલ્લી ફીસ્ટની યાદ આપે એવી ઉદાત્ત કથા! એકલિયો બહારવટીઓ ઘેરાયો છે. કથાનો અંત :

" 'પુનરવ ભા, અસવાર આવે છે. ભાલાં ઝળકે છે, ભાગો.'

'ભાગી તો રિયા હવે ભાગવું લખ્યું હોત તો આજ રોકાણ શીદ કરત?' એટલું કહીને એકલિયે પોતાના વાતડાહ્યા વિશ્વાસુ ભાઈબંધ સામે નજર નોંધી : 'ભરડા! ખૂટ્યો કે?'

બ્રાહ્મણને મોઢે મશ ઢળી ગઈ.

પોતાની આંગળીમાં ચૌદ ગદિયાણાનો હેમનો ફેરવો હતો. તે કાઢીને બ્રાહ્મણને કહ્યું : 'એક અડબોત ભેળો તારા પ્રાણ કાઢી શકું. પણ હું એકલિયો. મારું મરણટાણું ન બગાડું. આ લે દક્ષિણા અને માંડ ભાગવા. હમણાં આહીં ગોળીઉની પ્રાછટ બોલશે.''' (પરકમ્મા' '૮૧, પૃ. ૧૪૧)

આ ગગુભાઈ નીલા જેવા તો કંઈક વરસ્યા. સોળની સાલમાં જ દરબારસાહેબ મળેલા; પછી પીંગળશીભાઈ, ગગુભાઈ, ઠારણભાઈ... યાદી કરવી છે? નામચોરી કે ઋણચોરી મેઘાણીભાઈએ કરી નથી; એટલે જિજ્ઞાસુ હોય એ એક કામ કરે (મેં કરી જોયું છે!) : 'પરકમ્મા' વગેરેમાંથી કોણ ક્યારે કેમ મળ્યું ને શું આપ્યું એની યાદી કરે! થાકી જવાશે. ફિલ્ડવર્ક- ફિલ્ડવર્ક રટ્યે શાસ્ત્રીયતા નહિ આવે; દિમાગ નહિ, દિલ દેવું પડે! દસ વરસ સતત દિલ દઈને આ એક જ કામ કર્યું હોય ને પછી આખું જીવન એને અર્પ્યું હોય એવાં નામો Folkloreની દુનિયામાં કેટલાં? તટસ્થ રીતે જોશો, ને જગતના નામેરી લોકવિદ્યાધરોને યાદ કરતા જશો - ગ્રિમબંધુઓથી માંડીને સ્ટિથ ટોમ્પસન ને રિચર્ડ ડોર્સન સુધીનાને - તો ખાતરી થશે કે આ એમના કાફલાને શોભાવે એવો જણ. ચારણો પાસેથી ઝીલ્યું - એમને ઘેર, નેસડે, વાટે-ઘાટે જઈને; અન્ય 'લોક' પાસેથી ઝીલ્યું; અરે, ચાલતી ટ્રેને સરવા કાને સાંભળ્યું તેય ટપકાવી લીધું :

'વાશે વા ને ઊડશે સેલીયું'!

•

'ઈ સાજણ છે પાકા તેલના ધરા'

•

'સજણ ગિયાં ને શેરીયું રહી,
ઊડવા લાગી ખેપ!'

•

'વાટ છે જૂની ને પગ નવો,
ચંગો માડુ જાય...'

•

સજણાં! તમારી શેરીએ,
(અમે) ગળીને ખાતર થયાં!

'પરોઢથી સવાર સુધીનો રેલગાડીનો આ સંગાથી ધોળા જંક્શન ટૂંકડું આવતાં, જીવની આખરી ગતિને યાદ કરાવતું એક ભજન ગાઈને જુદો પડ્યો – જાવું છે નિરવાણી!' ('પરકમ્મા', '૮૧; ૨૩૩-૨૪૧)

આમ, પત્રના કામ ઉપરાંત, 'ફિલ્ડવર્ક' સતત ચાલતું હતું. એમાં નવાં બે પરિમાણો ઉમેરાયાં - જોકે એ 'બે'ને એક જ 'નારી'ને નામે પણ ઓળખાવી શકાય : મહિલા વિદ્યાલય અને દાણીદમ્પતી! બળવન્તરાય મહેતા લખે છે :

'ભાવનગર મહિલા વિદ્યાલયમાં તેઓ લોકસાહિત્યના માનદ્ શિક્ષક બન્યા હતા. દર અઠવાડિયે આવીને નવી નવી વાર્તા સંભળાવે, નવી નવી કવિતા સુણાવે. સંશોધન કરતાં કરતાં એમની હૃદયગુહામાંથી કાવ્યઝરણાં વહેવા લાગ્યાં... કવિતા કે વાર્તા રચે, બહેનોની પ્રયોગશાળામાં તેને કસે.' ('ઝ. મે. સ્મ.' '૪૭; ૧૦૫)

એ વિદ્યાલય એમને માટે માત્ર પ્રયોગશાળા જ નહોતી, તાલીમશાળા પણ બની. કલકત્તા છોડી, બગસરા આવ્યા ત્યારે રાણપુરનું 'સૌરાષ્ટ્ર'નું થાણું એમને માટે જાણે તૈયાર હતું, એમ ભાવનગર આવ્યા ત્યારે અહીં પણ બીજા અમૃતલાલ જ! મેઘાણીની ઉંમર હશે ૨૯ની; ને આ દાણી કદાચ એકાદ વર્ષ મોટા - પણ, એટલે સમવયસ્ક જ કહેવાય. બોલે ઓછું, જીવે વધારે! ધૂની. પાક્કા

કેળવણીકાર. પણ પાક્કા સિદ્ધાન્તવાદી ને મતાગ્રહી.

સ્નેહીઓ અને કુટુમ્બીઓએ લગ્નનો આગ્રહ કર્યો ત્યારે કહે, 'હું તો સાવ અભણને પરણું ને પછી ઘેરથી સ્ત્રીશિક્ષણનો દાખલો બેસાડું.' ને એમ જ કર્યું. રાણપુરની નદીને કાંઠે છાણાં વીણતી ને લોકગીતો ગાતી એક અભણ ને સરલ કન્યા સાથે લગ્ન કર્યાં ને સ્ત્રીશિક્ષણની દીક્ષા. સ્ત્રીશિક્ષણને જીવનકાર્ય ગણ્યું.

પેલી 'અભણ' કન્યા તો પછી સ્નાતક, ને વિદુષી થઈ એ દાણીના પ્રતાપ. જયાબહેનને મોઢે જ એમના મેઘાણીસંબંધની કથા કેમ ન સાંભળીએ?

"વર્ષો પહેલાં મારા પતિ સાવ નિરક્ષર સ્થિતિમાં મને ભાવનગરમાં લાવ્યા. મારા પતિ દાણીજી અને મેઘાણીભાઈ વર્ષો-જૂના મિત્રો... મને લોકગીતો અને લગ્નગીતોનો શોખ અને કંઠ... કહે, 'જયાબહેન! તમે તે દિવસે લગ્નગીત કે લોકગીત ગાયું, એ બહુ સરસ હતું. એનો અર્થ અને રાગ તો સુંદર છે. મને બીજી વાર ગાઈ બતાવશો?'

હું ગાઉં ને પોતે રાગ બેસાડે. દિવસો સુધી ગાવા-ગવડાવવાનું ચાલું રહ્યું. મારી પાસે બેસે, ગવડાવે, પોતે ગાય અને લખી લે. આમ એમણે 'ચૂંદડી' અને 'રઢિયાળી રાત'ના સંગ્રહો તૈયાર કરવા માંડ્યા. ૧૯૨૫માં શ્રી મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલય સ્થપાયું. સંસ્થા હજી તદ્દન પરાવલંબી દશામાં, સંખ્યા નહિ જેવી, અધ્યાપકો આંગળીને ટેરવે ગણી શકાય તેટલા, પાસે પૈસો નહિ... મેઘાણીભાઈ મળી ગયા... વાર્તા, લોકગીતો ને લગ્નગીતો સંભળાવવા લાગ્યા... તેમ તેમ બહેનોમાં સુપ્ત સંસ્કારો જાગવા લાગ્યા.

મેઘાણીભાઈને પણ ભારે મજા આવવા લાગી. એમણે પણ નવાં નવાં ગીતો રચવા માંડ્યાં. નવું ગીત બને એટલે પ્રભાતે અમારે ત્યાં કફનીના ગજવામાં ગીતનું કાગળિયું નાખીને આવે. હું, મારા પતિ, બળવન્તભાઈ, ભૂપતભાઈ... એમની આસપાસ ઘેરો વાળીને બેસીએ. મેઘાણીભાઈ એમનું ગીત ગાય અને સમજાવે. પછી એ નવું ગીત શાળામાં આવીને બહેનો પાસે ગાય. આમ 'વેણીનાં ફૂલ'-'કિલ્લોલ'ના સંગ્રહો તૈયાર થયા.

દાણીજી અને મેઘાણીભાઈ મિત્રો. સાથે ભણેલા, રહેલ અને ફરેલ. દાણીજી માંદા પડ્યા. મેઘાણીભાઈને સમાચાર મળ્યા... એમને ત્યાં લઈ ગયા. આઠેક દિવસ સુધી ખૂબ મમત્વભરી સારવાર કરી, પણ કાંઈ ફેર ન પડ્યો, તેથી મુંબઈ લઈ જવાનું ઠરાવ્યું.

અમે સેકન્ડ ક્લાસમાં અને મેઘાણીભાઈ થર્ડક્લાસમાં... રસ્તામાં દરેક સ્ટેશને ઊતરે અને અમારે ડબ્બે આવે. કહે, 'દાણીભાઈ! આ તમારા બૉયને કાંઈક તો કામ સોંપો. હું તમારી શી સેવા કરું?'"

(વર્મા-પરમાર સંપાદિત 'ઝ.મે. સ્મ.', '૪૭; પૃ. ૧૬૨)

એ તો ૧૯૨૯ની વાત; અહીં હજી ૧૯૨૫-૨૬ની વાત ચાલે છે. મકાન ચણાતાં હોય ને મજૂરણો ચૂનો ખાંડતી ખાંડતી ગાતી હોય-

'જાઉં તો ભીંજાય ચૂંદડી રે!
નીકર તૂટે રે સનેહ!'

•

'મારી મેંદીનો રંગ ઊડી જાય!
સૂરજરાણા ધીમા તપોને!'

•

'મોર આદુર-દાદુર બોલે છે,
ઝરમર મેવલો વરસે છે.'

કહે છે : "હૈડાં હેઠાં મેલીને મેં એ ટિપ્પણીગીતો એકાદ પખવાડિયું સાંભળ્યા કર્યાં. રુદિયામાં જ રાખ્યે ગયો. એમાંથી જન્મ થયો મારી સૌપહેલી સ્વતંત્ર ગીતરચનાઓનો. દીકરી ઇન્દુ ખોળે રમતી હતી, છએક મહિનાનું ફૂલ ત્યારે ત્યાં, ભાવનગરમાં 'વેણીનાં ફૂલ' રચાયાં.' ('પરકમ્મા')

ને એ રચનાઓને અમૃતલાલ દાણીએ ઉત્સાહથી 'સિંચી-ઉછેરી.' વિદ્યાલયમાં એ ગાવા પ્રેરે ને એમ આત્મવિશ્વાસ વધારે :

'મારી કાવ્યસર્જકતાનો રોપ, સીધેસીધી રાષ્ટ્રોત્થાનભાવની જોખમભરી ભૂમિમાં પડતો બચી ગયો અને નિસર્ગલક્ષી બાળગીત, કૌમારગીત તેમજ દામ્પત્યગીતની ક્યારીમાં રોપાયો એ સ્વ. દાણીના પ્રતાપ.'

રાષ્ટ્રોત્થાનનાં કાવ્યો તો પછી આવ્યાં ૧૯૨૯-૩૦માં. મેઘાણી કહે છે : " 'યુગવન્દના' મને પ્રિય છે, પણ 'વેણીનાં ફૂલ' ને 'કિલ્લોલ' પ્રિયતર છે." ('પરકમ્મા')

આમ, દાણીદમ્પતીએ બે દ્વાર ખોલ્યાં : જયાબહેને લગ્નગીતોનાં-ને નારીવૃંદોને હૈયે પડેલાં અન્ય ગીતોનાં; તો, અમૃતલાલે સ્વતંત્ર બાળ-કિશોર-ગીત રચનાઓનાં. જાણે દ્યાવા-પૃથિવી જેવાં બે બળોનું ગાન જયાબહેને સંભળાવ્યું :

'ધરતીમાં બળ સરજ્યાં બે જણાં :
એક ધરતી બીજો આભ!
વધાવો આવિયો.
આભે મેહુલા વરસાવિયા
ધરતીએ ઝીલ્યા ભાર!
વધાવો આવિયો.'

મેઘાણી કહે છે : 'એ ગીતોની સંજીવનીએ આ બળતા વેરાન વચ્ચે આત્મભૂમિને રસવાનું જે ચિરકાલીન કામ બજાવ્યે રાખ્યું છે તેની વાત કરવા બેસતાં વાચા વિરમી જાય છે.' ('પરકમ્મા,' '૮૧; ૧૬૪)

સ્ત્રીઓ કનેથી ગીતો કઢાવવાં એ કપરું કામ હતું. એમાં રીતસર પ્રવેશ કરાવ્યો જયાબહેને. ગીતરચનાઓની સાથોસાથ નારીવૃંદનાં હૈયાંની સરવાણી ઝીલવાનું કામ હવે રીતસર આરંભાયું.

(ક્રમશઃ)

કબ્રસ્તાનનો ભેદ

મૂ.લે. સત્યજિત રાય
અનુવાદ : સુકન્યા ઝવેરી

'ગોડવીન...? ટોમસ ગોડવીન...? સિધુકાકાના કપાળમાં કરચલી પડી ગઈ. સિધુકાકાને હું કહું છું વિશ્વકોશ.

ફેલુદા કહે છે શ્રુતિધર. બંનેય યોગ્ય છે. એક વાર જે વાંચે, કે સાંભળે – પછી ભૂલે નહિ. ફેલુદાને વચ્ચે વચ્ચે એમની પાસે જવું પડે છે. જેમ કે આજ પરોઢિયે ઊઠીને તળાવને કાંઠે સિધુકાકા ફરવા જાય. બેએક માઈલ ચાલી સાડા છ સુધીમાં તેઓ ઘેર પાછા ફરે. ચોમાસામાં પણ જવાનું બંધ ન રહે. છત્રી લઈને જાય. ઘેર આવી પલંગ પર જે બેસે તે નહાવા-જમવા સિવાય ઊઠે નહિ. સામે એક ડેસ્ક તેના પર પુસ્તકો, મેગેઝિન, છાપાં લખે નહિ. પત્ર પણ નહીં, ધોબીનો હિસાબ પણ નહિ. કશું જ નહીં. કેવળ વાંચે. ટેલિફોન નથી. અમારું કામ પડે તો નોકર જનાર્દનને તેડવા મોકલે; દસ મિનિટમાં એ ખબર પહોંચી જાય. લગ્ન કર્યાં નથી; વહુને બદલે પુસ્તકો જોડે જ બસે છે. કહેશે, મારો સંસાર, મારાં સ્ત્રી-પુત્ર પરિવાર, મારા ડૉક્ટર, માસ્તર, બ્રધર, સિસ્ટર, મધર- ફાધર બધું જ મારાં પુસ્તકો. જૂના કલકત્તા વિષે ફેલુદાને જે રસ જાગ્યો છે એ માટે સિધુકાકા જ થોડેઘણે અંશે જવાબદાર છે. પણ સિધુકાકા કેવળ કલકત્તા જ નહિ. આખી દુનિયાનો ઇતિહાસ જાણે છે.

દૂધ વિનાની ચાના ઉપરાઉપરી બે ઘૂંટડા લઈ સિધુકાકા ગોડવીન શબ્દ બે વાર બોલ્યા. એ પછી કહે : 'ગોડવીન શબ્દ ફટ લઈને કહે તો પહેલાં યાદ આવે શેલિના સસરા, પણ ભારતવર્ષમાં આવ્યો હતો એક ગોડવીન. કઈ સાલમાં મરી ગયો' કહ્યું?'

'અઢારસો અઠ્ઠાવન.'

'અને જન્મ?'

'સત્તરસો અઠ્યાસી.'

'હં, તો પછી આ જ ગોડવીન હોઈ શકે. લાગે છે ઉડતાલીસમાં, કે પછી ઓગણપચાસમાં, 'કલકત્તા રિવ્યૂ'માં એક લેખ છપાયો હતો. ટૉમસની દીકરી, નામ શર્લી. ના - ના - શાર્લોટ, શાર્લોટ ગોડવીન. તેણે પોતાના બાપ વિષે લખ્યું હતું. હં, યાદ આવ્યું... ઓ હો! એ તો એક અજાયબ કહાણી હોં કે ફેલુ! - જોકે જીવનની છેલ્લી ઘડીની વાતો શાર્લોટે નહોતી લખી, અને એ તો મનેય નથી ખબર; પણ શરૂઆતમાં ભારત આવ્યા ત્યારનો કીર્તિ-કલાપ. એ તો એકદમ વાર્તા જ જાણે! તું તો લખનૌ ગયો છે ને?'

ફેલુદાએ માથું હલાવી હા પાડી. બાદશાહી વીંટી માટે પહેલી વાર પોતાની ડિટેક્ટિવગીરીની આતશબાજી તો ફેલુદાએ લખનૌમાં જ દેખાડી હતી.

'સાદતઅલીની વાત તો ખબર છે ને!'

'હા.'

'એ જ સાદતઅલી તે વખતે લખનૌનો નવાબ. દિલ્હીનો દીપક ત્યારે બૂઝું બૂઝું હાલતમાં અને રોશની બધી લખનૌમાં. સાદત જવાનીમાં કલકત્તામાં હતો, સાહેબલોકો જોડે હળીમળીને અંગ્રેજી ભાષા જરાક જેવીતેવી શીખ્યો હતો, અને શીખ્યો હતો સોળ આના સાહેબીપણું. અસફુદ્દૌલ્લાના મરણ પછી વજીરઅલી નવાબ થયો. સાદત ત્યારે કાશીમાં હતો. મન ઉદાસ ખરાબ. કેમ કે એને આશા હતી કે અસફ પછી એ જ ગાદીએ બેસશે. આ તરફ વજીર હતો આળસુનો પીર. બ્રિટિશરો એને બરદાસ્ત ન કરી શક્યા; ચાર મહિનામાં એની નવાબી ખતમ કરી નાખી. યાદ રાખજે, અયોધ્યામાં ત્યારે કંપનીનો ખૂબ માનમરતબો અને લાગવગ. નવાબો કંપનીને કહ્યે ઊઠેબેસે. વજીરને ઉતારી મૂકી સાદતને ગાદીએ બેસાડ્યો. સાદતે ખુશ થઈ બ્રિટિશરોને અર્ધું અયોધ્યા દઈ દીધું.

એ વખતે લખનૌની ગલીકૂંચીમાં સાહેબ. નવાબની ફોજમાં સાહેબ ઑફિસર, સાહેબ ગોલંદાજ, તે સિવાય સાહેબ વ્યવસાયી સાહેબ ડૉક્ટર, સાહેબ પેઈન્ટર, સાહેબ હજામ, સાહેબ સ્કૂલ માસ્તર. વળી, કોઈ કોઈ તો પૈસાના લોભે જ ત્યાં આવ્યા હતા કે નવાબની નેક નજરે ચડે તો બે પૈસા કમાઈ શકે. આ છેલ્લી જાતના લોકોની ટોળીમાં આવે આ ટૉમસ ગોડવીન. ઇંગ્લેંડનો છોકરો - સસેક્સ કે સફોક કે... ક્યાંકનો એ રહેવાસી હતો એ બરાબર યાદ નથી – એણે પોતાના ગામમાં બેઠા બેઠા નવાબીની વાતો સાંભળી ને અહીં લખનૌ આવી હાજર થયો. સોહામણો, દેખાવડો; વાતચીતમાં, બોલવાચાલવામાં હોંશિયાર. રેસિડેન્ટ ચેરી સાહેબનું મન પલાળી જીતી એમની પાસેથી સિફારીશ - પત્ર લઈ જઈને નવાબના દરબારમાં હાજર થયો. સાદતે પૂછ્યું, 'તને શું આવડે છે. તું શામાં હોંશિયાર છે ?' ટૉમસે સાંભળ્યું હતું કે નવાબને વિલાયતી ખાણું પસંદ છે - એને રસોઈ કરતાં ખૂબ સારી આવડતી, કહે કે હું સારો છું, તમને રાંધીને જમાડવા માગું છું. નવાબ કહે, 'જમાડ'. બસ - ગોડવીને એવું સરસ રાંધ્યું કે તે જ ક્ષણે એને બાવર્ચીખાનામાં નોકરીએ રાખી લીધો. એ પછી નવાબ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં મુસલમાન બાવર્ચીની સાથે ટૉમસ ગોડવીન તો હોય જ. લાટસાહેબ શહેરમાં આવે તો સાદત એમને બ્રેકફાસ્ટ માટે બોલાવે - સાહેબ ખુશ થાય તો સાદતનો બેડો પાર. એ માટે ટૉમસ ગોડવીન એનો આધાર અને નવી કોઈ ડીશ પસંદ પડે એટલે બક્ષીસ. નવાબી બક્ષિસ તો ખબર જ છે તને? પાંચદસ રૂપિયા કે બેચાર મહોર હાથમાં દઈ

દે - એવું નહિ - લખનૌનો નવાબ! હાથ ખંખેરે તો પહાડ. વિચાર તો કર, ગોડવીનનાં ખીસાં કેવાં તર થઈ ગયાં હશે! અને એમ ન હોય તો કોઈ બાવર્ચીખાનામાં પડ્યું રહે!

નવાબની છત્રછાયામાંથી નીકળ્યો. ચાલ્યો આવ્યો આપણા કલકત્તામાં. આવીને જેન મેડક નામની એક મેમસાહેબને પરણ્યો - એ કંપનીની ફોજના કેપ્ટનની દીકરી; અને પછી ત્રણ મહિનામાં એક રેસ્ટોરન્ટ ખોલ્યું. બરાબર ચૌરંગીમાં જ. એ પછી તો પૂછવું જ શું? પણ સારા દિવસો કોઈના હંમેશાં ટકતા નથી. ગોડવીનને હતી જુગારની લત. લખનૌમાં હતો ત્યારે મરઘાની લડાઈ અને તેતરની લડાઈમાં શરત લગાવતો, કમાયો હતો ય એટલું ને ગુમાવ્યું હતું ય એટલું જ. કલકત્તા આવીને ફરી એ લત લાગી. એથી વધારે એની દીકરીએ કંઈ લખ્યું નથી અને મને લાગે છે - આ લેખ ટૉમસ ગોડવીનના મૃત્યુ પછી થોડા જ મહિનામાં છપાયો હતો અને સગી દીકરી કંઈ આથી વધારે પોતાના બાપ માટે આવી ખરાબ વાતો વધુ બહેલાવીને લખી શકે? લાગે છે એ જમાનામાં તો ન જ કરી શકાતું. જે હોય તે, એશિયાટિક સોસાયટીમાં જઈને તું આ લેખ વાંચી જોજે. મેં કહ્યું એથી નેચરલી વધુ ડિટેલમાં જ મળશે.

પણ મારા ધારવા પ્રમાણે સિધુકાકા પૂરો અંગ્રેજી લેખ જ અનુવાદ કરી બોલી ગયા હતા.

ફેલુદા અને હું બંને ટૉમસ ગોડવીનની આવી આશ્ચર્યકારક વાત સાંભળીને થોડી વાર તો ચૂપ જ રહ્યા. ફરી સિધુકાકાએ મોં ખોલ્યું;

'પણ ટૉમસ ગોડવીન વિષે અચાનક શા માટે પૂછે છે! શું વાત છે!'

ફેલુદા કહે, 'તે જ કહું છું. પણ પહેલાં બીજી એક વાત પૂછી લઉં. નરેન્દ્ર વિશ્વાસ નામ સાંભળ્યું છે - જેઓ જૂના કલકત્તા વિશે નિબંધ લખે છે!'

'શામાં લખે છે!'

'તે નથી ખબર!'

'કોઈ અ-ખ્યાત છાપામાં લખે તો મારી નજરે ન પડે. આજકાલ બસ મારાં નિયમિત બાંધેલાં છાપાં સિવાય હું કંઈ નથી વાંચતો. પણ એ વાત શું કામ પૂછે છે!'

ફેલુદાએ ટૂંકમાં કાલની વાત કરી કહ્યું, 'ઝાડ પડવાથી જો એક માણસ જખ્મી થઈ બેભાન થાય તો એની મનિબૅગ દસ હાથ દૂર શી રીતે ઊડી પડે એ જ ખટકો છે મનમાં.'

'હં.'

સિધુકાકા જરાક વાર રહીને ગંભીર બની બોલ્યા : 'કાલે વાવાઝોડાની ઝડપ હતી કલાકના નેવું માઈલ. જો બહાર નીકળી પડી હોય, જો એ સજ્જનની મનિબૅગ એમના શર્ટ કે ઝભ્ભાના ઉપલા ખિસ્સામાં હોય તો દોડવા જતાં ખિસ્સામાંથી મનિબૅગનું ઊડી પડવું એ તો કંઈ નવાઈ ન કહેવાય, અને દોડતો હોય ત્યારે જ એના માથા પર ઝાડ પડ્યું હોય તો! એમાં રહસ્ય ક્યાં આવ્યું?

'પણ એ સજ્જન પડ્યા હતા ગોડવીનની કબર પાસે. એ કબર પાસે નેહર નાળા જેવો ખાડો. લાગે છે કોઈએ ખોદકામ શરૂ કર્યું હતું.'

સિધુકાકાની આંખો ગોળ ગોળ રસગુલ્લા જાણે!

'શું વાત કરે છે? ગ્રેવ ડિગિંગ? એ તો ભારે ગ્રેવ સમાચાર આપ્યા તેં! આ તો માની જ ન શકાય એવી વાત છે. તાજી લાશ ખોદી કાઢી શબને સિસેકશન માટે વેચે તો પૈસા મળે એ ખબર છે. પણ બસો વરસની પુરાણી લાશમાં કેટલાંક હાડકાં સિવાય શું હાથમાં આવે, કહે? તેની તાત્ત્વિક વેલ્યુ પણ નથી કે નથી રિસેલ વેલ્યુ. ખોદતા હતા એ બાબતમાં તું શ્યોર છે?'

'ના, પૂરેપૂરો નહિ - કારણ વરસાદને લીધે કોદાળીના ઘાનાં ચિહ્ન ભૂંસાઈ ગયાં હતાં - પણ તોય —'

સિધુકાકા વળી એક વાર માથું ધુણાવી કહે, 'ના હોં. ફેલુ, મને લાગે છે તું હવામાં બાચકાં ભરે છે. હાથમાં કોઈ કેસ-બેસ નથી! તેથી કલ્પનાથી એક રહસ્ય ખડું કરે છે કે શું?'

ફેલુદા એક તરફ હોઠ મરડી હસે છે એમ હસી ચૂપ રહ્યો. સિધુકાકા કહે : 'ગોડવીન વંશનું કોઈ જો અહીં રહેતું હોત તો લાગે છે એને પૂછીને પણ કંઈક જાણવા મળત. પણ એય લાગતું નથી. બધાં જ કુટુંબો તો બારવેલ કે ટાઈટલર પરિવાર નથી - કે જેનું કોઈ ને કોઈ તો છેક ક્લાઈવના સમયથી લઈને આજ દિન સુધી ઈંડિયામાં રહેતું હોય.'

આટલી વાર સુધી છુપાવી રાખેલી વાત અત્યારે ફેલુદા બોલ્યો : 'ટૉમસ ગોડવીનની ત્રણ પેઢી સુધી તો એનું કોઈ ને કોઈ અહીં આપણા દેશમાં મર્યું છે એ મને ખબર છે.'

'એ શું?' સિધુકાકા તો અવાક. 'અસલમાં આજે સવારે અહીં આવતાં પહેલાં જ અમે લોઅર સરક્યુલર રોડના કબ્રસ્તાનમાં દોઢ કલાક ફરી જોઈ આવ્યા હતા. એ પાર્કસ્ટ્રીટનું કબ્રસ્તાન પછી બન્યું છે અને હજુ પણ વપરાશમાં છે.'

'શાર્લોટ ગોડવીનની કબર જોઈ?' ફેલુદાએ કહ્યું. '૧૮૮૬ની સાલમાં સડસઠ વર્ષે મરણ પામી. 'ગોડવીન અટક જોઈ? એનો અર્થ એ કે એણે લગ્ન નહોતાં કર્યાં. અરે, ખૂબ સરસ લેખિકા હતી.'

'શાર્લોટની પાસે એના મોટાભાઈ ડૅવિડની કબર છે.મૃત્યુ ૧૮૭૪.' ફેલુદા ખીસામાંથી પોતાની ડાયરી કાઢી એમાં જોઈને બોલતો હતો - 'તેઓ ખિદિરપુરની કિડ કંપનીના હેડ-આસિસ્ટંટ હતા. ડૅવિડની પાસે એના દીકરા લેફ્ટેનન્ટ કર્નલ એન્ડ્રુ ગોડવીન અને એની પત્ની એમા ગોડવીન એન્ડ્રુ ૧૮૮૨માં મૃત્યુ પામી. એન્ડ્રુ - એ માની પાસે એનો દીકરો ચાર્લ્સ. તેઓ ડૉક્ટર હતા, મૃત્યુ

(અનુસંધાન પાન ૧૫૯ ઉપર)

અડકો દડકો

તીડો જોશી

• રૂપાંતર : શ્રદ્ધા ત્રિવેદી •

એક હતો ખેડૂત. હતો તો ગરીબ, પણ બહુ ચતુર ને ચાલાક. તેનું મૂળ નામ શું હતું તેની તો કોઈનેય ખબર નહોતી. કારણ સૌ તેને તીડો કહીને જ બોલાવતા.

એક વાર તેણે એક સ્ત્રીનાં રેશમી કપડાંની ચોરી કરી. અને તે કપડાં તેણે એક ઘાસની ગંજીમાં સંતાડી દીધાં. પછી એક ઝાડ નીચે બરોબરનું આસન જમાવીને પોતે જાણે મોટો ત્રિકાળજ્ઞાની જોશી હોય એમ પગ પર પગ ચઢાવીને બેઠો. એવામાં જેનાં કપડાં ખોવાયેલાં તે સ્ત્રી પેલા જોશી પાસે આવી. કહે : 'મહારાજ, મારાં રેશમી કપડાં ખોવાઈ ગયાં છે. મેં ઘરમાં બધે તપાસ કરી પણ મળતાં નથી. આપ મને કહેશો એ ક્યાં હશે?'

'હા...હા... બેટી, કેમ નહીં? પણ એ માટે તમારે અહીં દાન-દક્ષિણા મૂકવી પડશે. શું આપશો?' જોશીએ કહ્યું.

'તમે કહેશો તે.' સ્ત્રીએ કહ્યું.

'ઠીક, ઠીક.' ને પછી તે જોશી આંખો બંધ કરી ધ્યાનમાં બેઠા હોય તેમ થોડી વાર બેઠા. પછી આંખો ઉઘાડીને કહ્યું : 'જા, તારાં કપડાં ઘાસની ગંજીમાં છે.' પેલી સ્ત્રી ત્યાં ગઈ ને જોયું તો કપડાં હતાં. તે ખુશ થઈ ગઈ. તે તરત પેલા જોશી પાસે આવીને તેમણે જે કહ્યું તે દાન-દક્ષિણા રૂપે મૂક્યું.

એ પછી સાચું ભાવિ ભાખનાર તરીકે આ તીડાની ખ્યાતિ ચારે બાજુ ફેલાવા લાગી. બે-ત્રણ દિવસ પછી, એક જમીનદારનો ઘોડો ખોવાયો. જમીનદારના માણસો તેની પાસે આવ્યા ને ઘોડો ક્યાં હશે તે અંગે પૂછ્યું. તેણે થોડી વારે, ધ્યાન ધર્યા બાદ, કહ્યું : 'જંગલમાં એક ઝાડ નીચે તે બંધાયેલો છે.' જમીનદારના માણસો જંગલમાંથી ઘોડો લઈ આવ્યા ને જોશીને ખૂબ ધન આપ્યું. તેમના ગયા પછી જોશી બનેલો ખેડૂત મનોમન હસ્યો : 'વાહ! આ ઠીક રસ્તો છે. પહેલાં વસ્તુ ચોરવી, પછી સંતાડવી, ને પછી ક્યાં છે તે જણાવવું. પૈસોય મળે ને પ્રતિષ્ઠાયે. તે ખુશ થયો. આ બનાવ પછી તો તેની પ્રતિષ્ઠા ખૂબ વધી ગઈ. છેક રાજા સુધી તેની વાત પહોંચી.

હવે એક વાર બન્યું એવું કે રાજાની લગ્નની વીંટી ખોવાઈ ગઈ. ખૂબ શોધી પણ મળી નહીં. આથી રાજાએ આ જોશીને બોલાવ્યા. રાજાના માણસો તેમને મહેલમાં લાવ્યા. તેમને માનસન્માનથી આસન આપવામાં આવ્યું. આપણા આ જોશી બેઠા તો ખરા. પણ મનમાં ગભરાતા હતા. 'આ વીંટી વળી ક્યાંથી ખોવાઈ? હું ક્યાં ખરો જોશી છું? ક્યાં હશે? હું શોધી નહીં શકું. એટલે રાજા મને જરૂર જેલમાં પૂરી દેશે. મારું ભવિષ્ય એ લાગે છે.' તે ચૂપ જ બેઠો. એટલે રાજાએ કહ્યું : 'જુઓ મહારાજ, વીંટી કહ્યા પ્રમાણે મળી જશે તો ન્યાલ કરી દઈશ. ને નહીં તો મારી તલવાર અને તમારું ડોકું. સમજ્યા!'

'હા રાજન્! પણ મારે થોડો સમય જોઈશે.' 'હા, જોઈએ એટલો લો. આપને એક અલાયદો ઓરડો આપીશું. કહો, તમે કાલ સવાર સુધીમાં કહી શકશોને? તો આપણે કાલ સવારે મળીશું.' કહી રાજા ગયા. જોશીને એક ઓરડામાં લઈ જવામાં આવ્યા. ત્યાં તેમને માટે પૂરતી સગવડો હતી. નોકરો ગયા પછી જોશીએ વિચાર્યું : 'હું રાજાને સવારે શું મોં બતાવીશ? કંઈ નહીં. હવે મધરાત થાય એટલે કોઈક રીતે ભાગવું એ નક્કી. ત્રણ કૂકડા બોલે કે પોબારા ગણવા - એ એક જ રસ્તો બચવા માટે રહે છે.'

આમ વિચારીને બેઠો. હવે બનેલું એવું કે રાજાની વીંટી રાજાના નોકર, રસોઈઆ અને ગાડીવાને જ લીધી હતી. તેમને ફડક પેઠી કે જો જોશી તેમનું નામ દેશે તો રાજા તેમને જીવતા નહીં છોડે. તો હવે કરવું શું?

નોકર કહે : 'હું બારણાં પાસે

ઊભો રહી સાંભળું કે અંદર રહ્યે રહ્યે તે કંઈ બોલે છે ખરા? 'એમ કહી તે બારણાં પાસે ઊભો. હવે થયું એવું કે તે જ વખતે કૂકડો બોલ્યો : 'કૂકડે...કૂક...' એટલે જોશી બોલ્યો : 'લો, આ એક તો આવ્યો. હવે બીજા બેની રાહ જોવી પડશે.' નોકર દોડતો દોડતો તેના બીજા બે સાથીદારો પાસે ગયો. ને બોલ્યો : 'જરૂર તેને ખબર પડી ગઈ લાગે છે કે આપણે ત્રણ છીએ. હું એકલો હતો એટલે કહે, એક આવ્યો. હવે બીજા બેની રાહ જોવી પડશે.'

'એમ! તો હવે મને જવા દે. જોઉં, તે શું બોલે છે. તેને ખબર પડશે કે આપણે જ ચોર છીએ તો રાજાને તે કહી દેશે. ને તો રાજા પળનોય વિલંબ કર્યા વિના આપણાં માથાં ધડથી અલગ કરી દેશે. લાવ, હવે મને જવા દે ને ખાતરી કરવા દે.' રસોયો ગયો.

કાગનું બેસવું ને ડાળનું પડવું - તે તે જ વખતે બીજો કૂકડો બોલ્યો. આ સાંભળી જોશી કહે : 'આ બીજો આવ્યો. હવે ત્રીજાની રાહ જોઉં. રસોયો ઝટપટ દોડ્યો ને પોતાના સાથીદારોને મળ્યો ને કહે : 'અરે, એને તો મારા આવ્યાની ખબર પડી ગઈ. ત્રીજાની જ રાહ જુએ છે. હવે?'

'તો તો એને મારીયે ખબર હશે. ચાલો, આપણે જ એને પગે પડીને વિનવીએ. ને સાચેસાચું કહી દઈએ કે તે રાજાને ન કહે. વીંટી એને જ આપી દઈએ.'

'હા.... એ જ બરાબર છે.' ને ત્રણે જણ બારણા પાસે જઈ ઊભા રહ્યા. ત્યાં જ કૂકડાનું કૂકડે.....કૂક..... સંભળાયું. એટલે જોશી બોલ્યો : 'ચાલો હવે જઉં. ત્રણે થઈ ગયા.'

ને જવા માટે તેણે બારણાં ખોલ્યાં. પણ જેવાં એણે બારણાં ખોલ્યાં કે પેલા ત્રણેય ચોરો તેના પગે પડ્યા ને આજીજી કરવા લાગ્યા: 'અમે તમારે પગે પડીએ છીએ. જુઓ વીંટી આ રહી. તે અમે ચોરી હતી તેમ રાજાને ન કહેશો. અમને બચાવવા તમારા હાથમાં છે. અમને માફ કરો.'

'હેં! તમે જ વીંટીના ચોર છો? ઠીક, તો લાવો વીંટી. તમે જાતે જ ચોરી કબૂલો છો ને વીંટી મની આપી દો છો માટે તમને માફ કરું છું; પણ જુઓ, આ અંગે હું જે કાંઈ કરું તે માટે તમારે કોઈને કશું કહેવાનું નહીં. માત્ર જોયા કરવાનું. જાઓ, નચિંત થાઓ ને જાઓ' - પેલા ત્રણે જણ તેને ફરી પગે પડ્યા ને ગયા.

જોશીએ વીંટી લીધી ને પછી એક ખૂણામાં પડેલા લાકડાના પાટિયા નીચે સેરવી દીધી ને પછી નિરાંતે સૂઈ ગયો.

સવાર પડી. રાજા આવ્યા. જુએ તો જોશી ધ્યાનમાં બેઠા છે. રાજા તેમની સામે બેઠા. થોડી વારે જોશીએ આંખ ખોલી : 'હે રાજન્! તારી વીંટી અહીં જ ક્યાંક કોઈ લાકડાના પાટિયા નીચે હશે. તપાસ કરો.' રાજાના માણસોએ ઓરડામાં જોયું તો એક પાટિયા નીચેથી રાજાની વીંટી મળી. રાજા ખૂબ ખુશ થઈ ગયા. આ જોશીને અઢળક સોનામહોરો આપી અને માનભેર જમાડ્યા.

રાજા તો પછી પોતાના બાગમાં ફરવા નીકળ્યા. રાજા ફરતા હતા ત્યારે ઘાસમાં તેમણે કંઈક જોયું ને પોતાની મૂઠીમાં તે પકડી લીધું ને પછી જોશી પાસે આવીને કહે : 'અરે ઓ મહાન જોશી, તમે વીંટી તો શોધી આપી. પણ હવે મારા હાથમાં શું છે એ સાચું કહો તો હું તમને સાચા જોશી કહું. બોલો, મારા હાથમાં શું છે?'

હવે? આ જોશી શું કહે? તે તો બીન્યા.. 'આ રાજાને અત્યારે શું સૂઝ્યું? એના હાથમાં મોતી હોય ને માણેકેય હોય! હા, મારા જેવા હોય તો હાથમાં તીડ પણ...' ને એ 'તીડ' શબ્દ સાંભળતાં જ રાજા તો ખુશ ખુશ થઈ ગયા. 'ખરેખર! મારા હાથમાં તીડ જ છે. તમે સાચા જોશી છો.' ને પછી તેને ફરી વધુ સોનામહોર ઇનામમાં આપી. જોશીએ પોતાને ઘેર જવાની રજા માગી. આથી રાજાએ પોતાના રથમાં માનભેર તેમને ઘેર પહોંચાડ્યા.

(રશિયન બોધવાર્તા 'ઊંટવૈદ્ય' પરથી)

અતીતમાં અવગાહન

તમારે જો અર્વાચીન ગણાવું હોય તો આજે ઘણુંઘણું કરવું જોઈએ. જેમ કે છરીકાંટાથી ટેબલ ઉપર બેસી સારી હોટેલમાં ખાવું જોઈએ. ટાઈ અમેરિકન નૉટથી પહેરવી જોઈએ, અંગ્રેજી ફિલ્મો જોવી જોઈએ વગેરે આ બધી જરા ફૅશનની વાત છે.

પણ અર્વાચીન યુગનું એક મહાન લક્ષણ એ છે કે દરેકે એક નોંધપોથી તો રાખવી જ જોઈએ. અમારા સૌ મિત્રોને નોંધપોથી રાખવાની ટેવ છે; અમને નથી. અમને એ ટેવ નથી એટલે અમે જરા પ્રાચીન ગણાઈએ છીએ. પણ અમે નોંધપોથી નથી રાખતા તેનું કારણ એક બહેન છે અને તેમનો નોંધપોથીનો અનુભવ છે. અને અનુભવ હમેશાં કડવા જ હોય છે.

એ બહેને એક વાર મળતાં કહ્યું કે 'તને લાગે છે કે કોઈએ નોંધપોથી રાખવી જોઈએ.'

'લાગે છે? અરે, મને તો એ રાખવી જરૂરી લાગે છે.'

'જરૂરી કેમ?'

'વાહ, કેમ નહિ? આપણા જીવનના અમૂલ્ય પ્રસંગો એમાં લખ્યા હોય તો આગળ જતાં આત્મકથા લખવા કામ લાગે.'

'જો ભાઈ, પહેલાં તો આપણા જીવનમાં અમૂલ્ય પ્રસંગો બનતા જ નથી; અને બીજી રહી આત્મકથાની વાત. આત્મકથા તો ખોટો શબ્દ છે. ખરો શબ્દ છે આત્મશ્લાઘા. કોઈ પણ આત્મકથામાં ખરી હકીકત નથી હોતી, નિજનાં વખાણો હોય છે. ખેર, મારે ચર્ચા નથી કરવી, પણ હું માનું છું કે નોંધપોથી તો ન જ રાખવી.'

આપણામાં એક કહેવત છે કે 'વાણિયો લાભ વિના લોટે નહિ.' આનો બીજો ભાગ મૂળ લખનારાનો અપ્રસિદ્ધ પડી રહેલો લાગે છે કે 'સ્ત્રી જ્યારે કંઈ વાત શરૂ કરે ત્યારે સમજવું કે તે બીજી કોઈ વાત ઉપર વળવા માગે છે.' એટલે મેં કહ્યું, 'જો, આડીઅવળી વાત ન કર અને જલદી મૂળ વાત ઉપર આવ.'

'તો સાંભળ. મને લાગે છે કે સ્ત્રીઓ માટે નોંધપોથી રાખવી એ જરા પણ જરૂરી નથી, યોગ્ય નથી, સારું નથી. લાભદાયક....' 'હા, હા, બસ બસ. તેં આ સ્ત્રી અને પુરુષના વિભાગો કેમ પાડ્યા?'

'છોકરાઓ માટે જુદી વાત છે. તેમને ધંધાની મુલાકાત હોય, નોકરીનાં કામ હોય, આ હોય તે હોય; અને આમે તેઓ ભૂલકણા ને વાતોડિયા રહ્યા, એટલે લખે નહિ તો ભૂલી યે જાય.'

'એમ? અને છોકરીઓ?'

'એમની વાત જુદી છે. એમણે ટાઈમ આપ્યો હોય તો યે મોડી જાય તો પણ ચાલે; ના જાય તો પણ ચિંતા બીજાને શિરે રહે. છોકરીઓને માઠા પ્રસંગો યાદ રાખવાની જરૂર નથી, કેમ કે એવા પ્રસંગોનું કારણ તેઓ પોતે જ રાજીખુશીથી બની હોય છે; અને સારા પ્રસંગો તો ગા ગા કરતી જ હોય છે, એટલે ભૂલતી નથી.'

'માફ કરજે, પણ હજુ તારી મૂળ વાત શરૂ નથી થઈ એમ મને લાગે છે.'

'તે તેના પર જ આવું છું ને? મને લાગે છે કે છોકરીઓ માટે નોંધપોથી રાખવી એ ગેરફાયદો છે.' હવે વાતનો દોર હાથમાં આવતાં કહ્યું : ' બધાંનો અર્થ એક જ થયો કે આપ બહેનસાહેબે નોંધપોથી રાખી હતી!'

'બિલકુલ બરાબર. અને તે રાખીને હું જે હેરાન થઈ છું : ભગવાન! ભગવાન! ભાઈ, વાત એમ છે કે બાપુજીએ ગઈ પહેલી જાન્યુઆરીએ મને એક નોંધપોથી ભેટ આપી. અને જેવી તે

નોંધપોથી

—પ્રબોધ જોષી—

મને મળી કે તરત જ મેં તો મારા જાહેર અને અંગત જાણવા જેવા - જણાવવા જેવા, અને ખાનગી કે ટૂંકમાં કહું તો બધા જ પ્રસંગો અંદર ટપકાવવા માંડ્યા. લખતી ટૂંકમાં, પણ લખતી બધું જ.'

'પછી?'

'પછી શું? પછી એ છ મહિના તો બરાબર લખાઈ. પણ આજે મેં તેમાં એવું લખ્યું છે... અને હવે પછી તેમાં કદી કશું નહિ લખાય.'

તે થોડી વાર થોભી અને મને પૂછ્યું 'તું રાજેન્દ્રને ઓળખે છે?' મેં હા પાડી. રાજેન્દ્ર લાખોનો આસામી, બાપનો એકનો એક અને વિચારશીલ, વિનયી પુત્ર હતો.

તેણે કહ્યું, 'બસ ત્યારે; આ બધું રાજેન્દ્રમાંથી થયું. હું તેને એક બહેનપણીને ત્યાં બે મહિના પહેલાં મળેલી અને ત્યાં મને ખબર પડી કે તે અમારી નાતનો જ છે, પૈસાદાર છે, ભણેલો ગણેલો છે અને છે પણ દેખાવડો.'

'તું કોઈ પરીકથા કહેતી લાગે છે.'

'હવે આમાં પરીકથા ક્યાં આવી? આ તો જીવનસંગ્રામનો એક મોરચો છે.'

'જીવનસંગ્રામનાં વર્ણનોમાંના આ ભાગને હું હંમેશાં પરીકથા કહું છું. ખેર, પછી શું થયું?'

'પછી શું? પછી મને ખબર પડી કે તેનો વિવાહ નથી થયો અને સારી છોકરી મળે તો કરી નાખવા માગે છે. એટલે મેં તેના ઉપર સારી પ્રતિભા પાડી. અમે મિત્રો થઈ ગયાં. મેં મૂર્ખીએ તેને ઉત્સાહમાં ને ઉત્સાહમાં કહેલું કે હું એક નોંધપોથી રાખું છું. થોડા વખત પછી તે કામકાજને લીધે દિલ્હી ગયો. હતું કંઈ લાઈસન્સ બાઈસન્સનું કામ. મહિના પછી તે પાછો આવ્યો ને એક સાંજે મારે ત્યાં આવ્યો.'

'સ્વાભાવિક છે.'

'હા; પણ હવે અસ્વાભાવિક કથા શરૂ થાય છે. થોડી વાર પછી તેણે પૂછ્યું કે 'તારી નોંધપોથી હમણાં કેમ ચાલે છે?' મેં કહ્યું કે 'નિયમિત લખાય છે.' તેણે કહ્યું કે 'વાંધો ન હોય તો હું જોવા ઇચ્છું છું.'

'પછી તેં જોવા ન આપી?'

'ઇચ્છા તો હતી કે ના આપું; કારણ કે તે વાંચવા માંડે તો અંદર નીકળે કે : સવારે નવ વાગ્યે ઊઠી. દાતણ કર્યા વગર ચા પીધી. સવારે પાડોશમાં રહે છે તે રમેશ સાથે જિમખાના ઉપર ટેનિસ જોવા ગઈ. બપોરે ઊંઘી ગઈ. ૩ વાગ્યાના શોમાં સુરેશ સાથે પિક્ચર જોઈ આવી. સાંજે ગિરીશ સાથે મોટરમાં જુહુ ગઈ.... એટલે મેં કહ્યું કે નોંધપોથીમાં ખાસ કંઈ જ નથી. પણ રાજેન્દ્રે તો જેવી હોય તેવી જોવાનો આગ્રહ રાખ્યો.'

'પછી?'

'પછી શું?' છૂટકો તો હતો જ નહિ; બતાવવી જ પડે તેમ હતું. એટલામાં મારી નજર સામે ટેબલ ઉપર પડી. બાપુજીએ મારા જેવી જ એક નોંધપોથી બાને પણ આપેલી. ફેર એટલો હતો કે મારી લાલ રંગના પૂઠાની હતી અને બાની લીલા રંગના પૂઠાની. સામે ટેબલ ઉપર લીલી ડાયરી પડી હતી. મને થયું કે બાની નોંધપોથીમાં વાંધા જેવું કંઈ નહિ હોય, એટલે તે મેં તેના હાથમાં મૂકી. એણે એ મોટેથી વાંચવા માંડી. તેમાં લખ્યું હતું કે : સવારે પાંચ વાગ્યે ઊઠી. નાહીધોઈને પૂજા કરી. નવ વાગ્યે બાગમાં ફરી; થોડું ચાલી. બપોરે ગીતા વાંચીને આરામ કર્યો. ચાર વાગ્યે ભગિનીઓના મંડળમાં જઈ ત્યાંથી મજૂર બહેનોના સેવાવિભાગમાં ગઈ. છ વાગે મંદિરે ગઈ. રાત્રે ભજન તથા માળા કરીને સૂઈ ગઈ.

એમ પતાવતો પતાવતો તે છેલ્લે પાને આવ્યો ને બોલ્યો, 'અરે વાહ, તમે છેલ્લે પાને ભેળપૂરી કેમ બનાવવાં તેની પણ રીત લખી છે! ઘરકામમાં પણ રસ લેતાં લાગો છો!'

'એટલે તે તારા ઉપર વંકાયો?'

'ના, ભાઈ ના; ઊલટું બાની નોંધપોથીએ તો મારી લાજ રાખી. તેને મારું જીવન ગમ્યું. જતાં જતાં તેણે બીજે દિવસે આવીને મારા બાપુજીને મળીને બધું નક્કી કરવા જણાવ્યું.'

'ઓહ! તો તો તું તારીને બદલે બાની નોંધપોથીથી બચી, એમ ને?'

'હવે મને મારી વાત પૂરી કરવા દઈશ? બીજે દિવસે મારો વિવાહ નક્કી થવાનો હતો. એટલે હું સારા શણગાર સજીને તૈયાર થતી હતી. એ આવવાનો હતો સાડા સાતે, પણ કોણ જાણે કેમ સાડા છએ આવી ગયો. એ આવ્યો ત્યારે હું પહેલા માળે હતી અને મેં જોયું કે તે ડ્રોઈંગ રૂમમાં અરધે રસ્તે આવી ગયો હતો. મને થયું કે હું ઉપરથી ભૂસકો મારી નીચે પડું....'

'ઓહો! એટલો બધો ઊમળકો!'

'ઊમળકો નહિ પણ ધબડકો! વાત એમ હતી કે મારી પોતાની લાલ ડાયરી ત્યાં જ પડી રહી હતી, જેના ઉપર તેની નજર પડી.'

'પછી તેણે તે જોવા માગી?'

'માગી? અરે ભાઈ, તેણે તો વગર પૂછ્યે વાંચવા જ માંડી. એ વાંચીને તેના ભાવ ફરી ગયા. તે જરાકે રોકાયા વિના, બાપુજીને મળ્યા વગર જ જતો રહ્યો. તે ગયો એવી જ હું સમજી ગઈ કે મારી યોજનાનો અંત આવી ગયો.'

'હું ન સમજ્યો કે આમાં અંત ક્યાં આવ્યો?'

'તે ગયો ત્યારથી બધાને કહેતો ફરે છે કે હવે તે મને નહિ જ પરણે.'

'પણ કારણ કંઈ?'

'તે એમ કહે છે કે તેનું કુટુંબ રૂઢિચુસ્ત છે.' અને હું તો જોકે ઘરરખ્ખુ, આદર્શ ને સંસ્કારી હતી, પણ મારી બા આટલી મોટી ઉંમરે પણ હજી ઉછાંછળી અને ઉચ્છૃંખલ હતી; એટલે એવી વેવાણ કોઈ પસંદ ના જ કરે.'

'તારી બા ઉચ્છૃંખલ?'

'લાલ ડાયરી તે બાની જ સમજ્યો હતો!'

હવે હું પણ માનું છું કે બહેનોએ તો નોંધપોથી રાખવી જ નહિ. અને તો પછી ભાઈઓએ પણ કાંડાં કાપી આપવાની કંઈ જરૂર? (સળંગ અંક ૩૬૨)

કલાયાત્રા



કલાકાર નબીબખ્શ મન્સૂરી

પ્રાકૃતિક સૌંદર્યથી સભર સાબરકાંઠાના ઈડરની નજીક આવેલા ઓડા ગામના વતની નબીબખ્શ એક અચ્છા કલાકાર છે. હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ ગ્રામ વાતાવરણમાં લીધા પછી અમદાવાદની સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં ચિત્રમાં ડિપ્લોમા મેળવ્યા પછી બરોડાની ફાઈન આર્ટ્સ કોલેજમાં એમ.એ.ઇન ફાઈન આર્ટ્સનો અભ્યાસ કર્યો. ચિત્રકલાના એમના પ્રિય વિષયમાં એમણે જાણીતા અધ્યાપક કલાવિવેચક, ચિત્રકાર અને કવિ શ્રી ગુલામહંમદ શેખના માર્ગદર્શન તળે આધુનિક ચિત્રકલાની તાલીમ મેળવી. શ્રી ગુલામહંમદ શેખ દૂર ગામડામાંથી આવેલા આ વિદ્યાર્થીની અભ્યાસવૃત્તિ અને ચિત્રકલાથી અત્યંત પ્રભાવિત હતા. તેમના છેલ્લા સર્જનમાં ગુલામહંમદ શેખના ચિત્રોમાં જે રંગવિધાન છે તે તેમણે પોતાનાં ચિત્રોમાં પણ પ્રયોજ્યું હોવા છતાં ગુરુથી તેમનાં ચિત્રો બિલકુલ ભિન્ન છે. તેમાં તેમની એક નિજી શૈલી ઊભી કરી છે.

આ નિજી શૈલી જ એમને અન્ય ચિત્રકારોથી પણ અલગ તારવે છે. તેમાંનાં રંગરૂપો તથા પ્રતીકોનો કલાત્મક ઉપયોગ તેમની સર્જનાત્મક દૃષ્ટિનાં દ્યોતક છે. ખરેખર નબીબખ્શનાં ચિત્રોમાં શહેરી સંસ્કૃતિ અને જીવનની ગ્રામ જીવન પર પડતી વિપરીત અસરનું દર્શન છે. ગ્રામજીવનમાં આવી રહેલું ઝડપી પરિવર્તન તેમણે પ્રતીકાત્મક અને કલાત્મક રીતે દર્શાવ્યું છે. માનવાકૃતિઓનો ભાગ્યે જ આધાર લીધા વિના ગ્રામ સ્ત્રી કે ગ્રામજીવન દર્શાવવા માટે તેમણે સ્ત્રીનો ચોટલો તથા ગ્રામજીવનના દૈનિક વપરાશનાં સાધનો તથા મકાનોનાં ને ઝૂંપડાંના આકારોને રંગરૂપો દ્વારા સૂચનાત્મક રીતે રજૂ કર્યા છે. તેનાથી વિરુદ્ધ શહેરી જીવનના પ્રતીકો તરીકે મિલોનાં ભૂંગળાં, ઝડપી વાહનો ઇત્યાદિ દર્શાવ્યાં છે. આવો વિરોધાભાસ ચિત્રોની સંરચનામાં સંવાદ સાધે છે. લીલા અને ભૂરા જેવા ઠંડા રંગો તેમને વધુ પ્રિય છે આમ છતાં લાલ, પીળા અને બદામી રંગોનો પણ ઉપયોગ કરી તેમાં પોતાનાં ચિત્રોમાં સંવાદિતા સાધી છે. એકબીજા

અમદાવાદનું એક દૃશ્ય જેમાં ગાંધી-આશ્રમ, બાપુનાં ચશ્માં અને શાન્તિદૂત કબૂતર દર્શાવ્યાં છે. (તૈલરંગી)




અમદાવાદના ત્રણ દરવાજા. 'જબ કુત્તે પર સસ્સા આયા'ની જાણીતી કથાને પ્રભાવવાદી શૈલીએ નિરૂપતું તૈલરંગી ચિત્ર.



ઈડરનો કિલ્લો - શિલાઓ, વેણી, ચોટલો આદિ દ્વારા સર્જાતું મધ્યકાલીન વાતાવરણ. (તૈલરંગી)







ઈડરનું ગ્રામદૃશ્ય (જળરંગી)

← યુવતીનો તૈલરંગી સ્કેચ

પર મુકાએલા આ રંગો એક બીજામાં ઓગળી જતાં લાગે છે. પાતળા અને પારદર્શી રંગોના સવિશેષ ઉપયોગથી આપણને તેમનાં ચિત્રો વધુ તેજસ્વી પ્રકાશથી પ્રભાવિત કરે છે.

નબીબખ્શે કેટલાંક દૃશ્યચિત્રો પણ સર્જ્યાં છે. આ ચિત્રો બધાં જળરંગમાં છે. અલબત્ત, તૈલરંગોમાં પણ કરેલાં છે ને તેમાં રંગના જાડા થરો અને ઝડપી બ્રશવર્ક વડે એમણે એ દૃશ્યચિત્રોમાં ઘનતા બતાવવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે જળરંગોની પારદર્શિતા અને પ્રવાહિતા તેમનાં ચિત્રોમાં તરત જ દેખાઈ આવે છે. આ બધાં દૃશ્યચિત્રો કુદરતી વિશાળતાનું દર્શન કરાવે છે.

વિદ્યાર્થી અવસ્થામાં નબીબખ્શે સંખ્યાબંધ સ્કેચો કરેલા એ પણ લગભગ ફોટોગ્રાફિક કક્ષાના છે, પણ પાછળથી તેમણે વિહંગદૃશ્યોમાં પ્રભાવવાદી શૈલી અપનાવી છે. તેમાં જરૂરી વિગતો તો છે જ, પણ તેમણે તેમાં રંગરૂપો પર સવિશેષ ધ્યાન આપ્યું છે. થોડા રંગોમાં રંગછાયાના વૈવિધ્યથી ઊંડાણનો અનુભવ કરાવે છે.

નબીબખ્શની કલાકાર તરીકેની કારકિર્દીમાં તેમના નિવૃત્ત પિતાશ્રીનો પણ ખાસ હિસ્સો છે. પોતે શાળામાં આચાર્યપદે હતા અને તેમણે પુત્રને ચિત્રકલામાં ખાસ પ્રોત્સાહન આપ્યું હતું.

ડ્રોઈંગ પર સારી હથોટી હોઈ પુસ્તકો માટે ઈલસ્ટ્રેશન પણ કરે છે. પોર્ટ્રેટ ઉપર પણ સારો સિદ્ધહસ્ત કાબૂ હોઈ પોર્ટ્રેટ પણ બનાવે છે. ગાંધીનગરના જાણીતા થીએટર રાજશ્રીમાં તેમણે કરેલાં ચિત્રો જોઈને તો ભારતના જાણીતા કલાકાર એમ.એફ. હુસેન પણ ખુશ થઈ ગયેલા.

આ બધું એમના નિર્વાહ માટે પૂરતું છે. હાલમાં તેઓ ગાંધીનગરમાં એક ભાડાના મકાનમાં સપરિવાર વસે છે. સર્જનાત્મક ચિત્રકલામાં એમને સવિશેષ રસ હોઈ દિલ્હીના માનવસંશોધન અને વિકાસ મંત્રાલય તરફથી તેમને જૂનિઅર સ્કોલરશિપ મળી છે.

એમની ચિત્રશૈલીમાં એક તરફથી પ્રભાવવાદી વલણ છે તો 'ઈડરનો કિલ્લો' કે 'ત્રણ દરવાજા' જેવાં ચિત્રોમાં સર્‌રિયલ શૈલીની અસર પણ વર્તાયા વગર રહેશે નહિ. એમને જેમ તૈલરંગી ચિત્રોની સારી ફાવટ છે તેમ 'ઈડરનું ગ્રામદૃશ્ય' જોવાથી લાગશે કે જલરંગી ચિત્રો પણ તેઓ સફળતાથી બનાવી શકે છે. ચિત્રવિષય પ્રમાણે તેઓ રંગની ઘટ્ટતા અને તેજસ્વિતામાં યોગ્ય વધઘટ કરે છે. - બંસીલાલ દલાલ

સાહિત્યસંપર્ક



નોબેલ લૉરિએટ બ્રોડસ્કિનું નિધન

મે ૨૪, ૧૯૪૦ના રોજ રશિયન-જ્યૂઈશ પરિવારમાં લેનિનગ્રાડમાં જન્મેલા અને ૧૯૮૭નો સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર મેળવનાર કવિ જોસેફ બ્રોડસ્કિનું ગયા જાન્યુઆરી માસની ૨૮મી તારીખે ન્યૂ યૉર્કમાં હૃદયરોગના હુમલાથી નિધન થતાં સમર્થ કવિતાનું એક પ્રકરણ પૂરું થયું છે. ૧૫ વર્ષની ઉંમરે એમણે શિક્ષણને અલવિદા આપેલી અને ૧૭ની વયે કાવ્યાલેખનનો આરંભ કરેલો. જોકે ૧૯૬૭ સુધીમાં એમની માત્ર ચાર જ કાવ્યકૃતિઓ રશિયામાં પ્રકટ થયેલી. સ્વતંત્ર બુદ્ધિશક્તિના એ માનવીનું જોખમ રશિયાને સમજાઈ ગયું હશે; પરિણામે ૧૯૬૪ના ફેબ્રુઆરીમાં એમના પર સામાજિક પરોપજીવીપણા માટે મુકદમો થયો અને પાંચ વર્ષની સખત કેદ ફરમાવાઈ. જોકે વીસેક માસ બાદ એમને મુક્ત કરવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન ઉત્તર રશિયામાં આર્ખાન્જેલ્સ્ક ખાતે હદપાર કરાયેલા.

૧૯૭૨માં 'યુનિવર્સિટી ઑફ મિશિગન'માં એક વર્ષ માટે નિવાસી કવિ તરીકે અને ખાસ વ્યાખ્યાતા તરીકે નિયુક્ત કરતા ત્યાં ગયા અને ત્યાર પછીના વર્ષે ન્યૂયૉર્કમાં ક્વીન્સ યુનિવર્સિટીમાં આ જ પ્રકારના હોદ્દા પર એક વર્ષ માટે રહ્યા. આ પૂર્વે થોડો સમય વિએના અને લંડનમાં એ રહ્યા હતા. પરંતુ પછીથી કાયમ માટે એ અમેરિકામાં સ્થિર થયા. ૧૯૬૯માં એમને લંડન ખાતે 'પોએટ્રિ ઇન્ટરનેશનલ' અને સ્પોલેટો ખાતે 'ફેસ્ટિવલ ઑફ ટુ વર્લ્ડ્ઝ'માં ભાગ લેવા નિમંત્રણો મળ્યાં હતાં, પરંતુ તેમાં જવા માટેની તેમને રાજ્યસત્તા તરફથી અનુમતિ અપાઈ નહોતી. ત્યાર પછી ૧૯૭૨માં 'પોએટ્રિ ઇન્ટરનેશનલ'માં એમણે પોતાની રચનાઓથી સહુનું ધ્યાન ખેંચ્યું. એમની કવિતા ફ્રેન્ચ, ઇટાલિયન, જર્મન, ચેક, પોલિશ, હિબ્રૂ, નૉર્વેજિયન,

ગઝલના ગગનમાં - ૧૪



હરીશ ધોબી

કવિની કાવ્યરચના 'કુમાર'માં પ્રગટ થાય ત્યારે તે સાચો કવિ આવું કવિઓની અનેક પેઢીઓ સુધી માનવામાં આવતું હતું. જીવનમાં પહેલી કવિતા જે લખાય તે કવિતાને 'કુમાર'માં પ્રગટ થવાની તક મળે અને તે પણ શ્રી બચુભાઈ રાવતના વિનંતી-પત્ર સાથે કે જો કવિની અનુમતિ હોય તો આ ગઝલ 'કુમાર'માં પ્રગટ કરવાની ઇચ્છા છે. અને આમ ૧૯૭૮ના 'કુમાર'માં 'આમ તો હું શૂન્યનો વિસ્તાર છું, તોયે શબ્દોમાં રહેલો ભાર છું' ગઝલ દ્વારા ગુજરાતી ગઝલના ક્ષેત્રે પગરણ માંડનાર હરીશ રામચંદ્ર ધોબીને ગુજરાતના ગઝલરસિકો હરીશ ધોબીના નામે ઓળખે છે.

ખેડા જિલ્લાના બોરસદ ગામે ૮-૧૧-૧૯૫૨ના રોજ જન્મેલા હરીશ ધોબી વ્યવસાય પણ ધોબીનો જ કરે છે. એસ.એસ.સી. સુધીનો અભ્યાસ અને પછી પરિસ્થિતિની સામે ઝઝૂમીને પરંપરાગત ધોબીનો જ વ્યવસાય સ્વીકારી લેનાર હરીશ ખૂબ જ ઓછું લખનાર પરંતુ ખૂબ જ સત્ત્વશીલ લખનાર ગઝલકાર છે. ૧૯૮૫માં તેમનો ગઝલસંગ્રહ 'લગભગ' ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પ્રકાશિત થયેલો છે. સંગ્રહને ૧૯૮૫નું સાહિત્ય અકાદમી (ગુજરાત સરકાર)નું પ્રથમ ઇનામ મળેલું છે. સમજણ અને શહેર વિશે અનેક સુંદર શેર આપનાર હરીશના થોડાક શેર માણીએ :

ક્યાં જીવવા દે છે મને મારી સભાનતા -
ક્યારેક તો સતત સમજનો ત્રાસ હોય છે...
વાગ્યા કરે છે ઠેસ છાતીમાં સખત મને,
મારામાં ફરતું કોણ એ બિન્દાસ હોય છે.

•

યાદ કરતાં તુર્ત ભીજાઉં, સમય એ ક્યાં હવે?
ક્યાં હવે તારાં સ્મરણમાં એટલી ભીનાશ છે?

•

હાથ ખિસ્સામાં હું નાખું ને સમસ્યા નીકળે,
ગાળ દેવા તે પછી શબ્દોય પોલા નીકળે.

•

હાથમાંથી કંઈ કશું સરક્યા કરે,
દોસ્ત આ આઘાત પણ કૈં કમ નથી;
તું કહે તો ચાલ હું જીવી લઉં,
જીવવાની આમ તો મોસમ નથી.

•

હું પહોંચી તો શકું તારા સુધી,
પણ ફસાવ્યો છે મને, આ સમજણે.

•

ઈસુ ને ક્રોસ વિનાની સતત ચાલે છે આ લીલા,
પળેપળ હું જ ઠોકું છું મને આ શ્વાસના ખીલા.

•

મિત્ર મારી અવદશા માટે સમયનો દોષ છે,
સાવ ફોગટ છે તમારું આમ આ લજ્જિત થવું.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

સ્પૅનિશ અને અર્વાચીન ગ્રીક ભાષામાં અનુદિત થઈ છે. ડબ્લ્યૂ.એચ. ઑર્ડને એમને પ્રથમ કક્ષાના કવિ તરીકે વર્ણવ્યા છે. રશિયામાંથી નીકળ્યા પછી એ કદી ત્યાં પાછા ફર્યા નહોતા, પરંતુ રશિયન ભાષા પ્રત્યેનું તેમનું આકર્ષણ અને તેમનો આદર ઓછાં થયાં નહોતાં. એ કહેતા, 'આઈ બિલૉંગ ટુ ધ રશિયન લૅંગ્વેજ') 'હું રશિયન ભાષાનો છું).

લોકપ્રિયતાથી એ વેગળા રહ્યા હતા અને પ્રચારવેડામાં પડ્યા નહોતા. એમની કવિતા એમના આંતરિક વ્યક્તિની છાપવાળી અંગત કવિતા છે, જેમાં એક પ્રકારનું ઊંડું વૈચારિક તત્ત્વ સમાયેલું છે. અંગ્રેજ મેટાફિઝિકલ કવિઓ સાથે એમના હૃદયનો તાર જોડાયેલો છે. એક પ્રકારની માનવ યાતના એના વ્યાપક અને દાર્શનિક સ્તરે એમની કવિતામાં ડોકાય છે. પ્રેમ અને મૃત્યુ, યાતના અને અલગતાની ઊર્મિ એમાં તીવ્રપણે વ્યક્ત થયેલી જોવા મળે છે.

૧૯૭૦માં ન્યૂયૉર્કમાંથી ચેહોફ પબ્લિશિંગ કૉર્પોરેશને એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'અ હૉલ્ટ ઈન ધ ડેઝર્ટ' પ્રકટ કરેલો. ૧૯૮૦માં 'એફએસજી' તરફથી એમનો વિખ્યાત કાવ્યસંગ્રહ 'અ પાર્ટ ઑફ સ્પીચ' પ્રકટ થયેલો. એમના કવિતા વિષયક સાહિત્યિક, રાજકીય તેમજ ઐતિહાસિક વિચારો રજૂ કરતા નિબંધોનો સંગ્રહ 'લેસ ધેન વન' ૧૯૮૬માં પ્રકટ થયેલો, જેને 'નેશનલ બુક ક્રિટિક્સ સર્કલ' ઍવૉર્ડ એનાયત થયો હતો. - ધી. પ.

ઉપેન્દ્રનાથ અશ્કનું નિધન

હિન્દીની નવલકથા અને નાટકના ક્ષેત્રે ઉપેન્દ્રનાથ અશ્કનું નામ ટોચના સાહિત્યકારોમાં ગણાય છે. આ વર્ષની ૨૦મી જાન્યુઆરીએ ૮૬ વર્ષની વયે તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી છે.

વાર્તા, નવલકથા, કવિતા, નાટક, નિબંધ, સંસ્મરણો, વિવેચનો તથા સંપાદન અને અનુવાદના ક્ષેત્રે અશ્કનું પ્રદાન



નોંધપાત્ર રહ્યું છે. લેખક તરીકેની શરૂઆત તેમણે ઉર્દૂથી કરી હતી અને મુંશી પ્રેમચંદજીની જેમ તેઓ હિન્દી ભાષામાં લખતા થયા હતા. અશ્કજીની શરૂઆતની વાર્તાઓ પણ પ્રેમચન્દીય શૈલીએ આદર્શોન્મુખી યથાર્થવાદી પ્રકારની રહેલી.

અશ્કજીને સૌથી વધારે સફળતા મળી નવલકથા 'ગિરતી દીવારેં' (૧૯૪૭) અને નાટક 'અંજોદીદી' (૧૯૫૩-૫૪)ના કારણે જ. નાટકોમાં 'જય-પરાજય' (૧૯૩૭), 'સ્વર્ગ કી ઝલક' ('૩૮), 'છઠા બેટા' ('૪૦), 'કૈદ' '('૪૩-'૪૫) 'પૈંતરે' ('૫૨), 'અલગ-અલગ રાસ્તે' ('૪૪-'૫૩), 'આદર્શ ઔર યથાર્થ' ('૫૪) એકાંકીઓમાં 'પાપી', 'વેશ્યા', 'લક્ષ્મી કા સ્વાગત', 'અધિકારી રક્ષક' (૩૮), ૧૯૩૯માં 'જોંક,' 'વિવાહ કે દિન', 'પહેલી', ૧૯૪૦માં દેવતાઓં કી છાયા મેં', ૧૯૪૧માં 'ખિડકી', 'સૂખી ડાલી', 'ચમત્કાર નયા પુરાના' : '૧૯૪૨માં 'કામદા', 'મેમૂના', 'ચિલમન', 'ચરવાહે', 'ચુમ્બક', ૧૯૪૩માં 'તૌલિયે', 'ભંવર', 'આદિમાર્ગ, અને તે પછી ક્રમશઃ 'પક્કા ગાના' ('૪૪), 'તૂફાનસે પહલે' ('૪૬), 'કઈસા સાબ કઈસી આયા' ('૪૬), 'અધી ગલી કે આઠ એકાંકી' ('૪૯), 'પર્દા ઉઠાઓ, પર્દા ગિરાઓ' ('૫૦), 'બતસિયાં' ('૫૦) જેવાં અનેક એકાંકીઓ પણ તેમણે હિન્દી સાહિત્યજગતને આપ્યાં.

નવલકથાઓમાં 'ગિરતી દીવારેં સિવાય 'સિતારોં કે ખેલ' ('૩૭), 'ગર્મ રાખ' ('૫૨), 'બડી બડી આંખે' ('૫૪), તથા 'પત્થર અલપત્થર' ('૫૭) પણ અશ્કજીની સર્જન મનોભૂમિનો સુન્દર પરિચય કરાવે છે. 'ગિરતી દીવોરે'નું સ્થાન તો હિન્દીની મનોવૈજ્ઞાનિક નવલકથાઓમાં મોખરે રહ્યું છે.

ઉપરાંત 'અંકુર', 'નાસૂર', 'ચટ્ટાન', 'પિંજરા', 'બૈંગન કા પૌધા', 'કાલે સાહબ', 'બચ્ચે', 'ઉબાલ', અને 'કેપ્ટન રશીદ' વગેરે વાર્તાઓ અશ્કજીની વિખ્યાત વાર્તાઓ ગણાય છે, જે લગભગ ૧૯૩૨ થી '૩૬ના ગાળામાં રચાયેલી છે. આ વાર્તાકારે બધી મળીને ૨૦૦ની આસપાસ વાર્તાઓ લખી છે, તેમાંની કેટલીક વાર્તાઓ 'પિંજરા', 'ઈંટિ' તથા 'પ્રાતઃપ્રદીપ' નામક સંગ્રહોમાં સંકલિત કરવામાં આવી છે.

અનુવાદના ક્ષેત્રે અશ્કજીએ ઍન્ટન ચેહોફ સ્ટાઈ બૅક તથા એ દોસ્તો વ્સ્કીની કૃતિઓનો અનુવાદ હિન્દીમાં કર્યો છે.

૧૪ મી ડિસેમ્બર ૧૯૧૦ના દિને પંજાબના જલંધારમાં એક મધ્યમ વર્ગના બ્રાહ્મણ પરિવારમાં પંડિત માધોરામને ત્યાં ઉપેન્દ્રનાથનો જન્મ થયેલો. 'અશ્ક' તો તેમનું ઉપનામ છે. જલંધરમાં જ બી.એ. અને લૉની પદવી મેળવ્યા પછી શરૂઆતમાં તેઓ શાળામાં શિક્ષક થયા, તે પછી 'ભૂચાલ' અને 'ગુરુ ઘંટાલ' પત્રોનું સંપાદન કર્યું. 'ગુરુ ઘંટાલ'માં અઠવાડિયે એક વાર્તા તેઓ રૂપિયા એકના પુરસ્કાર સાથે લખતા. એ જ ગાળામાં ઉર્દૂમાં બે વાર્તાસંગ્રહો 'નવ રત્ન' તથા 'ઔરત કી ફિતરત'ને નામે પ્રકાશિત થયેલા. ૧૯૪૧થી '૪૫ના ગાળામાં તેમણે આકાશવાણી તથા ફિલ્મક્ષેત્રમાં પણ પોતાની સેવાઓ આપેલી. તે પછી ૧૯૪૮માં તેમણે 'નિલાભ' પ્રકાશનની સ્થાપના કરી અને ત્યારથી જીવનાંત સુધી તેઓ સ્વતંત્ર લેખનના વ્યવસાયમાં જ સક્રિય રહેલા. વાર્ધક્ય અને માંદગીના કારણે અલ્હાબાદમાં જ તેઓ ૮૬ વર્ષની વયે ૨૦મી જાન્યુઆરીએ અવસાન પામ્યા.- ડૉ. રજનીકાન્ત જોશી



આભ સમ ગંભીર છે મારું વદન,
એ હવે મલકાય એવી વાત કર.
આંખનાં ખાલી સરોવર આપણાં,
સ્નેહજળ છલકાય એવી વાત કર.

('આંખોના આકાશમાં')   લલિત રાણા 'આતશ'

યશવન્ત શુક્લને રણજિતરામ ચન્દ્રક

યશવંતભાઈને કોઈ પૂછે કે તમારું જીવનધ્યેય શું? તો જરાય ખચકાટ વગર એ કહેશે કે શિક્ષક બનવાનું.

અને એ શિક્ષક જ બન્યા. શિક્ષણના ક્ષેત્રને તેમણે જીવન સમર્પી દીધું છે એમ અતિશયોક્તિ વિના પણ કહી શકાય. શિક્ષણની સાથોસાથ તેમની સાહિત્યસાધના પણ ચાલતી રહી અને એમાંથી યશસ્વી વિવેચક તરીકે એ પ્રકાશી ઊઠ્યા.

૧૯૧૫ની ૮મી એપ્રિલે ઉમરેઠમાં એમનો જન્મ - માતા પરસનબહેન અને પિતા પ્રાણશંકર શુક્લ. ૧૧ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવ્યા પછી મોટા ભાઈ તરીકે, માતાની સાથે કુટુંબના જીવનનિર્વાહની જવાબદારી તેમના પર આવી પડી. સ્વમાનભેર તેમણે ગરીબી જોગવી-જીરવી. તેમણે વધુ અભ્યાસ માટે ઉમરેઠ છોડ્યું અને અમદાવાદમાંથી મેટ્રિકની પરીક્ષા પસાર કરી; અર્થશાસ્ત્ર અને ઇતિહાસ વિષય લઈને ૧૯૩૬માં બી.એ.ની ડિગ્રી મેળવી. એ પછી પ્રાધ્યાપક-વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રોત્સાહનથી તેમણે ગુજરાતી-અંગ્રેજી વિષયો સાથે સુરત સેવ્યું અને ત્યાંથી એમ.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. ૧૯૩૭માં એમનું લગ્ન લીલાબહેન ખંભોળજા સાથે થયું. તેમાં પણ એમના ગુરુ વિષ્ણુપ્રસાદ નિમિત્ત બન્યા.

કૌટુંબિક જવાબદારીનો પ્રશ્ન તો હતો જ. એટલે ૧૯૩૮માં એમ.એ. થઈને તરત




અમદાવાદમાં આવીને 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં જોડાયા. એમાં 'સંસારના રંગ' અને 'ગ્રંથાવલોકન'ની કૉલમ તેમને ફળી.

એ પૂર્વે પણ તેમની કલમ મ્યાન નહોતી. એમણે ટૂંકી વાર્તાઓ લખી હતી. અરે, કવિપણું ય અજમાવી જોયું હતું. એ કવિ થયા હોત તો? ના,-એમને માટે તો શિક્ષણ અને વિવેચન નિર્માણ થઈ ચૂક્યાં હતાં. એ જ એમના જીવનની સાચી દિશા હતી.

એમની વિવેચકીય કલમનો પહેલો પરચો એમનો પ્રથમ લેખ ૧૯૩૭માં 'બુદ્ધિપ્રકાશ'ના એ સમયના તંત્રી શ્રી હીરાલાલ ત્રિ. પારેખે પ્રકાશિત કર્યો ત્યારે જ ગુજરાતના સાહિત્યજગતને થઈ ચૂક્યો હતો. એ લેખ તે 'ગુજરાત નવસો વર્ષ પહેલાં.' એમાં ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા 'કર્મયોગી રાજેશ્વર'ની સમર્થ આલોચના હતી.

'પ્રજાબંધુ'માં હતા ત્યાં તેમની ગુજરાત કૉલેજમાં ખંડસમયના અધ્યાપક તરીકે પસંદગી થઈ. ત્યાંથી એમની બદલી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં, ત્યાંથી ભારતીય વિદ્યાભવનમાં પણ પ્રોફેસરની જવાબદારી સંભાળી. સાથે ગુજરાતી સાહિત્ય પરિષદની પત્રિકાનું તંત્રીપદ પણ સંભાળ્યું. આવી ફેરબદલીઓ પછી છેવટે તે ગુજરાત વિદ્યાસભામાં સ્થિર થયા - ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે. ત્યાં એમણે પત્રકારત્વના વર્ગો પણ ચલાવ્યા.

શ્વાનસૃષ્ટિ



સલુકિ

ગ્રેહાઉન્ડ શ્વાનની સદીઓ જૂની જાતિમાંની એક ગણાય છે, અને તેનાં ચિત્રો ગ્રીક, ઇજિપ્ત અને ચીનમાં હજારો વર્ષ જૂનાં મળી આવ્યાં છે.

સલુકિ પણ ગ્રેહાઉન્ડની જ એક જાત છે. તેના કાન લાંબા અને શરીર પર થોડા લાંબા વાળ હોય છે. આ ઉમદા ગ્રેહાઉન્ડ અરબસ્તાનમાં આરબો પોતાના શોખ માટે પાળે છે. તે ચપળ હોય છે, પરંતુ તેમની ઘ્રાણેન્દ્રિય કરતાં આંખો જ વધુ શક્તિશાળી હોય છે જેના દ્વારા તે પોતાની શોધ ચલાવે છે. □

પ્રવૃત્તિ અને પ્રવાસ એમની નોળવેલ છે.

૧૯૫૨માં એમણે ચીનનો પ્રવાસ ખેડ્યો. ૧૯૬૫માં અમેરિકા, ૧૯૯૦માં યુરોપ, ૧૯૯૧માં ઇંગ્લન્ડ, અને લગભગ સમગ્ર ભારતની યાત્રા તો ખરી જ.

૧૯૫૫માં ગુજરાતી બોધભાષામાં શિક્ષણ આપનારી કૉલેજ - શ્રી રામાનંદ મહાવિદ્યાલય (હાલની હ.કા. આર્ટ્સ કૉલેજ) ગુજરાત વિદ્યાસભા તરફથી સ્થપાઈ તેમાં તે આચાર્યપદે નિમાયા. શિક્ષણકાર તરીકેની એમની દીર્ઘદૃષ્ટિએ કૉલેજને ગુજરાતના નકશા પર મૂકી આપી. એમણે યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તરીકે, બીજી સમિતિઓમાં તેમ જ ગુજરાતમાં અને ગુજરાત બહાર અનેક શિક્ષણસંસ્થાઓમાં પ્રમુખ, મંત્રી એમ વિવિધ હોદ્દા શોભાવ્યા.

તેમના સાહિત્ય વિવેચનના લેખો તો જુદાં જુદાં સામયિકોમાં પ્રગટ થયા જ કરતા હતા. એ ગ્રંથસ્થ થયા હોત તો? એમના લેખનપ્રમાદે અને એમની ઉદાસીનતાએ ગુજરાતી વિવેચન સાહિત્યને એમની કલમસમૃદ્ધિથી થોડુંક વંચિત રાખ્યું. અલબત્ત, એમણે સમ ખાવા પૂરતા બે વિવેચનસંગ્રહો 'ઉપલબ્ધિ' અને 'શબ્દાન્તરે' પ્રગટ કર્યા છે. 'કેન્દ્ર અને પરિઘ' પણ એમની કલમમાંથી પ્રગટેલા સમર્થ લેખોનો સંગ્રહ છે. છેક આ વર્ષે એમના ત્રણ સંગ્રહો પ્રકટ થાય છે - એથી ગુજરાત જરૂર ન્યાલ થશે.

યશવંત શુક્લની સિદ્ધિઓ કેટલી ગણાવવી? એમાં એમની સમૃદ્ધ પ્રતિભાને પૂરતો ન્યાય મળી શકશે? એમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિનો હોદ્દો સંભાળ્યો, ગુજરાતી સાહિત્ય પરિષદમાં પત્રકાર વિભાગના પ્રમુખ તરીકે પસંદ થયા, એ જ પરિષદના સુરત ખાતેના અધિવેશનમાં પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાયા, ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત બની ત્યારથી તેમાં ઉપપ્રમુખ તરીકે જવાબદારી સ્વીકારી. ગુજરાત સાહિત્ય સભાના ઉપપ્રમુખ તો એ છે જ અને ગુજરાત વિદ્યાસભાના સંયોજક પણ છે. 'રાજવી' અને 'સત્તા'ના એ અનુવાદક, ગુજરાતી ટૂંકી વાર્તાના, ગુજરાતી કાવ્યોના સંપાદક, 'સંદેશ'માં કટારલેખક. શી શી સંભારવી, પ્રશંસવી એમની પ્રવૃત્તિઓ, એનો વ્યાપ તો અપાર છે. તેમણે પોતાની મૂલ્યનિષ્ઠ શૈક્ષણિક, સાહિત્યિક, વાર્તાલાપની અનોખી કુશળતાથી અને વિશાળ દૃષ્ટિથી તેમ જ પ્રેમ અને સદ્‌ભાવની મૂડીથી ગુજરાતના જનહૃદયમાં દૃઢ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

એમનું દામ્પત્ય પ્રસન્ન-મધુર હતું. તાજેતરમાં જ શ્રીમતી લીલાબહેનના અવસાનનો કારમો ઘા તે અપાર ધૃતિથી જીરવતા રહ્યા છે. એમનાં કરુણમધુર જીવનનાં જળ એકસરખી ગતિથી વહેતાં જાય છે.

એમની વિવેચનક્ષેત્રમાં વિશિષ્ટ સેવાઓ માટે અત્રેની ગુજરાત સાહિત્ય સભા એમને રણજિતરામ સુવર્ણ ચંદ્રક એનાયત કરી રહી છે. એમની બહુમુખી પ્રતિભાને આ શુભ અવસરે અભિનંદીએ.

- મધુસૂદન પારેખ

રૂડોલ્ફ ડીઝલ

ભારે ખનિજ તેલથી ચાલતા એન્જિનને આપણે આજે ડિઝલ એન્જિન તરીકે જાણીએ છીએ. એ ડીઝલ નામ અસલ તો જેના પરથી આવ્યું તે રૂડોલ્ફ ડીઝલ (૧૮૫૮-૧૯૧૩) નામનો એક જર્મન એન્જિનીઅર હતો.

ઈસ્વી સનના ૧૯મી સદીના આરંભના ૯૦ના દસકામાં જર્મન એન્જિનીઅરે મિ. હેનરિક ફોન બઝ, ડિરેક્ટ ઑફ મશીનનફેબરિક, ઑક્સબર્ગને એક પત્ર મળ્યો, જેમાં નવા પ્રકારના એક એન્જિનના પ્રયોગો કરી જોવા માગણી કરવામાં આવી હતી. ત્યારે તો કોઈને સ્વપ્ને ખ્યાલ નહોતો કે આ નવી શોધથી ક્રાંતિ સર્જાઈને આપણા આ નવા જમાનાનો ટેક્‌નિકલ વિકાસ સર્જાશે.

ઈ. ૧૮૯૩માં કામ શરૂ થયું. પ્રથમ ટ્રાયલ તો નિષ્ફળ નીવડી, પણ બધું પાર પડી નવા શોધાએલા એ કમ્બશન એન્જિને ક્રાંતિ સર્જી દીધી. ૧૮૯૭માં એક નવો જ અવાજ ગૂંજી ઊઠ્યો - વરાળયંત્રનો નહિ, પણ નવા શોધાએલા એન્જિનનો હતો એ. એ નવા એન્જિનનું ફલાય વ્હીલ મિનિટના ૧૭૨ ચક્કર ફરતું હતું. એનો સિંગલ પિસ્ટન ૨૦ હો.પા. પેદા કરતો હતો અને એના બળતણ તરીકે ૨૪૦ ગ્રા/હોર્સપાવર પેરાફિન ખાતું હતું. આ તદ્દન પ્રથમ ડીઝલ એન્જિન હતું.



જગતનું વિશાળતમ પ્રવાસી જહાજ 'ઇલિઝાબેથ-૨'. એ પણ ડીઝલ એન્જિનની શક્તિથી ચાલે છે.

રૂડોલ્ફ ડીઝલ



પછી તો પ્રયોગાવસ્થામાંથી વ્યાવહારિક ઉપયોગમાં આવતાં તેને વાર ન લાગી. ૧૮૯૭માં ટ્વિન-સિલિન્ડર ડીઝલ એન્જિન્સ બનવા લાગ્યાં. એક એન્જિન દિવાસળીના કારખાનામાં કેમ્પટન ખાતે અને એક ઓગ્સબર્ગ ખાતે પેપર કાર્ટ્રિજ ફેક્ટરીમાં. બંને એન્જિનોએ ૩૦ થી વધુ વર્ષ કામ આપ્યું. આ તેની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતાનાં સાક્ષી છે. એને ૧૯૦૦માં પેરિસમાં યોજાએલા વિશ્વપ્રદર્શનમાં 'ગ્રાંડપ્રિક્સ' ઍવોર્ડથી નવાજવામાં આવ્યાં.

છ વર્ષ પછી રશિયામાં કીવ મુકામે સિટી ટ્રામ સર્વિસ માટે ૨૪૦૦ હોર્સપાવર સર્જી શકે તેવા છ ડીઝલ એન્જિન નાખવામાં આવ્યાં. બીજા છ વર્ષ બાદ એક જહાજમાં બેસાડવામાં આવ્યું. અને પછી તો દરિયાઈ કામ માટે ૧૨૦૦૦ ડીઝલ પાવર પ્લાન્ટ્સ અને ૧૩૪,૩૦૦,૦૦૦ કિલોવોટ્સ સર્જી શકે એવાં યંત્રો કામમાં લગાડાયાં. આજે દરિયાઈ સફર ખેડતાં જહાજોમાં લગભગ મોટે ભાગે ડીઝલ એન્જિનો વપરાય છે. ઉપરાંત અનેક નાનાં મોટાં કારખાનાંઓમાં પણ એ વપરાય છે.

આઈસક્રીમનો ઈતિહાસ

ગ્રીષ્મ ઋતુ ચાલુ થાય એટલે આઈસક્રીમના ઉપર સારો એવો ઝપાટો પડવા લાગી જાય છે, પરંતુ એ લહેજતદાર આઈસક્રીમ ક્યારથી પ્રચારમાં આવ્યો તે તમે જાણો છો ? નવસોથી વધારે વર્ષો પહેલાં ઇટાલીમાં એ ધનિકોના ઊંચા પ્રકારના ખાણા તરીકે ગણાતો. જુલ્મી કેથેરાઈન ડી. મેડિસીના રસોઈઆઓને સોળમા સૈકામાં ફ્રાન્સમાં આઈસક્રીમ બનાવવાનાં સાધનોની એક ટીપ્પણની રીતે રસોઈગૃહમાં દાખલ કરીને તેની ઉત્તમ ભોજન તરીકે શોધ કરવાનું માન મેળવી શક્યાં હતા એમ જણાવવામાં આવે છે. ઈ. ૧૬૩૦માં પૃશિયાના ખાવાના શોખીનો કાફે પ્રોકોપમાં એક સાહસિક સિસિલીઅન પ્રોકોપીઓ કેલ્ટેમીએ આઈસક્રીમનું પ્રથમ વેચાણ કર્યું હતું. ફ્રાન્સમાંથી આઈસક્રીમ પગ કરીને બ્રિટનમાં પહોંચ્યો. એ બ્રિટનમાં પહોંચ્યો ત્યારે લેડી મેરી વર્ટલીએ ઈ. ૧૭૧૬માં લખેલા એક પત્રમાં પ્રથમ વાર આઈસક્રીમ બનાવવાની ટીપ લખી જણાવી હતી. પચાસ વર્ષ પછી એલિઝાબેથ રેફલે 'એક્સપીરીયન્સ હાઉસકીપર' નામે પાકશાસ્ત્રનું એક પુસ્તક પ્રકટ કર્યું, તેમાં તેણે 'એપ્રિકોટ આઈસ' બનાવવાની તમામ સૂચનાઓ આપી હતી, જે આઈસક્રીમને લગતી હતી. અમેરિકામાં આઈસક્રીમનો પ્રથમ વિક્રેતા હોલ હતો ને તેણે એ વેચવાની દુકાન ન્યૂ યોર્કમાં રાખી હતી.

પરંતુ ઈ. ૧૭૮૬ સુધી આઈસક્રીમ પગભર થયો નહોતો. ઈ. ૧૭૮૬માં બોસ્ટન પાસે વેનહેમ સરોવર ઉપર બરફ કાપવામાં આવ્યો હતો. આઈસક્રીમ બનાવવા માટે તે ન્યૂયોર્ક મોકલવામાં આવ્યો હતો. તે વર્ષના 'પોસ્ટબોય' પત્રમાં તેની ખૂબ જાહેરાત થઈ હતી. વર્ષો પછી બોસ્ટનના એક સાહસિક વેપારીએ વહાણ ભરીને બરફ લંડન મોકલ્યો હતો. ત્યાર પછી બ્રિટનમાં આઈસક્રીમ અને બરફનાં પીણાંની માંગ વધી પડી હતી. પણ નોર્વેજિયન હરીફાઈને કારણે એટલાંટિક પારથી આવતા બરફને બજારમાંથી ધીમેધીમે ઘટાડી દીધો.

પણ ઈ. ૧૮૫૦ સુધી તો આઈસક્રીમ હજી યે પૈસાદારોની વાનગી તરીકે ગણાતો અને થેકરેએ એના 'વેનિટી ફેર'માં બેકી શાર્પ દ્વારા એને મોજશોખની ચીજ જ ગણાવી છે.

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૧૩૭થી

દરમ્યાન જે કંઈ ભારતીય સંશોધન રજૂ થાય તે સઘળું અંગ્રેજી માધ્યમની શાળાઓને લગતું હોય તે અંગ્રેજી પરસ્તી મને ખૂંચતી રહી હતી અને પશ્ચિમમાંથી આવતા શિક્ષણકારોને પણ આ ખૂંચે છે. આમ તો સભ્યતા જાળવવા યજમાન દેશની કે યજમાન શિક્ષણકારોની સીધી ટીકા કોઈ કરે નહીં, પણ મેં જ્યારે ગુજરાતના ગણિત- શિક્ષણ વિશે થોડી વાત કરી અને કહ્યું કે હું તમને કોઈ પેપર્સ આપતો નથી ફક્ત મોઢેથી જ વાત કરું છું. કારણ કે અમારું સઘળું કામ ગુજરાતીમાં થાય છે ત્યાં સુધી કે પાઠ્યપુસ્તક, અભ્યાસક્રમ વગેરે માટે સઘળું ચિંતન પણ ગુજરાતીમાં જ થાય છે, ત્યારે કેટલાકે પાછળથી વ્યક્તિગત રીતે પોતાની વાત વ્યક્ત કરી અને અંગ્રેજી પરસ્તીની ટીકા કરી. પેલો અલ્લાદીના તો જરા આખાબોલો છે. તેણે તો ભરસભામાં આડકતરી ટીકા પણ કરી અને આપણી ભાષા અને હજારો વર્ષની સંસ્કૃતિના સંબંધ ઉપર જોર દઈ માતૃભાષા અને બીજી ભાષા વચ્ચેનો મુખ્ય શૈક્ષણિક ભેદ સમજાવ્યો. ઈંગ્લંડથી આવેલા એક બ્રાયન વિલ્સને તો ઈંગ્લંડનો જ દાખલો આપ્યો. ૧૬મી સદી સુધી ઈંગ્લંડમાં સઘળું શિક્ષણ લેટિનમાં થતું. ૧૬મી સદીના અંત ભાગમાં કોઈકે સૂચવ્યું કે શાળાનાં પુસ્તકો લેટિનને બદલે અંગ્રેજીમાં લખાવાં જોઈએ. ત્યાં તો શિક્ષિત સમાજમાં હો હો થઈ ગઈ. અંગ્રેજી ભાષા તો એટલી વિકસિત નથી, લેટિન વગર શિષ્ટ વિષયો કેવી રીતે શીખવાય? અને આ વાત કહીને વિલ્સને ઉમેર્યું : 'The argument sounds familiar, isn't it?' (ભારતમાં આવી દલીલ થાય છે.' ભારતીય ભાષાઓ આવી વિકસિત નથી. અંગ્રેજી વગર શિષ્ટ વિષયો કેવી રીતે શીખવાય?'). આમ, ઈંગ્લંડના ઈતિહાસનો દાખલો તેમણે ભારતના શિક્ષિતોની અંગ્રેજી પરસ્તી ઉપર કટાક્ષ કરવા માટે જ વિસ્તારથી આપ્યો!!!

અલ્લાદીના અને વિલ્સન તો મારા મિત્ર થઈ ગયા છે. વિલ્સનના બે લેખ (ભાષા અને ગણિત વિશે) 'સુગણિતમ્' માટે મેં લીધા છે. અલ્લાદીના સુગણિતમ્‌નો એક અંક સાથે લઈ ગયો છે. તમે બધા જે રીતે સરનામું કરો છો તે વિષે પણ વાતવાતમાં વાત થઈ હતી એટલે તેણે કહ્યું કે સરનામું બધું જ ગુજરાતીમાં કરીશ અને 380007, India એટલું જ અંગ્રેજીમાં લખીને તમને પત્ર લખીશ. □

અનુસંધાન] નિમ્ફિયા સ્ટીલાટા [પૃ. ૧૨૯થી

નિમ્ફીન નામનો આલ્કલોઈડ હોય છે. આ ઝેરી પદાર્થ ધનુર્વા જેવાં ચિહ્નો ઉત્પન્ન કરે છે. આ પદાર્થ બીજ સિવાય પર્ણ અને પુષ્પમાં પણ હોય છે. મોટા પ્રમાણમાં નિમ્ફિન પૅરેલિસીસ પ્રેરે છે. પર્ણમાં એક બીજો આલ્કલૉઈડ હોય છે જેને માયરી સ્ટ્રીન કહે છે. વનસ્પતિમાં વિટામિન 'સી' અને ટેનીન પણ સારા પ્રમાણમાં હોય છે.

નિમ્ફિયા નોચાલી અથવા નિમ્ફિયા પ્યુબેસન્સ અથવા નિમ્ફિયા વૉટર અથવા નિમ્ફિયા રુબરા વનસ્પતિને ઇન્ડિયન રેડ વૉટર લિલિ પણ કહે છે. મરાઠીમાં લાલ કમળ અને ગુજરાતીમાં નિલોફૂલ અને હિન્દીમાં કનવલ કે કોકા કહેવાય છે.

પુષ્પો લાલ રંગનાં હોય છે. ક્વચિત સફેદ હોય છે. બદરી પ્રકારનો ફળનો વ્યાસ આશરે ૩ સેન્ટિમીટર જેટલો હોય છે.

નીમ્ફિયા ટેટ્રાગોના અથવા નિમ્ફિયા પિગમીગા અથવા પિગ્મી વૉટર લિલિ. આ વનસ્પતિ હિમાલયમાં આવેલાં તળાવોમાં ઊગે છે. પર્ણની ઉપલી સપાટી લિલિ અને નીચલી સપાટી ઝાંખી લાલ રંગની હોય છે. પુષ્પો સફેદ રંગનાં અને વ્યાસ ૩-૭ સેન્ટિમીટર હોય છે.

તા.ક. સારાભાઈ ફાઉન્ડેશન, શાહીબાગ, અમદાવાદ ૪ના ઉદ્યાનમાં નીમ્ફિયા સ્ટીલાટા, નીમ્ફિયા એરુલિયા, નીમ્ફિયા પિગમીયા જાત જોવા મળે છે.

અનુસંધાન] ફિલ્મનું અનુભાવન [પૃ. ૧૨૬થી

અને ગોઠવણી કરવી. આ વાતને હજી વધુ અનુભવ-સમૃદ્ધ કરવા સારાં ચિત્રો અને તસ્વીરોને તમારે નિહાળવાં જોઈએ અને એ કેટકેટલી રીતે કેટલા ઍંગલ, ઊંચાઈ કે દૂરથી એ ફ્રેમ કરી શકાય તે જોતાં રહેવું જોઈએ.

ચલિતચિત્રની આ કલામાં સેકન્ડની ચોવીસે ચોવીસ ફ્રેમ અલગ કરો તો તે પણ આંખ અને મનને સંતર્પક લાગે એ રીતે કલાત્મક બનાવવાનો દરેક દિગ્દર્શક અને કૅમેરામૅનનો હંમેશાં પ્રયત્ન હોય છે. આપણે માન-આંખથી જે સમગ્ર વાસ્તવિકતા અનુભવીએ છીએ એને આવશ્યકતા મુજબ મનથી ફોકસ કરીએ છીએ, એ પણ એક રીતે ફ્રેમ કરવા જેવું છે. અલબત્ત, દષ્ટિપ્રદેશમાં સ્પષ્ટ રેખાઓ થઈ શકતી ન હોવાથી મન જેમાં કેન્દ્રિત થયું ન હોય તે આપમેળે ડીફોકસ થઈ જાય; પરંતુ મન જ્યાં કેન્દ્રિત થયું એ 'ફ્રેમ' થાય છે. જીવનના અનેક વ્યવહારો અને વ્યક્તિઓ કે એમની સાથેની લાગણીઓના આદાન-પ્રદાનમાં પણ આપણે સ્થળકાળ મુજબ એ જ રીતે ફ્રેમની અંદર અને ફ્રેમની બહાર કેટકેટલું રાખતાં હોઈએ છીએ!

અનુસંધાન] સ્થિર નદી, સરતાં નીર [પૃ. ૧૩૪થી

એના પર ચીની ખેડૂત, કારીગર અને વિશ્વની પ્રજા નિરૂપતાં અત્યંત વિશાળકાયી શિલ્પ હતાં અને એ જ પ્રમાણે અત્યંત મોટા પથ્થરના રાષ્ટ્રધ્વજ બનાવેલા હતા. અલબત્ત, દરેક ઘેરા લાલ રંગે રંગેલા હતા. પુલની જે શ્રમ-સિદ્ધ, પ્રશસ્ય વિરચના હતી તે જાણે આ બિભત્સ, બાહ્ય પ્રતિપાદનો સામે થોડી નિષ્ફળ, થોડી હતપ્રભ થતી હતી.

પુલની એક તરફ શહેર, ને એની ભૂખરી હયાતી. નીચે યાંગ્ત્સેનું ભૂરું-ભૂખરું પાણી. પણ પેલી તરફ હતો કામ્ય ક્ષેત્ર-પ્રદેશ. બરાબર મપાયેલાં ચોકઠાંમાં વહેંચાયેલાં ખેતરો નવા ઘઉંના વાવેતરથી ભીની ભીની તાજગી પામ્યાં હતાં. એકદમ પોપટિયો હતો એ રંગ. એની સામે જોવામાં પણ થોડી ઘડીઓ પસાર કરી શકાઈ હોત તો ?

અનુસંધાન] કબ્રસ્તાનનો ભેદ [પૃ. ૧૪૭થી

૧૯૨૦.'

'શાબાશ! ધન્ય છે તારી ડિટેક્ટિવગીરીને. સિધુકાકા સાચે જ ખૂબ ખુશ થયા; 'હવે તારે જાણવાનું બાકી છે, હાલમાં એમનું કોઈ જીવતું છે કે નહિ, અને કલકત્તામાં છે કે નહિ! ટેલિફોન ડિરેક્ટરીમાં ગોડવીન નામ મળ્યું?'

માત્ર એક જ ફોન કરી જોયો. એ પરિવાર જોડે એમને કંઈ લેવા-દેવા નથી.

'તપાસ કરી જો. વખતે હોયે ખરું, જો કે એનો પત્તો શી રીતે લાગશે એ નથી ખબર. મળે તો, બીજું તો ઠીક પણ - ગ્રેવ ડિગિંગ - જો કે એ વાત મારા માન્યામાં નથી આવતી. કંઈ નહિ તોય ટૉમસ ગોડવીન જેવા એક કલરફુલ ચરિત્ર વિષે હજુ વધુ તથ્ય તો મળશે. ગુડ લક.'

(ક્રમશઃ)

મળે એટલું માણ, રે મન, મળે એટલું માણ;
આતમના ઓળખનારાને દુઃખમાં સુખની લ્હાણ.

—ગીતા પરીખ

જંગે જમલમાં એક વાર હઝરત અલીનો ગુલામ કમ્બર ઠંડું પાણી લઈને આવ્યો અને સતત સંગ્રામરત માલિકને તરસ છિપાવવા આપ્યું. હઝરત અલીએ જણાવ્યું, 'જ્યારે મારી ચોપાસ જખ્મી સિપાહીઓ તરસથી તડપી રહ્યા હોય ત્યારે હું મારી પ્યાસ શી રીતે બુઝાવું ? કમ્બર, તું થોડા ઈન્સાનોને સાથે લઈ જા અને આ જખ્મીઓને ઠંડું પાણી પા.' કમ્બર કહે, 'માલિક, તે સઘળા તો આપણા દુશ્મનો છે.' હઝરત અલી કહે, 'તે હશે; પરંતુ તેઓ ઈન્સાન તો છે ને ? માટે જા તેઓની સેવામાં લાગી જા.'

•

એક ગોકળ-ગાયને એક કિલોમીટર અંતર કાપતાં દસ દિવસ લાગે છે !

•

'ગુજરાત સમાચાર'માંથી સાભાર



ડૉક્ટર ! આજ સાંજે હોળી પ્રગટે નહિ ત્યાં સુધી મેં એમને ભૂખ્યા રહેવાનું કહ્યું એમાં તો બપોર થતાં જ એમને એટલી બધી નબળાઈ વર્તાવા માંડી કે એમને શક્તિના ઈંજેક્શન આપવા- તમને ઘરે બોલાવવા પડ્યા...જોવું!

સંધિવાના દર્દી માટે કારેલાંના શાકનું સેવન લાભદાયક છે. એકલું કારેલાંનું શાક પાણીમાં બાફીને સાત-આઠ દિવસ ખાવાથી સંધિવામાં રાહત અનુભવાશે.

•



અહીં દેખાય છે તે દશેરી કેરીનો આંબો લખનૌની બહાર આવેલો છે અને તે આજની બધી જ દશેરી કેરીનું માતૃવૃક્ષ ગણાય છે. તેમાંથી બધી દશેરી કેરીઓ ઊતરી આવી છે અને તે ૧૫૫ વર્ષથી પણ જૂનું વૃક્ષ ગણાય છે!

કોઈ વાસણમાં મેલ જામી ગયો હોય તો તેમાં પાણી ભરી અંદર થોડો સરકો નાખી ઉકાળવાથી મેલ દૂર થશે. એલ્યુમિનિયમનાં વાસણો કાળાં કે કથ્થાઈ રંગનાં થઈ ગયાં હોય તો પણ આ ઉપાય કારગત નીવડશે.

•

જાણો છો પહેલી એક દિવસીય આંતરરાષ્ટ્રિય ક્રિકેટ મૅચ મેલબોર્ન ખાતે ઈ.સ. ૧૯૭૧માં ઑસ્ટ્રેલિયા અને ઈંગ્લૅન્ડ વચ્ચે રમાઈ હતી ?

•

એક કિશોરે તેના પિતાને પૂછ્યું, 'બાપુજી, ગાય-ભેંસ તો આપણને દૂધ આપે છે; પણ વાઘ-સિંહ અને સાપનો શું ફાયદો ?'

•

બ્રાઝીલના બજારમાં અજગર પણ વેચાતા અને ત્યાંના ખેડૂતો પોતાનાં ખેતર તથા કોઠારમાં થતાં ઊંદરનાં ધાડાં સામે રક્ષણ મેળવવા તે ખરીદતા હતા.

•

વિશ્વમાં ૩૧મું ઊંચામાં ઊંચું શિખર સિક્કિમ હિમાલયમાં છે, જે 'ઝેમુ ગૅપ' નામથી ઓળખાય છે અને તેની ૨૫,૫૨૬ ફૂટની ઊંચાઈએ હજુ સુધી કોઈ ચડ્યું નથી.

•

જાણો છો કે યુ.એસ.એ.માં 'રોમ' નામનાં આઠ શહેરો છે?

•

એક વાર સમ્રાટ નેપોલિયનનો એક વાળ પૅરિસમાં ૧૭ હજાર ફ્રાન્કમાં લિલામ થયો હતો!

•

રશિયાનો વિખ્યાત લશ્કરી વડો માર્શલ સુવારોવ કૂકડાની બાંગ જેવો અવાજ કાઢીને પોતાના સૈનિકોને જગાડતો હતો.

•

કલાકણિકા: ચા-દાની જેવો ૧૭મી સદીના જાપાનનો એક કલાત્મક કૂંજો

